# એક કદમ આગે... અમારી તાલીમી કૉલેજ

**૧૯૮૦-૮૧માં અમે દૂરંદેશી વાપરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ સ્થાપી તેમાં ડિપ્લોમા કોર્સ શરૂ કરી દીધો. કૉલેજ તો ચાલુ કરી દીધી પણ તેને માટે જરૂરી માનવ સંસાધન અને અન્ય બાબતોની મોટી ખાધ હતી. લક્ષ્ય ઘણું ઊંચું હતું પણ ચઢાણ ઘણાં કપરાં હતાં.**

## મોટો પડકાર

શ્રવણમંદોના શિક્ષણ માટે વૈજ્ઞાનિક અભિગમ અને ભૌતિક સુવિધાવાળું મકાન બનાવ્યા પછી બાળકોને ઉત્તમ શિક્ષણ આપવા માટે કુસુમબહેનને શાળાનું સુકાન સોંપ્યું, ત્યારે સૌથી મોટો પડકાર હતો વર્ષોથી ચાલતી રૂઢિગત શિક્ષણ વ્યવસ્થામાંથી શાળાને બહાર લાવવાનો, આ માટે જરૂરી હતી આધુનિક ટૅકનૉલજિમાં શ્રદ્ધા ધરાવનારા અને શિક્ષણના અદ્યતન પ્રવાહો અને પદ્ધતિઓનું જ્ઞાન ધરાવતા શિક્ષકોની મોટી ફોજની! ૧૯૮૦-૮૧ માં અમે દૂરંદેશી વાપરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ સ્થાપી તેમાં ડિપ્લોમા કોર્સ શરૂ કરી દીધો. કૉલેજ તો ચાલુ કરી દીધી પણ તેને માટે જરૂરી માનવ સંસાધન અને અન્ય બાબતોની મોટી ખાધ હતી. લક્ષ્ય ઘણું ઊંચું હતું પણ ચઢાણ ઘણાં કપરાં હતાં. સૌ પહેલાં તો અભ્યાસક્રમની જ સમસ્યા હતી. ઘણાં મનોમંથન પછી કુસુમબહેને પોતે જ્યાં ભણ્યાં હતાં તે E.A.R. Center નો અભ્યાસક્રમ જ ચલાવવાનું નક્કી કર્યું. અભ્યાસક્રમ નક્કી કર્યો પરંતુ પાંચ પેપર્સ કુસુમબહેન એકલા તો ન જ લઈ શકે. એટલે ભાવનગર યુનિવર્સિટીના શિક્ષણભવન અને બી.એડ. કોલેજમાંથી શ્રી દમુબહેન મોદી, હિંમતભાઈ રૈયા, જયંતીભાઈ ભાલ, ગીતાબહેન વેલાણી જેવા વિદ્વાનોને આમંત્ર્યા. સ્પીચ અને ઑડિયોલૉજી જેવા વિષયો માટે અમદાવાદથી વિઝિટિંગ ફેકલ્ટી તરીકે એમ. ડી. ધોળકિયાને બોલાવ્યા. ઍનૅટૉમી માટે ભાવનગરના જ ઈ.એન.ટી. સર્જન ડૉ. પંકજભાઈ શાહને બોલાવ્યા. આ તાલીમાર્થીઓની પહેલી બેચના ૧૨ વિદ્યાર્થીઓમાંથી ત્રણ તો શાળાના શિક્ષકો જ હતા અને એક હતા છાત્રાલયના ગૃહમાતા. યુનિવર્સિટીમાંથી આવતા પ્રાધ્યાપકો પોતપોતાના ક્ષેત્રના તજજ્ઞો જયારે વિદ્યાર્થીઓમાંથી કેટલાક તો માત્ર બાર ધોરણ પાસ! આ અધૂરપને પૂરી કરવા કુસુમબહેને દેશવિદેશના તજજ્ઞોને આમંત્ર્યા. તેઓના વડપણ તળે સેમિનાર્સ અને વર્કશોપ્સ યોજયા. આવા તજજ્ઞોમાં મુંબઈથી મિસિસ હુડલીકર, ડૉ. રત્નપ્રભા ઘાટે, નિલમ પટેલ, રમેશભાઈ ઓઝા, ડૉ. વર્ષા ગટ્ટુ, બેંગ્લોરથી શ્રીમતી કાવસજી, દિલ્હીથી ડૉ. પ્રેમવિકટર, જામનગરથી નિલમ સારડા, યુ.કે.થી મિ. હેરિસન, ડૉ. ડેલ જેવા મહાનુભાવો ભાવનગરને આંગણે પધાર્યા. આટલું જ નહિ પરંતુ કુસુમબહેન પોતે પણ ઘણી વખત એકલા કે ઘણી વખત મૃદુલાબહેન, ઈલાબહેન, લીલાબહેન જેવા શિક્ષકો સાથે ભારતભરના સેમિનારોમાં ગયાં. એક વખત તો શાળાના નવોદયના હેતુસર મૃદુલાબહેન સાથે દોઢ મહિનો દિલ્હીમાં રહ્યાં.

કૉલેજ ચલાવવા માટે જરૂરી હોય છે અનેક સંદર્ભગ્રંથોવાળી સમૃદ્ધ લાઈબ્રેરી. કૉલેજ શરૂ કરતા પહેલાં જ સંદર્ભ સાહિત્ય વસાવી લીધું હતું. તેમાં સાથી મફતભાઈએ ઘણી જહેમત ઉઠાવી. પોતે વર્ષો સુધી સૅન્ટ્રલ સૉલ્ટ રિસર્ચમાં લાઈબ્રેરિયન રહ્યા હતા. તે અનુભવ અહીં કામ આવ્યો. ડેફ એજયુકેશન ઉપર ગુજરાતી ભાષામાં ખાસ સાહિત્ય ઉપલબ્ધ ન હતું. મફતભાઈએ દેશ વિદેશના પુસ્તક વિક્રેતાઓનો સંપર્ક કરી હજારો પુસ્તકો વસાવ્યા. એટલે બહુમૂલ્ય લાઈબ્રેરીનું સર્જન થઈ શકયું. પરંતુ આ બધા જ પુસ્તકો અંગ્રેજીમાં અને મોટાભાગના તાલીમાર્થીઓ ગુજરાતી. એટલે કુસુમબહેને પોતે જ ધીમેધીમે અંગ્રેજીનું ભાષાંતર કરવાનું શરૂ કર્યું. પાછળથી તેમના શિષ્યો-શિક્ષકો એવા માધવીબહેન, મૃદુલાબહેન, પારૂલબહેનનો સાથ મળ્યો. ૧૯૯૩માં તાલીમી કોલેજને RCI ના D.S.E. (HI) ના કોર્સની માન્યતા મળી અને તે પછી RCI એ બનાવેલો નવ પેપર્સવાળો ૨ વર્ષનો ડિપ્લોમા કોર્સનો અભ્યાસક્રમ શરૂ થયો.

## સંસ્થાને ઍવોર્ડ

થોડા જ સમયમાં ટ્રેનિંગ કૉલેજનું કામ ઊભરી આવ્યું. રીહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (RCI) ન્યુ દિલ્હીએ સંસ્થાને આઉટ સ્ટેન્ડિંગ પર્ફોર્મન્સ માટે રાષ્ટ્રીય એવાર્ડ એનાયત કરીને બહુમાન કર્યું.

## B.Ed ના મંગલાચરણ

"નિશાન ચૂક માફ, નહિનિશાન નીચું" માં માનનારી સંસ્થા માત્ર ડિપ્લોમા કોર્સથી રાજી ન હતી. ૧૯૯૮ માં કુસુમબહેને અને મૃદુલાબહેને B.Ed.(HI) નો ડિગ્રી કોર્સ શરૂ કરવાનો નિશ્ચય કર્યો. B.Ed.(HI) શરૂ કરવું એટલે સ્થાનિક યુનિવર્સિટી સાથે RCI ની માન્યતા મેળવી તેની સાથે સંલગ્ન થવું. એક વર્ષ સુધી સ્થાનિક ભાવનગર યુનિવર્સિટીના શિક્ષણભવનના ડીન ડૉ.ચંદ્રકાંત ભોગાયતા અને યુનિવર્સિટીના નિરંતર શિક્ષણભવનના વડા ડૉ. જે.પી. મૈયાણી સાથેની અનેકવારની મીટિંગો, ચર્ચાઓ અને તેઓના માર્ગદર્શન તેમજ સંચાલક મંડળના પ્રોત્સાહન પછી અંતે ભાવનગર યુનિવર્સિટી સાથે સંલગ્ન થવાનું નકકી કર્યું.

યુનિવર્સિટીની B.Ed.(HI). કૉલેજો સમધારણ બાળકોના શિક્ષકો તૈયાર કરે અને અમારે તૈયાર કરવાના હતા શ્રવણમંદોના શિક્ષકો ! ફરી અમારે મુંબઈ તરફ જ નજર દોડાવવી પડી. B.Ed.(HI)માટેનું બંધારણ ઘડવા અને અભ્યાસક્રમ રચવા અમે

**૨૦૦૫-૦૬માં અમે ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી ફરી ઊભા થયા અને ત્યારથી ડિગ્રી અને ડિપ્લોમા કોર્સમાંથી પ્રતિ વર્ષ લગભગ ૪૦ થી ૫૦ વિદ્યાર્થીઓ ઝળહળતી ફતેહ સાથે બહાર પડે છે. ૨૦૧૫ ના વર્ષથી ડિગ્રી કોર્સ પણ બે વર્ષનો બની ગયો છે.**

કુસુમબહેન અને મૃદુલાબેનને મુંબઈ અલિયાવર જંગ નેશનલ ઈન્સ્ટિટયૂટ તથા સણોસરાની લોકભારતી વિદ્યાલયમાં મોકલ્યાં. અંતે એ સંસ્થાઓમાંથી મળેલા માર્ગદર્શન પછી ડૉ. મૈયાણી, દમુબહેન મોદી, રૈયાસાહેબ, ભાલસાહેબ, કુસુમબહેન અને મૃદુલાબહેનની બનેલી એક કમિટીએ અભ્યાસક્રમ અને બંધારણ ઘડયાં. ૧૯૯૯-૨૦૦૦ ના વર્ષમાં સંસ્થામાં B.Ed. (HI)ના અભ્યાસક્રમના મંગલાચરણ થયાં. તાલીમી કૉલેજે પ્રગતિના માર્ગે બીજું કદમ મૂકયું. બે વર્ષમાં લાયકાત ધરાવતા આવા પ્રાધ્યાપકો મેળવી લેવાની શરતે કોર્સ શરૂ થયો. અફસોસ કે બે વર્ષમાં કવૉલિફાઈડ પ્રાધ્યાપકો ન મેળવી શકયા અને ડિગ્રી કોર્સનું બાળમરણ થયું. પરંતુ શાળામાંથી જ એક B.Ed. (HI) થયેલ વિદ્યાર્થી ધવલ વ્યાસને અલિયાવર જંગ બૉમ્બેમાં M.Ed (HI) કરવા મોકલ્યા. ૨૦૦૫-૦૬ માં અમે ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી ફરી ઊભા થયા અને ત્યારથી ડિગ્રી અને ડિપ્લોમા કોર્સમાંથી પ્રતિવર્ષ લગભગ ૪૦ થી ૫૦ વિદ્યાર્થીઓ ઝળહળતી ફતેહ સાથે બહાર પડે છે. ૨૦૧૫ ના વર્ષથી ડિગ્રી કોર્સ પણ બે વર્ષનો બની ગયો છે.




મિસિસ ટી.કે. કાવસજી નો ટીચર્સ ટ્રેનિંગ વર્કશોપ

# એક કદમ આગે

ટ્રેનિંગ કોલેજના શરૂઆતના વર્ષોમાં પ્રાધ્યાપકથી કલાર્ક અને પટ્ટાવાળા સુધીની તમામ કામગીરી કુસુમબહેન, મૃદુલાબહેનને શિરે જ રહેતી. પછી સેજલબહેન અને તેના પછી ચેતનાબહેન કો-ઓર્ડિનેટર નિમાયા. દરમ્યાન મધ્યપ્રદેશ ભોજ યુનિવર્સિટીનું અને આંબેડકર યુનિવર્સિટીનું ડિસ્ટન્સ લર્નિંગ માટે B.Ed.(HI)ના સેન્ટર મળ્યાં અને ઘણા શિક્ષકો B.Ed.(HI) બની ગયા.હવે ધવલભાઈ વ્યાસ મુંબઈથી M.Ed. (HI) કરી પરત આવી ગયા હતા એટલે એ બન્યા કો-ઓર્ડિનેટર અને ચેતનાબહેન પ્રિન્સિપાલ. પછી ધવલભાઈ કૉલેજ છોડી અન્ય સ્થળે ગયા. અંતે ૨૦૧૪ માં સંતોષભાઈ યાદવ કૉલેજમાં કો-ઓર્ડિનેટર નિમાયા. અત્યારે કૉલેજમાંથી ડિગ્રી અને ડિપ્લોમા કરીને પ્રતિવર્ષ લગભગ ૪૦ થી ૪૫ વિદ્યાર્થીઓ ઝળહળતી ફતેહ સાથે બહાર પડે છે. આમ, શાળા શરૂ કર્યા પછી એક કદમ આગે ચાલી ટીચર્સ ટ્રેનિંગ કોલેજ સ્થાપી, અને જરૂરી એવા શિક્ષકો મેળવવામાં સ્વાવલંબી બન્યા.

**ડેવિડ હેરિસન (યુ.કે.)**







**શ્રીમતી હુડલીકરનો વર્કશોપ. ડાબી બાજુ કાંતીસેન શ્રોફ, જમણી બાજુ કુસુમબહેન વગેરે**



# મધર્સ ટ્રેનિંગ કોર્સ

## સાઈનની સમસ્યા

દેશભરમાં ત્યારે શ્રવણમંદ બાળકોના શિક્ષણનો પ્રવાહ સ્પેશિયલ સ્કૂલ સુધી આવીને અટકી જતો હતો. તેમાં સાઇનના માધ્યમને કારણે ભાષા અને વાણી વિકાસમાં બાળકો પાછળ રહી જતા હોય છે. પરંતુ જે કોઈ વિરલાને રેગ્યુલર સ્કૂલમાં ભણવાની તક મળી તેના પરિણામો અમારી સ્કૂલ કરતાં અનેકગણા સારા કહો કે ફેન્ટાસ્ટિક હતા. એ જોયા પછી જાગૃત વાલીઓ ઈશારાના માધ્યમથી ભણાવતી શાળામાં બાળકને મૂકવા ઉત્સુક ન હતા. તેમનું બાળક બોલતું થાય સમાજના મુખ્ય પ્રવાહમાં આગળ વધે એવી તેની ઇચ્છા કે મહત્ત્વાકાંક્ષા હતી. કુસુમબહેન સામે આ એક સમસ્યા હતી, તેનું કરવું શું? કુસુમબહેન એક સેમિનારમાં અમદાવાદ ગયાં, ત્યાં શ્રવણમંદોના શિક્ષકો સાથે ઘણાં વાલીઓ પણ આવ્યા હતા. સેમિનારમાં ઘણાં પેપર્સ રજૂ થયાં. બધા પેપર્સનો સાર હતો કે શ્રવણમંદ બાળકો માટે આમ કરવું જોઈએ અને તેમ કરવું જોઈએ. તેઓની ભાષા અને વાણી વિકસાવવા જોઈએ વગેરે વગેરે. આ બધું સાંભળી વડોદરાથી આવેલ બે શ્રવણમંદ બાળકોની માતા જયશ્રીબહેનનો આક્રોશ ફાટી નીકળ્યો, કહે. "તમે બધાં કહો છો આવા બાળકોની ભાષા અને વાણી વિકસાવવા જરૂરી છે. પણ તે કેમ કરીને વિકસાવાય તે તો તમે કોઈ બતાવતા નથી."

**સાઇનના માધ્યમને કારણે ભાષા અને વાણી વિકાસમાં બાળકો પાછળ રહી જતા હોય છે, પરંતુ જે કોઈ વિરલાને રેગ્યુલર સ્કૂલમાં ભણવાની તક મળી તેના પરિણામો ફેન્ટાસ્ટિક હતા.**

કુસુમબહેનનું મન ચકરાવે ચડ્યું, મનોમંથન શરૂ થયું. તે માતાની વાત તો સાચી હતી. બધાં સુફિયાણી સલાહ તો આપતા હતાં પણ શ્રવણમંદ બાળકની ભાષા અને વાણી કઈ રીતે વિકસાવાય, તે માટે કયો અભિગમ, કઈ પદ્ધતિ કે કયા સાધનો વાપરવાં તે બતાવવું જરૂરી હતું - એ તો કોઈ બતાવતું ન હતું. આ મનોમંથન દરમ્યાન કુસુમબહેનને પોતાના તાલીમકાળની સહાધ્યાયિની અરુણાની યાદ આવી. અરુણા એક શ્રવણમંદ બાળકીની કમનસીબ માતા હતી. પણ અરુણાએ પોતાની બાળકીના વિકાસ માટે સખત પરિશ્રમ કરી તેનો ઘણો સરસ વિકાસ કર્યો હતો.

## માતાની મહેનત રંગ લાવી

વડોદરોની માતા જયશ્રીનો આક્રોશ, મનમાં ચાલતું મનોમંથન અને અરુણાની જેમ માતાઓને તાલીમ આપી શકાય કે કેમ! આ બધું કુસુમબહેનનાં મનમાં ઘોળાતું હતું. આ

**કોર્સ પૂરો કરી રશ્મિબહેન વડોદરા ગયા. મિતીનને નોર્મલ સ્કૂલમાં દાખલ કરી દીધો અને મિતીનની ગાડી વિકાસના પાટા પર પૂરપાટ દોડવા લાગી. વર્ષોની મહેનત રંગ લાવી. મિતીન એન્જિનિયર બની ગયો.**

સમસ્યાના ઉકેલ માટે મધર્સ ટ્રેનિંગ શરૂ કરવાની વાત તેમણે કરી, ત્યાંજ વડોદરાથી એક ડેફ બાળક મિતીનના મમ્મીનો પત્ર કુસુમબહેન પર માર્ગદર્શન માટે આવ્યો. રશ્મિબહેન પોતાના બાળકને ડેફ સ્કૂલમાં ભણાવી ઈશારા શીખવવા નહોતા માગતા તેમને પોતાના બાળકને નોર્મલ જ બનાવવો હતો. કુસુમબહેને આ તક ઝડપી લીધી. તેમણે રશ્મિબહેનને અને મિતીનને ભાવનગર બોલાવી લીધા. તે વાત હું આગળ લખી ગયો છું. મિતીનને શાળામાં દાખલ કરી દીધો શાળામાં મિતીનને જે કંઈ ભણાવાય તે તમામ વિષયો અને વિષય વસ્તુ રશ્મિબહેન તેને ઘેર શીખવે. આમ બેવડા પરિશ્રમનું પરિણામ ખૂબ સરસ મળ્યું. બીજે વર્ષે રશ્મિબહેને શાળામાં ચાલતા શિક્ષકો માટેના એક વર્ષના અભ્યાસક્રમમાં એડમિશન લીધું. કોર્સ પૂરો કરી રશ્મિબહેન વડોદરા ગયાં. મિતીનને નોર્મલ સ્કૂલમાં દાખલ કરી દીધો અને મિતીનની ગાડી વિકાસના પાટા પર પૂરપાટ દોડવા લાગી. વર્ષોની મહેનત રંગ લાવી. મિતીન એન્જિનિયર બની ગયો.

કુસુમબહેનના આ પહેલા પ્રયોગની સફળતાએ સૌનો ઉત્સાહ ખૂબ વધાર્યો. હવે કુસુમબહેનના મનમાં માતાઓને તાલીમ આપવાનો વિચાર દઢ થવા લાગ્યો અને ૧૯૮૨-૮૩ ના વર્ષમાં માતાઓ માટે તાલીમી અભ્યાસક્રમ બનાવ્યો. માતાઓની અને તેના પરિવારની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને તેનો સમયગાળો છ માસનો રાખ્યો પછી ENT સર્જનો અને ઑડિયૉલૉજિસ્ટો પાસેથી ઍડ્રેસ મેળવી માતાઓને શોધી કાઢી અને પાંચ માતાઓ અને કુસુમબહેન, મૃદુલાબહેન એમ બે શિક્ષકો સાથે તે જ વર્ષે આ અભ્યાસક્રમનો શુભારંભ થયો.

## સમદુઃખિયાના સહિયારા પ્રયાસ

માતાઓ માટે અભ્યાસક્રમ શરૂ તો કર્યો પણ સમસ્યાઓ પારાવાર હતી. તાલીમ લેવા માતાએ બાળક સાથે ઘર પરિવારથી દૂર ભાવનગર રહેવું પડે, ઘણીવાર કુંટુંબ પર આર્થિક બોજ વધે, ઘણીવાર કુટુંબીજનો માતા બાળકને મોકલવા રાજી ન હોય, તો કોઈ વખત માતા ઘરથી દૂર એકલી કયારેય રહી ન હોય, તો કયારેક માતા તાલીમમાં જાય તો વિભકત કુટુંબના આજના જમાનામાં બાકીના કુટંબના સભ્યોનું શું? પણ ધીમેધીમે શાળાનો સ્ટાફ, કુસુમબહેન અને કયારેક અન્ય વાલીઓની મદદ, આમ સૌ દુખિયારાના સહિયારા પ્રયાસથી સમસ્યાઓનો ઉકેલ આવતો ગયો. પાછળથી જેમજેમ આ તાલીમના સારાં પરિણામો આવતા ગયાં, બાળકોના ભાષા અને વાણી વિકાસ થતાં ગયાં તેમતેમ આ કોર્સમાં જોડાવા આવનારની સંખ્યામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી ગઈ.મધર્સ ટ્રેનિંગ પ્રોગ્રામના ઊજળાં પરિણામ પાછળ આ બાળકોની માતાઓનો સતત અને સખત પરિશ્રમ કારણભૂત છે. કહેવત છે ને કે ‘સો શિક્ષક બરોબર એક માતા’ આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે, ‘માતા જીજાબાઈ’ સામાન્ય રીતે બાળક ચોવીસ કલાક માતા પાસે જ રહે છે. જયારે શિક્ષક તો શાળાના છ કલાક ભણાવે, વળી માતા માટે તો બાળકનો વિકાસ એ ultimate goal હોય છે. પોતાના બાળકના વિકાસ માટે તે કર્ણની જેમ ઈશ્વરની ચૅલેન્જ પણ સ્વીકારવા તત્પર હોય છે. કર્ણ કહેતો કે ...



**મધર્સ ટ્રેનિંગમાં ચેતનાબહેન કોઠારી**

**દરેક માતાએ પણ મનમાં દઢ કરી રાખ્યું હતું કે ‘હે ઈશ્વર તેં અમને ભલે આવું બાળક આપ્યું પણ હું તારી ચૅલેન્જ સ્વીકારું છું. મારા બાળકનો ઉત્તમ વિકાસ કરીને હું તને બતાવીશ.’**

**સૂતો વા સૂતપૂત્રો વા,**
**યો વા કો વા ભવામ્યહમ્ ।**
**દેવાયત્ કુલે જન્મ**
**મદયત તુ પૌરુષમ્ ॥**

દરેક માતાએ પણ મનમાં દઢ કરી રાખ્યું હતું કે 'હે ઈશ્વર તેં અમને ભલે આવું બાળક આપ્યું પણ હું તારી ચેલેન્જ સ્વીકારું છું. મારા બાળકનો ઉત્તમ વિકાસ કરીને હું તને બતાવીશ. રશ્મિબહેન અને મિતીન, દક્ષાબહેન - કલિન્દ અને શ્રીમ્, જયશ્રીબહેન અને ઉર્વશી, દર્શનાબહેન અને સાગર, વીણાબહેન - ટીના અને દર્શન, ઉષાબહેન અને નીપા, પ્રજ્ઞાબહેન અને ફોરમ, કેટ કેટલાને યાદ કરું ને કેટલાને ભૂલું?

શરૂઆતમાં આ તાલીમી કાર્યક્રમ માત્ર ગ્રેજ્યુએટ માતાઓ માટે જ રાખ્યો હતો પરંતુ પાછળથી તો તમામ શ્રવણમંદ માતાઓ માટે આ પ્રોગ્રામના બારણાં ખોલી નાંખવામાં આવ્યાં હતાં. શરત માત્ર એટલી જ કે તાલીમ લેનાર લખી વાંચી શકતું હોય, પછી ભલે તે શ્રવણમંદ બાળકના પિતા, દાદા, દાદી, માસી કે બહેન ગમે તે હોય. એટલે જ આને માત્ર મધર્સ ટ્રેનિંગ કોર્સ ન કહેતાં શ્રવણમંદોના સ્વજનોનો તાલીમી અભ્યાસક્રમ કહીએ છીએ. આ અભ્યાસક્રમ દરમ્યાન માતાએ બાળક સાથે અહીં ભાવનગર રહેવું જરૂરી છે. બાળકને શાળામાં દાખલ કરી દેવામાં આવે. માતાને ભાષા, વાણીના સિદ્ધાંતો, પ્રાથમિક કક્ષાનું મનોવિજ્ઞાન, ઍનેટૉમી અને ઑડિયોલોજી જેવા વિષયોનું જ્ઞાન અપાય. માતાને શાળામાં જે કંઈ શીખવવામાં આવે તે માતા ઘેર જઈ બાળક સાથે અજમાવતી રહે. કોર્સ પૂરો કરી માતા અને બાળક પોતપોતાના ઘેર જાય. ત્યાં બાળકને નોર્મલ સ્કૂલમાં દાખલ કરી દે અને માતા બાળકના રિસોર્સ ટીચર તરીકે કામ કરે. મૂંઝાય ત્યારે તાલીમી શાળામાં બે ચાર દિવસ માટે આવે, પોતાની સમસ્યાનું સમાધાન મેળવે અને જાણે પોતાના પિયર આવી હોય તેવી અનુભૂતિ લઈ પાછી ફરે. દરેક સંસ્થામાં મહત્ત્વની કામગીરી સંભાળતા લોકોએ કામ કરતાં કરતાં પોતાના પછી કામ સંભાળી શકે તેવી એક બીજી હરોળ તૈયાર કરતા રહેવું પડે. ઘણાં વર્ષો સુધી કુસુમબહેન અને મૃદુલાબહેને માતાઓને તાલીમ આપી તૈયાર કરી. કુસુમબહેન કેનેડા ગયાં એ પહેલાં જ માતાઓની તાલીમનો થોડો થોડો ભાર દક્ષાબહેન સવજિયાણી પર નાખતા જતાં હતા.

**માતા બાળકના રિસોર્સ ટીચર તરીકે કામ કરે. મૂંઝાય ત્યારે તાલીમી શાળામાં બે ચાર દિવસ માટે આવે, પોતાની સમસ્યાનું સમાધાન મેળવે અને જાણે પોતાના પિયર આવી હોય એવી અનુભૂતિ લઈ પાછી ફરે.**

**માતાઓ આંખમાં આંસુ અને આંગળીએ બાળક લઈ શાળામાં આવે. જાય ત્યારે માતાઓના મુખ પર હાસ્ય અને સ્ટાફ પરિવારની આંખોમાં આંસુ હોય છે. આ માતાઓની કઠોર તપસ્યાને પરિણામે તેના બાળકો કૉલેજના પગથિયાં ચઢી કોઈ એન્જિનીયર, તો કોઈ પેથોલૉજિસ્ટ, તો કોઈ આર્ટ માસ્ટર, તો કોઈ કોમર્સ ગ્રેજ્યુએટ વગેરે બની ગયાં છે.**

આમેય શાળા જોવા આવતા શ્રવણમંદ બાળકના માબાપને કાઉન્સેલિંગ માટે દક્ષાબહેન પાસે જ મોકલવામાં આવતા. દક્ષાબહેને પોતાના બંને બાળકોને બહુ સરસ રીતે તૈયાર કર્યા છે એટલે એક માતાના અનુભવની વાતથી બીજી માતાને હૈયાધારણ મળે અને વિશ્વાસ બંધાય. ૧૯૯૭ -'૯૮ની સાલથી દક્ષાબહેનને મધર્સ ટ્રેનિંગ કોર્સના કો-ઓર્ડિનેટરની જવાબદારી સોંપી દીધી. સેજલબહેન શાહ તેમના સહાયક બન્યાં. દક્ષાબહેન એમની જવાબદારી આજના દિવસ સુધી સફળતાપૂર્વક બજાવતાં આવ્યાં છે. ધીમે ધીમે ફાલ્ગુનીબહેન, અસ્મિતાબહેન, કવિતાબહેન વગેરે આમાં જોડાતાં ગયાં. આજ સુધીમાં અંદાજે ૨૦૦ માતાઓએ આ ટ્રેનિંગ લીધી છે. આ માતાઓ આંખમાં આંસુ અને આંગળીએ બાળક લઈ શાળામાં આવે અને તાલીમ પૂરી કરીને જાય ત્યારે માતાઓના મુખ પર હાસ્ય અને સ્ટાફ પરિવારની આંખોમાં આંસુ હોય છે. આ માતાઓની કઠોર તપસ્યાને પરિણામે તેના બાળકો નોર્મલ સ્કૂલમાં ભણી, કૉલેજના પગથિયાં ચઢી કોઈ એન્જિનિયર, તો કોઈ પૅથૉલૉજિસ્ટ, તો કોઈ આર્ટમાસ્ટર, તો કોઈ કોમર્સ ગ્રેજ્યુએટ વગેરે બની ગયાં છે.

# કુસુમ રીહેબ સેન્ટર

ઘણાં વર્ષો મધર્સ ટ્રેનિંગ કોર્સમાં કામ કર્યા બાદ લાંબા અનુભવે મૃદુલાબહેનને એવું જણાયું કે પોતાનું ગામ, ઘર અને પરિવારની જવાબદારી છોડી દરેક માતાઓ માટે લાંબો સમય અહીં રહી તાલીમ લેવી શક્ય નથી હોતી. એના બદલે આ માતાઓને પોતાના ગામની આસપાસ આવી તાલીમની સુવિધા મળી રહે તો તે સહેલાઈથી તાલીમ લઈ શકે. વળી, આ તાલીમકેન્દ્ર વાલીઓ માટે ઉપયોગી માહિતી કેન્દ્ર પણ બની રહે. આવા હેતુથી અમે 'કુસુમ રિહેબ સેન્ટર' નામનો પ્રોજેક્ટ મૃદુલાબહેનની ચેરમેનશિપ નીચે શરૂ કર્યો. અમારું પહેલું આવું તાલીમ કેન્દ્ર ભકત નરસૈયાંની પાવનભૂમિ જૂનાગઢમાં ઉષાબહેન કાકડિયાની નિશ્રામાં જાન્યુઆરી ૨૦૧૬ માં શરૂ થયું. જૂનાગઢ કેન્દ્રમાંથી સમયાંતરે કુલ ૧૫ બહેનોએ તાલીમ લીધી છે. બીજું તાલીમ કેન્દ્ર નડિયાદમાં ઓગસ્ટ ૨૦૧૬ માં શરૂ થયું. ત્યાં લગભગ ૨૫ માતાઓએ તાલીમ લીધી. અત્યારે વલ્લભવિદ્યાનગર અને અમદાવાદમાં પણ આવા કેન્દ્રો ખોલવાની વાટાઘાટ ચાલે છે. RCI નો માતાઓનો તાલીમી કોર્સ તો હજી થોડા સમય પહેલાં જ શરૂ થયો પણ તેના ઘણાં વર્ષો પહેલાં સંસ્થાએ કુસુમબહેનના નેતૃત્વ નીચે આ કોર્સ શરૂ કરી જ દીધો હતો અને 'કુસુમ રિહેબ સેન્ટર' આ વિચારનું જ વિસ્તરણ છે.

**RCI નો માતાઓનો તાલીમી કોર્સ તો હજી થોડા સમય પહેલાં જ શરૂ થયો પણ તેના ઘણાં વર્ષો પહેલાં સંસ્થાએ કુસુમબહેનના નેતૃત્વ નીચે આ કોર્સ શરૂ કરી જ દીધો હતો અને 'કુસુમ રીહેબ સેન્ટર' આ વિચારનું જ વિસ્તરણ છે.**



# શ્રવણમંદોની શાળામાં ઑડિયૉલૉજી અને સ્પીચનું મહત્ત્વ

## લાખો બાળકો શ્રવણખાધ સાથે જન્મે છે

વિજ્ઞાનની એકએકથી ચઢિયાતી અદ્‌ભુત શોધખોળ છતાં માનવજન્મના કેટલાક ગૂઢ રહસ્યો આજે પણ આપણે ઉકેલી શક્યા નથી. આ ગૂઢ રહસ્યોમાં એક છે શ્રવણમંદ બાળકનો જન્મ. દર વર્ષે દુનિયામાં લાખો બાળકો શ્રવણખાધ સાથે જન્મે છે. વારસાગત ખામી, રૂબેલાનો ચેપ અને એવા બીજા કેટલાય કારણોને તે માટે જવાબદાર ઠરાવવામાં આવે છે, પરંતુ તેને ૧૦૦% અટકાવવાનું (પ્રિવેન્શન) શક્ય નથી. આપણે ત્યાં વિકસિત દેશોની જેમ જન્મ સમયે દરેક નવજાત શિશુનું સ્ક્રીનિંગ થતું નથી. શ્રવણમંદતા છૂપી અપંગતા છે, જે જન્મ સમયે દેખાતી નથી. સમધારણ બાળક દોઢથી બે વરસનું થાય, તે સમય દરમ્યાન તેની આજુબાજુના વાતાવરણમાંથી સાંભળીને બોલતાં શીખે છે. પરંતુ બાળક જન્મથી જ શ્રવણમંદ હોય અથવા જન્મ પછી બે વરસ દરમ્યાન કાનમાં ચેપ લાગ્યો હોય કે ઈજા પહોંચી હોય તો બીજાની જેમ બોલતાં શીખતું નથી. આમ ઠીકઠીક સમય પસાર થઈ જાય પછી પોતાનું બાળક બોલતું કેમ નથી ? તે માટે વાલીને શંકા થાય ત્યારે ઈ.એન.ટી. સર્જન કે ઑડિયોલૉજિસ્ટ પાસે બાળકને લઈ જવાની અથવા તેને માટેની વિશિષ્ટ શાળામાં દાખલ કરવાની સલાહ મળે છે. આવા તજજ્ઞો અને શાળાઓની સુવિધા બધી જગ્યાએ સહેલાઈથી ઉપલબ્ધ થતી નથી.

## બાળક મૂંગું નથી બહેરું છે

ખરેખર તો ઘણાખરા વાલીઓને એ વાતની ખબર નથી કે શ્રવણમંદ બાળક સાંભળતું નથી એટલે બોલતું નથી. બાળક મૂંગું નથી પરંતુ બહેરું છે. બે અઢી વરસથી ચાર વરસમાં માનવબાળની ગ્રહણશક્તિ અત્યંત તીવ્ર હોય છે. આ સમયગાળામાં બાળક જેટલું શીખે છે, એટલું જીવનમાં પછી ક્યારેય શીખી શકતું નથી. બરાબર આ સમયમાં બાળકમાં રહેલી શ્રવણખાધ, નિષ્ણાત ડૉક્ટર કે ઑડિયોલૉજિસ્ટે શોધી કાઢીને, બાળકમાં રહી ગયેલી અવશેષ શ્રવણખાધ (રીસિડ્યુઅલ હિયરિંગ) મુજબ, તેને શ્રવણયંત્ર પહેરાવીને તાલીમ આપવાની કે અપાવવાની શરૂઆત કરવી જોઈએ, જે આપણા દેશમાં ભાગ્યે જ બનતું હોય, પરિણામે શીખવા માટેનો બાળકનો શ્રેષ્ઠ સમય વેડફાઈ જતો હોય છે.

**વાલીઓને એ વાતની ખબર નથી કે શ્રવણમંદ બાળક સાંભળતું નથી એટલે બોલતું નથી. બાળક મૂંગું નથી પરંતુ બહેરું છે.**

જ્યારે બહેરાંમૂંગાં બાળકોના શિક્ષણનું કામ શરૂ કર્યું ત્યારે, ૧૯૬૦ના વર્ષમાં આ સ્થિતિ હતી, આજે પચાસ-પંચાવન વરસના અંતે તેમાં બહુ મોટો ફરક નથી પડયો. પરંતુ એ વર્ષોમાં શ્રવણમંદ બાળકોની ભારતમાં સ્થિતિનો બધા ઍંગલથી અભ્યાસ કરીને, એક અમેરિકન ટીમે રિપોર્ટ તૈયાર કરેલો. જેનો અહેવાલ P. KAPUR 'Needs of the Speech and Hearing Handiccaped in India' નામના પોતાના પુસ્તકમાં પ્રગટ કરી સમસ્યા અને તેનો ઉકેલ બતાવ્યો છે. આ પુસ્તક હું વારંવાર વાંચતો અને જરૂર પડયે તેમાંથી ઉકેલ શોધતો. મિશનની શરૂઆતમાંજ ભાવનગરમાં પહેલાંવહેલાં ઈ.એન.ટી. ની સેવા લોઢાવાળા હૉસ્પિટલમાં શરૂ કરાવવાનું અને નવા બંધાતા બહેરાંમૂંગાં શાળાના મકાનમાં ઑડિયો અને સ્પીચ રૂમ બનાવવાનું વિઝન ડૉ.કપૂરના પુસ્તકમાંથી જ મળ્યું હતું.

ઑડિયો અને સ્પીચ એ ક્લિનિક વર્ક છે, શાળામાં શું કામ? એવો પ્રશ્ન થઈ શકે, પરંતુ શ્રવણમંદ બાળકનું વહેલામાં વહેલું નિદાન અને ઝડપી ઉપચાર થાય તે અત્યંત જરૂરી છે અને તે વિશિષ્ટ શાળામાં જ શક્ય બને. બહાર આવી સુવિધા, આટલી સરળતાથી બધાને માટે ઉપલબ્ધ ન થઈ શકે, તે નિર્વિવાદ વાત હતી.

# ટુ-રૂમ સિસ્ટમનો અદ્યતન ઓડિયોરૂમ

૧૯૭૦માં, શાળાના બંધાઈ રહેલા મકાનમાં જ એક અદ્યતન 'ટુ-રૂમસિસ્ટમ' નો સાઉન્ડ પ્રૂફ, એરકંડિશન્ડ ઑડિયોલૉજી ઍન્ડ સ્પીચ રૂમ બનાવવાનો નિર્ધાર કર્યો. આ રૂમ તૈયાર કરવાના સ્પેસિફિકેશન માટે ડૉ.કપૂરનું પુસ્તક ઉપયોગી નીવડયું. તેમાં ઑડિયોરૂમમાં મૂકવામાં આવતું મશીન કેટલું સેન્સિટિવ હોય છે અને રૂમની ગુણવત્તાના સ્ટાન્ડર્ડ જાળવવા માટે શું-શું કરવું, તે બધી ખૂબીઓ સમજાવવામાં આવી હતી. મેં સ્થાનિક કારીગરો પાસે આ અદ્યતન સેન્ટર તૈયાર કરાવી, તેમાં મુંબઈની 'આરફી' કંપનીનું કિલનિકલ ઑડિયોમિટર મંગાવી મૂકયું ત્યારે દીવો લઈને શોધવા જઈએ તો પણ ઑડિયોલૉજિસ્ટ મળતા ન હતા. એ સંજોગોમાં ઘણાંને ઑડિયોરૂમનો આ પ્રોજેકટ મૂર્ખામીભર્યો લાગતો હતો. પરંતુ ઈન્ફ્રાસ્ટ્રકચર હશે તો કોઈક દિવસ કોઈ મળી જશે એ શ્રદ્ધા, રૂમ બન્યા પછી પંદર-સત્તર વરસે તપશ્ચર્યા ફળી.

જયાં સુધી ફૂલ ટાઈમ ઑડિયોલૉજિસ્ટ ન મળ્યા ત્યાં સુધી ઈન્દુભાઈ જેવા શિક્ષક અને અમદાવાદથી એમ. ડી. ધોળકિયા જેવા બાહોશ વિઝિટિંગ ઑડિયોલૉજિસ્ટથી અમે કામ ચલાવ્યું. પરંતુ આ કાર્ય વેરાન જમીનમાં ફળદ્રુપ ખેતી કરવા જેવું કપરું હતું. આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિથી શ્રવણમંદ બાળકોના નિદાનની સંસ્થાની કામગીરીથી પ્રભાવિત થઈને રાજય સરકારના સમાજ સુરક્ષા ખાતાંએ, સંસ્થાના સેટઅપમાં ફૂલ ટાઈમ ઑડિયોલૉજિસ્ટની પોસ્ટ મંજૂર કરી તે વર્ષથી અનિલસિંગની આ જગ્યા ઉપર નિમણૂક કરવામાં આવી. અનિલસિંગે આ ડિપાર્ટમેન્ટમાં નવાનવા ઈકિવપમેન્ટ અને એકએકથી ચડિયાતી કંપનીના હિયરિંગ એઈડ ઉપલબ્ધ કરાવીને સૌના દિલ જીતી લીધા, ને ડિપાર્ટમેન્ટ ફાઈનાન્સિયલી ફિઝિબલ બનાવી નવા રેકર્ડ પ્રસ્થાપિત કર્યા. તેમાં અસ્મિતા પટેલ જેવા મદદનીશ ઑડિયોલૉજિસ્ટનો સહકાર સાંપડયો.

આજે પચાસ વરસના અંતે તેના મીઠાંમીઠાં ફળ ચાખી રહ્યા છીએ. સમગ્ર ગુજરાતમાં શ્રવણમંદોના ક્ષેત્રમાં અમે એક નવી આશા અને અભિલાષાનો સંચાર કર્યો છે. મહિના, બે મહિનાના નાના નવજાત શિશુને હવે ઑડિયોમેટ્રી માટે સંસ્થામાં, વાલીઓ લાવી રહ્યાં છે, એટલી જાગૃતિ સમાજમાં આવી છે. સંસ્થામાં આવા નવજાત શિશુને એનેસ્થેસિયા આપીને બ્રેઈન ઈવોક રિસ્પોન્સ ઑડિયોમેટ્રી BERA જેવા લેટેસ્ટ સાધનો આવી ગયાં છે. શાળામાં ગ્રૂપ હિયરિંગ એઈડ, લુપ સિસ્ટમ, પોકેટ હિયરિંગ એઈડ અને B.T.E. મશીનોની

**દીવો લઈને શોધવા જઈએ તો પણ ઓડિયોલૉજિસ્ટ મળતા ન હતા. એ સંજોગોમાં ઘણાંને ઓડિયો રૂમનો આ પ્રોજેક્ટ મૂર્ખામીભર્યો લાગતો હતો. પરંતુ ઈન્ફ્રાસ્ટ્રકચર હશે તો કોઈક દિવસ કોઈ મળી જશે એ શ્રદ્ધા, રૂમ બન્યા પછી પંદર-સત્તર વરસની તપશ્ચર્યા પછી ફળી.**



**ઑડિયોલૉજિસ્ટ અનિલસીંગ**

જગ્યાએ, ઈનર ઈયર ડિઝિટલ હિયરિંગ એઈડ સુધીનો વપરાશ શરૂ થઈ ગયો છે. જાણે એક આખો યુગ પલટાઈ ગયો છે, તે જાણીને રોમાંચ અનુભવીએ છીએ.

આ અદ્યતન ઑડિયો કિલનિક બનાવવામાં ભારત વેલવેટસ, આદિત્ય ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રિઝ પ્રા. લિ. ચેરિટેબલ ટ્રસ્ટ, શ્રીમતી અંબાબહેન શાન્તિલાલ, શ્રી જીવરાજ નરભેરામ મહેતા અને હીરાલક્ષ્મી મેમોરિયલ ફાઉન્ડેશન, મુંબઈનું આર્થિક યોગદાન મળી શકયું હતું.




**આસી. ઓડી. અસ્મિતા પટેલ**

# શ્રવણયંત્રની સમસ્યા

## મેન્ટનન્સ અનિવાર્ય થઈ પડ્યું

શ્રવણમંદોની શાળાના એક વર્ગમાં દસ બાળકો હોય છે. વર્ગમાં શિક્ષણ કાર્ય દરમ્યાન શરૂઆતના દિવસોમાં સામાન્ય રીતે દરેક બાળકને સાંભળવા માટે હેડફોન આપતા. એક વર્ગમાં આવા, એક ગ્રૂપ હિયરિંગ એઈડ સેટની જરૂર પડતી. આ સેટમાં એક એમ્પલિફાયર, એક માઈક અને દસ હેડફોન રહેતાં. આ સેટ સાથે લૂપ સિસ્ટમ કરવી હોય તો, એક ટ્રાન્સફોર્મર લગાડવાથી થઈ જતી. તે વાયરલેસ સિસ્ટમ જેવું કામ આપતી. શાળાનું મકાન બંધાઈ ગયા પછી, દરેક વર્ગમાં આવા ગ્રૂપ હિયરિંગ સેટ લગાડવાનું શરૂ કર્યું. દરેક વર્ગમાં અંડરગ્રાઉન્ડ વાયરિંગ ખેંચીને, ડેસ્ક ઉપર હેડફોન ફિટ કરવાનું બહુ માથાકૂટવાળું અને સમય માગી લે એવું કામ હતું. વળી પાછા આ હેડ ફોન અને રેગ્યુલેટર બાળકો ઓપરેટ કરતા. એટલે કોઈ વાયર, તો કોઈ હેડફોનના સ્પંજ, તો કોઈ સ્પીકર ખેંચી કાઢે. જિજ્ઞાસાવશ કે તોફાની સ્વભાવગત, આ



**થોડી ગફલત થઈ જતાં અમે બરાબર ફસાયાં અને આ તો હજી પાશેરામાં પહેલી પુણી હતી.**

રમતમાં બાળકોને આનંદ આવે, પરંતુ વર્ગમાં શિક્ષણકાર્ય ઠપ થઈ જાય. આમ તૂટફૂટ થયા કરે એટલે રોજ, 'એક સાંધો ને તેર તૂટે' એ સ્થિતિ થઈને ઊભી રહે. એમાં વળી અમે ઉત્સાહમાંને ઉત્સાહમાં, બાળકોને સાંભળવામાં વધુ સારો રિસ્પૉન્સ મળે એ માટે, લૂપ સિસ્ટમવાળા વર્ગોમાં, પૉકેટ હિયરિંગ મશીન આપવાનું શરૂ કર્યું અને માથાનો દુઃખાવો થઈ પડયો. રોજ સાંજ પડે અને રિપેરિંગ માટે શ્રવણયંત્રોનો ઢગલો થઈ જાય. રોજબરોજ મુંબઈ રિપેરિંગ માટે મોકલવાનું તો શક્ય બને નહી. વળી અધૂરામાં પૂરું, સાંજ પડે વર્ગમાં વાયરિંગ પણ અસ્તવ્યસ્ત થઈ ગયું હોય એટલે તેને પણ બરાબર કરવું પડે અને આવા કામ માટે કાંઈ કંપની તેના માણસોને વારંવાર ભાવનગર મોકલે નહી.


અતિ ખર્ચાળ એડવાન્સ્ડ ટૅકનૉલૉજીનો, શિક્ષણમાં આવિષ્કાર કરવાનો વિચાર કરતા સમયે, આ સાધનોના મેન્ટેનન્સનો વિચાર તો કર્યો જ ન હતો. મોટીમોટી સરકારી હૉસ્પિટલો અને સંસ્થાઓમાં પણ મોંઘાદાટ સાધનો ખરા વખતે કામ આવતાં નથી, તેનું કારણ મેન્ટેનન્સની વ્યવસ્થાનો અભાવ જ હોય છે. આમ થોડી ગફલત થઈ જતાં અમે બરાબર ફસાયા અને આ તો હજી પાશેરામાં પહેલી પૂણી હતી. હજુ તો ઘણાં સાધનો વસાવવાના બાકી હતાં. વળી બાળકોની સંખ્યા વધે, વર્ગો વધે, તેમતેમ સાધનો તો વધતા જ રહેવાના. એટલે મેન્ટેનન્સ માટે સંસ્થામાં કાયમી વ્યવસ્થા કરવાનું અનિવાર્ય થઈ પડયું.

## પ્રવીણભાઈ રૂપેરાને સેવાનો રંગ લાગ્યો



ભાવનગર માટે આવા ઈલેકિટ્રકલ સાધનો રિપેર કરવાની વાત નવી હતી, જોકે આમ તો આ રેડિયો, ટ્રાન્ઝિસ્ટર, અને ટેપ રેકોર્ડર રિપેરિંગ જેવું જ કામ હતું. ગામમાં કેટલાક કારીગરોનો સંપર્ક કર્યો, પરંતુ કોઈએ રસ દાખવ્યો નહીં વળી રોજ સંસ્થામાં આવી આવું કામ કરી આપવાની કોઈ હા પાડતું નહીં. એવામાં પ્રવીણભાઈ રૂપેરા મળી ગયા. એ ભાવનગર રેલવેના વર્કશોપમાં

**મુંબઈની ચોરબજારમાં રખડી રખડીને એ સ્પેરપાર્ટસ શોધી લાવે. ગમે તેવું બંધ થઈ ગયેલું મશીન એ રિપેર કરીને છોડે.**





ઈલેક્ટ્રિશિયનની નોકરી કરે. બહુ મહેનતું અને ઈલેક્ટ્રિક એપ્લાયન્સિઝમાં કાંઈક નવુંનવું કરવાનો તેને શોખ. અમે તેને અમારા સ્ટુડિયોના કૅમેરા અને ફ્લૅશ લાઇટનું રિપેરિંગ કામ આપતા, પ્રવીણભાઈ ગમે તેવું અઘરું કામ કરી આપતા અને એ પણ મામૂલી ચાર્જમાં. એક દિવસ મેં પ્રવીણભાઈને અમારી શાળાની સમસ્યા કહી. એ આવ્યા. શ્રવણમંદ બાળકોને જોઈને ગદ્ગદિત થઈ ગયા. મોડે સુધી બેસીને બધું બરાબર કરી આપ્યું. કાંઈ પૈસા લીધા નહીં. આ પહેલા પ્રસંગ પછી તો વારંવાર પ્રવીણભાઈની જરૂર પડવા લાગી, એટલે સંસ્થામાં જ રિપેરિંગ માટે વર્કશોપ ખોલ્યું. પ્રવીણભાઈ રેલવેમાંથી સાંજના છૂટીને આવે, મોડી રાત સુધી એકએક વર્ગમાં બેસીને સાધનો રિપેરિંગ કરી આપે, એટલે પાછા સવારે વર્ગ ચાલુ થઈ જાય.

આમ કરતાં કરતાં પ્રવીણભાઈને સેવાનો રંગ લાગ્યો. તેને કોઈ પણ ચેલેન્જિંગ કામ મળે એટલે તેની પાછળ લાગી પડે. સાધનો ખરીદ કરવા પોતે જ મુંબઈ જાય. સાધનો રિપેરિંગની ટ્રેનિંગ આપવાની અને સ્પેરપાર્ટસ પણ આપવાના એ શર્તે જ કંપનીને ઑર્ડર આપે. કંપનીઓ જૂના મૉડેલ બંધ કરી નવા મૉડલ ઍડ્વાન્સ્ડના નામે બહાર પાડે, ત્યારે સ્પેરપાર્ટસ મળતા બંધ થઈ જાય. પછી કંપની મફતના ભાવમાં બાયબેકમાં મશીન પડાવી લે અથવા નવું લઈ લેવાની સલાહ આપે. પરંતુ પ્રવીણભાઈ એ થવા દે નહીં. મુંબઈની ચોર બજારમાં રખડી રખડીને એ સ્પેરપાર્ટસ શોધી લાવે. ગમે તેવું બંધ થઈ ગયેલું મશીન એ રિપેર કરીને છોડે. જેમ ડૉક્ટર મડદાને બેઠું કરે એમ!

## એક નિષ્ઠાવાન કાર્યકરની ખોટ પડી

અમારી શાળાના બાળકોના શ્રવણયંત્રોના મેન્ટેનન્સ ઉપરાંત જિલ્લાભરમાંથી સિનિયર સિટીઝનોના શ્રવણયંત્રનું રિપેરિંગ કામ, અને મશીનની બેટરી, કોર્ડ,જેવા સ્પેરપાર્ટ માટે લોકો પ્રવીણભાઈ પાસે સંસ્થામાં આવતા. લોકોને ફોગટ આંટો ન થાય એ માટે મોડી સાંજ સુધી અને રજાના દિવસોમાં પણ ધૂણી ધખાવીને વર્કશોપ ખોલી બેસતા. આમ પચાસ-પચાસ વરસ સુધીની પ્રવીણભાઈની નિરંતર સેવાને કારણે સંસ્થાના શ્રવણયંત્રની દુનિયા ધબકતી રહી ને શિક્ષણ કાર્ય ચાલતું રહ્યું. આવા પ્રવીણભાઈ રૂપેરાનું એક વહેલી સવારે હૃદય રોગના હુમલાથી દેહાવસાન થઈ ગયું. સંસ્થાને એક નિષ્ઠાવાન કાર્યકરની ખોટ પડી જે કદી પૂરાશે નહીં. જોકે તેમના બંને પુત્રો કેતન અને શ્રેણિકે પિતાએ કંડારેલી કેડી ઉપર ચાલીને સેવાયજ્ઞ ચાલુ રાખ્યો છે!

# શ્રવણમંદોના રોજગાર માટે રતિલાલ આણંદજી દોશી મૂક પ્રિન્ટરી



શ્રવણમંદ બાળકો માટેની શાળા શરૂ કરી ત્યારે, મુખ્ય ઉદ્દેશ તેમને શિક્ષણ આપી આર્થિક રીતે પગભર કરવાનો હતો. અનુભવ પછી જણાયું કે, ભાષાવિકાસના અભાવે આ બાળકો શિક્ષણ મેળવ્યા પછી પણ નોકરી મેળવવામાં કે વ્યવસાય શરૂ કરવામાં મુશ્કેલી અનુભવે છે. તેથી શ્રવણમંદો આર્થિક ઉપાર્જન કરી શકે તે માટે તેને વ્યાવસાયિક તાલીમ આપી, સક્ષમ બનાવી શકાય તેવા હેતુથી, સંસ્થામાં પ્રિન્ટિગ, કમ્પોઝિંગ અને બુક બાઈન્ડિંગની તાલીમ શરૂ કરી.

## મૂક પ્રિન્ટરી

જેમાં કૉમ્યુનિકેશનની બહુ જરૂર પડતી નથી તેવા વ્યવસાયમાં શ્રવણમંદો સારી કામગીરી કરી શકે છે. શાળા ભાવનગરના નાગરપોળના ડેલામાં, કાર્યરત હતી, તે સમયે જ મશીનરી વસાવીને પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કર્યો હતો.પછી સંસ્થાનું મકાન બન્યું ત્યારે બેઝમેન્ટમાં પ્રેસ માટે વિશાળ જગ્યા ફાળવવામાં આવી. આ માટે શામજીકાકાના ભાગીદાર સ્વ. રતિભાઈ દોશીની સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી પ્રેસને અદ્યતન બનાવવા દાન મળ્યું અને શ્રવણમંદો દ્વારા જ ચલાવાતાં આ તાલીમકેન્દ્રને 'સ્વ. રતિલાલ આણંદજી દોશી મૂક પ્રિન્ટરી' નામ આપવામાં આવ્યું. આ મૂક પ્રિન્ટરીમાં ઘણાં યુવાનો તાલીમ લઈને બહાર પડયા. કોઈએ પોતાના પ્રિન્ટિંગ પ્રેસ કર્યા તો કોઈ પ્રેસમાં નોકરીમાં લાગ્યા તો કોઈ દૈનિક પત્રમાં કામે લાગ્યાં અને પગભર થયા.

જગ્યાની અનુકૂળતા થતાં તાલીમ વિભાગની બાજુમાં છાપકામની વ્યાવસાયિક કામગીરી પણ શરૂ કરી. સરકારી કચેરી, યુનિવર્સિટી વગેરેનું ઘણું છાપકામ અમારે ત્યાં થતું. શરૂશરૂમાં તાલીમ પૂરી કર્યા પછી કારીગરોને ઍપ્રેન્ટિસ તરીકે છ મહિના કે વરસ રાખીને તેને સઘન તાલીમ આપવી પછી બજારમાં કામ ઉપર લગાવવા જેથી કયાંય પાછા ન પડે તેવી યોજના હતી. સરસ્વતિ પ્રિન્ટિગ પ્રેસમાંથી છૂટા થઈ આવેલા કાંતિલાલ મટુભાઈને આ કામગીરી માટે મૅનેજરની જગ્યા ઉપર રાખ્યા. પરંતુ આ પ્રયોગ નિષ્ફળ રહ્યો. ઍપ્રેન્ટિસશિપ પૂરી થયા પછી કારીગરો બહારના પ્રેસ માં જવાને બદલે અમારા પ્રેસમાં જ ચિટકી જવા લાગ્યા એટલે પછી નવા ઍપ્રેન્ટિસ માટે જગ્યા થતી નહીં. મૂક પ્રિન્ટરીમાં વીસેક વરસ સુધી વ્યાવસાયિક કામગીરી સારી ચાલી.

**અંતે મૂક પ્રિન્ટરીને ગ્રહણ લાગ્યું તે લાગ્યું. પ્રેસની વ્યાવસાયિક કામગીરી બંધ કરવાની ફરજ પડી. નિયમ છે, 'સર્વાઈવલ ફોર ધ ફિટેસ્ટ' સમય સાથે બદલાવ અથવા ખતમ થઈ જાવ.**



કાંતિભાઈ શાહ



કૌશિક પરમાર

કારીગરોને સારા પગાર અને અન્ય સુવિધાઓ મળી. સંસ્થાને પણ રોકાણ સામે ઠીકઠીક વળતર મળવા લાગ્યું. કાંતિભાઈ પછી કૌશિક પરમારે આ કામગીરી સફળતાપૂર્વક સંભાળી.

સમયાંતરે પ્રિન્ટિંગ પ્રેસની ટૅકનૉલૉજી બદલાણી. કંમ્પોઝનું કામ શીશાના અક્ષરો ગોઠવીને થતું હતું તેની જગ્યાએ કમ્પ્યૂટર આવ્યાં. છાપકામ ટ્રેડલ મશીન ઉપર થતું હતું તેની જગ્યાએ ઑફસેટ મશીન આવ્યાં. ટ્રેનિંગ માટે તે વસાવ્યા પરંતુ વ્યાવસાયિક કામ કરતાં કારીગરો સમયની આ દોડમાં નાકામિયાબ રહ્યા. ભાવનગર શહેર આખાનું છાપકામ બધું અમદાવાદ જવા લાગ્યું. અહીં કારીગરો નવરા પડયા. એટલે નવી નવી સમસ્યાઓ ઊભી થવા લાગી. અંતે મૂક પ્રિન્ટરીને ગ્રહણ લાગ્યું તે લાગ્યું. પ્રેસની વ્યાવસાયિક કામગીરી બંધ કરવાની ફરજ પડી. પરંતુ નિયમ છે, 'સર્વાઈવલ ફોર ધ ફિટેસ્ટ' સમય સાથે બદલાવ અથવા ખતમ થઈ જાવ. જે નથી બદલાતા તેને ભોગવવું પડે છે.



**હિતેશ અને સંજય પોતાનાં કવૉલિટી પ્રિન્ટિંગ પ્રેસમાં**



**પાછળ ડાબીબાજુથી સાધના, હિતેશ, સંજય અને આરતી નીચે બાળકો સાથે વચમાં કેવલ, ઓમ અને પ્રતિક**

## અસ્તિત્વ માટે સંઘર્ષઃ હિતેશ અને સંજયની સાફલ્ય ગાથા

હિતેશ અને સંજય બંને ભાઈઓ. સાધના અને આરતી બંને બહેનો. બધા જન્મથી શ્રવણમંદ. અમારી શાળામાં ભણ્યા ગણ્યા આંખો મળી, પ્રેમપાંગર્યો, પ્રભુતામાં પગલાં માંડયા. બે સગાભાઈને, બે સગી બહેનોએ એક છત્ર નીચે સંયુકત કુટુંબમાં સંસાર માંડયો. બંને ભાઈઓએ આજીવિકા માટે 'કવોલિટી પ્રિન્ટિંગ પ્રેસ' શરૂ કર્યો. ચિલાચાલુ ટ્રેડલ મશીનથી શરૂઆત કરી, સમય સાથે તાલ મિલાવ્યો. આજે ઓફસેટ સુધી પહોંચ્યા. સુખી સંસારનું સ્વપ્ન સિધ્ધ કર્યુ. કેવલ, ઓમ અને પ્રતિક. બાળકોને મોટા કર્યા ત્રણે બાળકો નોરમલ. ગ્રેજયુએટ થયા. કોઈ બીઝનેશમાં છે તો કોઈ ચાર્ટડ એકાઉન્ટન્ટ તો કોઈ આઈ ટી. એન્જિનિયર!

# ઈન્ફર્મેશન ટેક્નૉલૉજીનો આવિષ્કાર

૧૯ મી સદીના ઉત્તરાર્ધમાં ઈન્ફર્મેશન ટેકનૉલૉજીએ દુનિયામાં જબરજસ્ત ક્રાંતિ સર્જી. વિશ્વ એક 'ગ્લોબલ વિલેજ' બની ગયું. કોઈએ કલ્પના પણ કરી ન હતી કે ફેસબુક, ટવીટર, 3G કે 4G ટેકનૉલૉજીના આગમન સાથે આખી દુનિયા માનવીની મુઠ્ઠીમાં સમાઈ જશે. આ ટેકનૉલૉજીના ઝંઝાવાતે, પ્રવર્તમાન બધા જ સાધનો અને તેની પાછળ રોકાયેલાં માનવબળને ઘડીકમાં નિરર્થક અને નકામાં બનાવી દીધાં. જે લોકો આ ઝંઝાવાતી પવનની દિશા જોઈને બદલાયા નહીં તે ક્યાંય ફેંકાઈ ગયા. સંસ્થામાં પણ વર્ષોથી ચાલતા મૂક પ્રિન્ટરીની તાલીમ અને વ્યવસાયનું પણ આમ જ થયું. આ કૉમ્પ્યૂટરયુગની સાથે પ્રિન્ટિંગ ટેકનૉલૉજીમાં ઝડપથી ક્રાંતિ આવી.

**ટૅક્નૉલૉજીના ઝંઝાવાતે, પ્રવર્તમાન બધા જ સાધનો અને તેની પાછળ રોકાયેલા માનવબળને ઘડીકમાં નિરર્થક અને નક્કામા બનાવી દીધાં. જે લોકો આ ઝંઝાવાતી પવનની દિશા જોઈને બદલાયા નહીં તે ક્યાંય ફેંકાઈ ગયા.**

શીશાના ટાઈપની જગ્યા ડેસ્કટોપે લીધી. છાપકામ માટે ટ્રેડલની જગ્યાએ મોટા મોટા જાયન્ટ ફોર કલર ઓટોમેટિક ઑફસેટ મશીનો આવી ગયાં. બે કરોડ રૂપિયાના આ મશીનને રોજ લાખો કૉપી છાપવાનું કામ જોઈએ. તો કરેલાં નાણાનું રોકાણ પોસાય. અમારી જેવી શૈક્ષણિક સંસ્થાના ગજા બહારની આ વાત હતી. જોકે આ ટેકનૉલૉજીના આવિષ્કાર સાથે કૉમ્પ્યૂટર, ઈન્ટરનેટ, અને આઈ.ટી. ક્ષેત્રે ઝડપથી પ્રગતિ થઈ રહી હતી. આખી દુનિયા તેનો લાભ લેવા આતુર હતી. ત્યારે અમે જોયું કે શ્રવણમંદોને રોજગારી માટે આઈ.ટી. માં સારી તક ઊભી થશે. એટલે અગમચેતી વાપરીને અમે ચીલાચાલુ પ્રેસ બંધ કરીને શ્રવણમંદોને કૉમ્પ્યૂટર તાલીમ આપવા માટે આવેલી તક ઝડપી લેવાનું નક્કી કર્યું.

## પરષોત્તમભાઈ નાગરદાસ દેસાઈ કોમ્પ્યૂટર સેન્ટરની સ્થાપના

નવું કૉમ્પ્યૂટર સેન્ટર બનાવવા કોઈ દાતા જોઈએ. કૉમ્પ્યૂટર સેન્ટરની જરૂરિયાત મેં અમારા દાતા હર્ષદભાઈ દેસાઈને બરાબર સમજાવી. આ હર્ષદભાઈ સંસ્થાના ચેરમેન નટવરભાઈના કઝીન થાય. નટવરભાઈએ ભાર દઈને હર્ષદભાઈને માતબર રકમનું દાન આપવા મનાવી લીધા. ૧૦ ઑગસ્ટ ૧૯૯૪ના દિવસે આ અદ્યતન કૉમ્પ્યૂટર સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં અમે સફળ થયા. પ્રેસમાંથી ફાજલ થયેલા રાજુભાઈ પટેલે, આ સેન્ટરના ઉત્કર્ષ માટે પ્રસંશનીય કામગીરી બજાવી. ટ્રેનિંગ સેન્ટરમાં એમ.એસ. ઑફિસ, ડેટા એન્ટ્રી, ગ્રાફિક ડિઝાઈનિંગ, ફોટોશોપ, વીડિયો મિક્સીંગ, વેબપેજ ડિઝાઈનિંગ, ફેશન ડિઝાઈનિંગ, ઍનિમેશન ટેકનોલોજી તથા પ્રોગ્રામિંગ જેવા જોબ ઓરિએન્ટેડ અભ્યાસક્રમો દાખલ કર્યા. ગુજરાતની શ્રવણમંદોની શાળામાં આ સૌ પ્રથમ શરૂઆત હતી. આજે આ સેન્ટરમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ તાલીમ મેળવી રહ્યા છે. ટ્રેનિંગ લઈને બહાર પડેલામાંથી કોઈ ન્યૂઝ પેપર એજન્સીમાં કામ કરે છે, કોઈએ પોતાનું ડી.ટી.પી. સેન્ટર ખોલ્યું છે, તો કોઈ ડિઝિટલ ફોટોગ્રાફી કરે છે, કોઈ ડેટા એન્ટ્રી ઓપરેટર છે, કોઈ એકાઉન્ટન્ટ, તો કોઈ ફેક્ટરીમાં જૉબ કરીને સારી આજીવિકા મેળવી, સમાજમાં ઠરીઠામ થયા છે.આમાંનાં કેટલાકની સાફલ્યગાથા અહીં રજૂ કરી છે.

## અમિત ભોગીલાલ શેઠ



**સરનામું :** 'નવકાર', માધવનગર, અલકા સોસાયટીની બાજુમાં, છબીલા હનુમાન પાસે, નવા જંકશન રોડ, સુરેન્દ્રનગર

**નોકરીની વિગત :** ડિઝાઈનામેટ કંપની, સી.જી. રોડ, અમદાવાદમાં ૩ડી-મટીરિયલ્સ, ૩ડી-યુનિટીનું કૉમ્પ્યૂટર કામ છેલ્લાં ૭ વર્ષથી કરે છે, પગાર મહિનાનો ૨૫ હજાર મળે છે. લગ્ન થઈ ગયાં છે. બે પુત્રીઓ છે અને હાલ ફેમિલી સાથે અમદાવાદમાં રહે છે.

## જીગર વીરેન્દ્રભાઈ સલોત



**સરનામું :** ૧૧૪૫/બી, ૧, સુખદાયી સોસાયટી, કબ્રસ્તાન સામે, ઘોઘાસર્કલ, ભાવનગર

**નોકરીની વિગત :** ઈન્ટ્રા ઓક્યુલર લેન્સ ફેક્ટરી, એસ.ટી. વર્કશોપ પાછળ, ચિત્રા, ભાવનગરમાં સ્ટોર અને ડેટા એન્ટ્રી વિભાગમાં કામ કરે છે, પગાર મહિનાનો ૧૨ હજાર મળે છે. લગ્ન થઈ ગયાં છે. એક પુત્ર છે અને ફેમિલી સાથે ભાવનગરમાં રહે છે.

## મેહુલ શરદચંદ્ર ઓઝા



**સરનામું :** ભગાતળાવ, હવેલીવાળી શેરી, શ્રી નીલંકઠ મહાદેવ મંદિર સામે, ભાવનગર

નોકરીની વિગત : 'મેહુલ ગ્રાફિક્સ ઍન્ડ ફોટો ફેશન', નામની પોતાની દુકાન ચલાવે છે. (દુકાન નં. ૩, શુભમ્ કૉમ્પ્લેક્ષ, ગૌરી ફળિયું, દીવાનપરા રોડ, ભાવનગર) દુકાનમાં તે કંકોત્રી, વિઝિટિંગ કાર્ડ, સ્ટીકર્સ, બેનર, ડિઝિટલ આલ્બમ, ફોટો લેમિનેશન, ઈનડોર-આઉટડૉર ફોટોગ્રાફી, લેમિનેશન, લેસર કલર પ્રિન્ટ આઉટ, ઝેરોક્ષ વગેરે કામ કરે છે. મહિને લગભગ ૧૫ - ૨૦ હજાર કમાય છે, લગ્ન થઈ ગયાં છે. ફેમિલી સાથે ભાવનગરમાં રહે છે.




ઈન્ફોર્મેશન ટૅકનૉલૉજિના તજજ્ઞ રાજુભાઈ પટેલ

# શાળાનું શિક્ષણ, પાયાનો પ્રશ્ન

**લેંગ્વેજ લેવલના (ભાષા) અભાવે મીનીસ્ટ્રિયલ પોસ્ટ-કારકૂન જેવી નોકરીમાં પણ મોટાભાગના શ્રવણમંદ ઉમેદવારો અયોગ્ય ઠરે છે.**

શ્રવણમંદ વિદ્યાર્થીઓ શાળાનું શિક્ષણ અને ઉદ્યોગની તાલીમ લઈને પગભર બને તે જોવાનો સંસ્થાનો હેતુ રહ્યો છે. પોતાના વિદ્યાર્થીને આવા સક્ષમ બનાવવા શિક્ષકો દસ પંદર વરસ તનતોડ મહેનત કરતા હોય છે ને તેના વાલીઓ મનમાં ને મનમાં અરમાનોના મહેલ ચણતા હોય છે. પરંતુ શાળા જીવન પૂરું કરીને બહાર પડયા પછી ઘણે ભાગે આ યુવક યુવતિઓ કામ મેળવવા માટે આમતેમ ફાંફાં મારતા જોવા મળે છે ત્યારે પ્રશ્ન થાય છે કે શું આપણી શિક્ષણ વ્યવસ્થા પર્યાપ્ત નથી?

શ્રવણમંદોને સમાજની મુખ્ય ધારામાં સમાવવા શાળાઓમાં ઓરલ, ટી. સી. કે સાઈન મેથડ પૈકી કઈ મેથડ સારી તે માટે વિદ્વાનોમાં વર્ષોથી મતમતાંતર ચાલે છે. દરેકના ફાયદા ગેરફાયદા છે. લૅન્ગ્વેજ લેવલના (ભાષા) અભાવે મિનિસ્ટ્રિયલ પોસ્ટ-કારકુન જેવી નોકરીમાં પણ મોટા ભાગના શ્રવણમંદ ઉમેદવારો અયોગ્ય ઠરે છે. લૅન્ગ્વેજના બેરિયરને કારણે બહુ ઓછા વિદ્યાર્થીઓ મુશ્કેલીથી આઠ, દસ કે બાર ધોરણ સુધી પહોંચે છે એટલે શૈક્ષણિક લાયકાતના અભાવે નોકરીમાં રિઝર્વેશનનો લાભ તેઓ લઈ શકતા નથી.

શ્રવણમંદ બાળકોને સ્પેશિયલ સ્કૂલ અથવા ઈન્કલ્યુઝિવ સ્કૂલમાં બેસાડીને આદર્શ લૅન્ગ્વેજ લેવલમાં સક્ષમ બનાવવાનું અશકય તો નથી જ. દક્ષાબહેન સવજિયાણીનો કલિન્દ શાળાકીય શિક્ષણ સમધારણ બાળકો સાથે લઈ, પોલિટેકનિકલમાં મિકેનિકલ ઍન્જિનિયરિંગનો કોર્સ કરીને પોસ્ટ ઑફિસમાં નોકરી કરે છે. કુસુમબેનની શિક્ષણ પ્રથાના આવા તો કેટલાય કરિશ્મા છે. તેમના ગયા પછી સંસ્થાના મૅનેજમેન્ટને આ સમસ્યાની ગંભીરતા સમજાણી છે. વિષયના નિષ્ણાત મુંબઈના લતા નાયકના સહયોગથી સંસ્થાના પૂર્વ શિક્ષિકા, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ અને હાલ ટ્રસ્ટી મૃદુલાબહેન દેસાઈએ શિક્ષણની ઊંચાઈને ફરી આંબવાનો પુરુષાર્થ શરૂ કર્યો છે, અને તેની સાથે નિવૃત્ત મદદનીશ શિક્ષિકા દક્ષાબહેન સવજિયાણી સેવાભાવનાથી જોડાયાં છે. આ બંનેને કુસુમબહેન સાથે કામ કર્યાનો ઘણાં વર્ષોનો અનુભવ છે.



કવિતા શાહ, શ્રીમતી લત્તા નાયક



કલિન્દ બાળકો અને પત્ની સાથે

# ઔદ્યોગિક તાલીમ ભરણપોષણ માટે પર્યાપ્ત નથી

## એક સંશોધન પેપર



**હર્ષાબહેન આશરા**

શાળામાં શિક્ષણ સાથે ઉદ્યોગની તાલીમ અપાય છે. આ ઉદ્યોગની તાલીમ સ્વરોજગાર કે નોકરી મેળવવામાં શ્રવણમંદ યુવક યુવતિઓને કેટલી ઉપયોગી થાય છે? તેના ઉપર મદદનીશ શિક્ષિકા હર્ષાબહેન આશરાએ વર્ષ ૨૦૧૦ માં થિરુવનન્તપુરમ્(કેરળ) ખાતે, NCEDની કોન્ફરન્સમાં એક સંશોધન પેપર પ્રેઝન્ટ કર્યું હતું. આ પેપરને બેસ્ટ પેપરનો ઍવૉર્ડ મળ્યો હતો.

હર્ષાબહેને ૮૦૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પ્રશ્નાવલી મોકલી હતી. તેમાંથી માત્ર ૧૧૨ પુરુષ અને ૩૮ સ્ત્રીઓ એમ કુલ ૧૫૦ ના ફૉર્મ ભરાઈને પરત આવ્યાં. જેમાં ભાગ લેનારાઓ ૭૪% ધોરણ ૮ થી ઓછું ભણેલાં હતાં.

સંસ્થામાં વોકેશનલ ટ્રેનિંગ લીધેલાઓ પૈકી માત્ર ૫૦% ટ્રેનિંગના આધારે કોઈ વ્યવસાય કે નોકરી મેળવી શકયાં હતાં. પરંતુ તાલીમ લીધા પછી પણ મોટા ભાગના પોતાના પારંપરિક વ્યાવસાયમાં લાગી ગયા હતાં. આ થોડું ભણેલાં, બિનકુશળ યુવક યુવતિઓનું સમાજમાં શોષણ થાય છે અને તેમને માત્ર નામનું વેતન મળતું હોય છે જેના વડે એ પોતાનું કે પોતાના પરિવારનું ભરણપોષણ કરી શકતા નથી.

અત્યારે વિદ્યાર્થીઓની આ હાલત છે. આટલાં વર્ષોની મહેનત પછી તેને માટે રોજગારની કોઈ ગેરંટી નથી. જેનાં કારણો આપણી સામે છે. માટે પ્રાયમરીથી જ લૅન્ગ્વેજ લેવલ સુધારીએ, તો માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકના વિદ્યાર્થીઓ ટૅકનિકલ ટ્રેનિંગ અથવા ડિપ્લોમા અને ડિગ્રીના લક્ષ્યાંક સિદ્ધ કરી શકશે ને તે સારો રોજગાર મેળવવામાં ઉપયોગી બનશે. ઘણાખરા શ્રવણમંદો કલેરીકલ કામને બદલે સહેલાઈથી સારા સ્કિલ્ડ વર્કર બનીને સફળતાના શિખર સર કરી શકે છે. પંદર-અઢાર વરસની મહેનત પછી શિક્ષણ કાર્ય પૂરું થતાં જવાબદારી પૂરી થઈ તેમ સમજીને વિદ્યાર્થીઓને ભગવાનને ભરોસે છોડી દેવા તે બરાબર નથી. જે થોડા શ્રવણમંદોને સારાં કામ મળ્યાં છે, તેને માટે સંસ્થા કરતાં વિદ્યાર્થીની પોતાની મહેનત અથવા કોઈ ને કોઈ વ્યકિત નિમિત્ત બની હોય તેવું ચિત્ર ઉપસી આવતું હોય તેમ લાગે છે, જેમકે...

## નેહાબહેન ભટ્ટ

એક વખત સંસ્થામાં મદદનીશ શિક્ષક રહેલાં નેહાબહેન ભટ્ટે નોકરી છોડયા પછી પણ, બાળકો સાથે નાતો જાળવી રાખ્યો. તે વડોદરાની ઈન્ટ્રા ઓકયુલર (આંખના મોતિયાના લેન્સ બનાવતી) કંપનીમાં જોડાયા પછી, પોતે રસ લઈને ઘણાં શ્રવણમંદોને પોતાની ફેકટરીમાં કામ અપાવ્યું. આ કંપનીએ ભાવનગરમાં બીજું યુનિટ શરૂ કર્યું ત્યારે નેહાબહેને ભાવનગરનો ચાર્જ સંભાળ્યો ને ઘણાં બધાં શ્રવણમંદોને જોબ ઉપર લીધાં. એટલું જ નહીં પરંતુ તે બધાંને જવાબદારીભરી કામગીરી માટે તૈયાર કર્યાં અને સારો પગાર પણ અપાવ્યો. આ સફળતા માટે આપણી શાળાના શિક્ષણ કરતાં નેહાબહેનની સંવેદના અને મોટિવેશન વધુ કામ કરી ગયું તેમ કહી શકાય.



# બિન્દીબહેન ત્રિવેદી

બિન્દીબહેન ત્રિવેદીએ જાણીતી કંપની વેલસ્પનના વડોદરા અને કચ્છના યુનિટમાં સંસ્થાના ઘણાં છોકરાઓને સારી એવી મહેનત કરીને જોબ અપાવી. તેનું ભવિષ્ય બનાવ્યું. સાથે સૂર્યકાંત ચાવડા વગેરેએ સહયોગ કર્યો. પરંતુ આ છોકરાંઓને પણ શાળાનું શિક્ષણ કેટલું કામ આવ્યું? તે પ્રશ્નાર્થ છે. ખરેખર આ ફેકટરીમાં તેની મશીનરીનો અવાજ ખૂબ થાય છે, ત્યાં બહેરાં લોકો જ કમ્ફર્ટેબ્લી કામ કરી શકે. આપણાં છોકરાઓની આ લાયકાત વિશેષ કામ કરી ગઈ.

# માઇક્રોસાઇનના નિશીથભાઈ મહેતા

નિશીથભાઈ મહેતા સંસ્થાના પરિચયમાં આવ્યા ને તેમના દિલમાં સંવેદના જાગી. તેઓ પોતે જ એક સંસ્થા જેવા છે. સમાજમાં જયાં જે કરવા જેવું લાગે, તે કરવા લાગે છે. ૧૯૭૮માં શરૂ થયેલી તેમની કંપની માઇક્રોસાઇન સાથે ટાટા, ઈસરો, મારુતિ, હૉન્ડા જેવી દેશની અગ્રીમહરોળની કંપનીઓના કોમ્પોનન્ટ બનાવે છે. આવી ખૂબ જ ચોકસાઈ માગતી પ્રોડકટ બનાવવામાં અત્યંત કુશળ કારીગરોની જરૂર પડે. પરંતુ નિશીથભાઈએ, તેની કંપનીમાં ૬૦% જેટલા દિવ્યાંગોને કામે રાખ્યાં છે. આ ઇન્ટેલેકચ્યુઅલ ડિસેબલ્ડ, સેરીબ્રલ પાલ્સી, હિયરિંગ ઇમ્પેર્ડને આગવી રીતે ટ્રેઇન કરી, કામે લગાડવાનો યશ નિશીથભાઈને જાય છે. વર્ષો સુધી આ માટે તેમણે ખૂબ ધીરજ ધરીને તપશ્ચર્યા કરી છે, ત્યારે આ સફળતા મળી છે.

# મનન શાહ



વિદ્યાર્થી મનન શાહ સેલ્ફ મેઇડ છે. ઇન્ટરનેશનલ સાઇન લૅન્ગ્વેજ ઉપર તેણે પ્રભુત્વ મેળવ્યું છે. દેશ અને વિદેશમાં ફરે છે, વર્કશોપ, સેમિનાર એટેન્ડ કરે છે ને તરવરાટથી ભરેલો છે. પરંતુ તેને તૈયાર કરવામાં સંસ્થાનો ફાળો કેટલો ? આ મૂલ્યાંકન ઉપરથી એવું લાગે છે કે શ્રવણમંદોના શિક્ષણ અને ઔદ્યોગિક તાલીમ અને પ્લેસમેન્ટ અંગે સમયની માંગ મૂજબ પાયામાંથી ફેરફાર કરવાની જરૂર છે.

# અનુપા શાહ

શ્રવણમંદો શિક્ષણ મેળવી પોતાની આત્મસૂઝ વડે સફળતા પ્રાપ્ત કરી શકે છે. જેનું એક શ્રેષ્ઠ ઉદાહરણ છે - અનુપાબેન શાહ. આ શાળામાં અભ્યાસ કર્યો. ૧૦૦ ટકા શ્રવણમંદતા હોવા છતાં કોલેજમાં સ્નાતકનો અભ્યાસ કરી ઉત્તીર્ણ થઈ. પોલિટેકિનક ઇન્સ્ટિટયૂટમાં કોમ્પ્યૂટર કોર્સ કરી આધુનિક ટેકનૉલૉજીનું પણ જ્ઞાન પ્રાપ્ત કર્યું. હાલમાં અમારી સંસ્થાની બી.એડ. (એચ.આઈ.) કૉલેજમાં અભ્યાસ કરે છે, ઉપરાંત શ્રવણમંદોને કૉમ્પ્યૂટરની તાલીમ આપવા માટે સંસ્થાના એ.ટી. ઍન્ડ ટી. ટૅકનૉલૉજી પાર્કમાં વિઝિટિંગ ફેકલ્ટી તરીકે પોતાની સેવા આપે છે.

આ સાફલ્ય ગાથાઓ આપણને ઘણું કહી જાય છે. ટૂંકમાં સંસ્થાની વ્યાવસાયિક તાલીમ માટે ફેર વિચારણાની અને પ્લેસમેન્ટ કરાવી શકે તેવા વેલ્ફેર ઑફિસરની તાતી જરૂર છે.



એ.ટી.એન્ડ ટી માં અનુપા શાહ

# ક્લિનચીટ

## આમંત્રણ

૧૯૮૦ માં સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા (SBI) ના ચેરમેન પી.સી.ડી. નામ્બિયાર ભાવનગરમાં આવ્યા. તેની એક મીટિંગ સૅન્ટ્રલ સૉલ્ટ રિસર્ચમાં યોજાવાની હતી. ચંદુકાકા કહે, 'આપણે નામ્બિયારસાહેબને બહેરાંમૂંગાં શાળા જોવા આવવા આમંત્રણ આપીએ.' વિચાર સારો હતો. એ દિવસોમાં સંસ્થા બહુ મોટી આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહી હતી. જ્યારે સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા તેના પ્રૉફિટમાંથી, સામાજિક ઉત્કર્ષ માટે સંસ્થાઓને સહાય આપતી હતી.અમે નામ્બિયારસાહેબને આમંત્રણ આપ્યું.

## ત્રણ લાખની એન્ડોવમેન્ટ ગ્રાન્ટ

સદ્‌ભાગ્યે સાહેબે અમારું નિમંત્રણ સ્વીકાર્યું. એ અધિકારીઓના કાફલા સાથે સંસ્થા જોવા આવ્યા. સંસ્થાની પ્રવૃત્તિઓ જોઈને તેઓ ઘણા પ્રભાવિત થયા. સહાય કરવા માટે વચન આપ્યું. બૅંકના નિયમ મુજબ અરજી કરી ને આશ્ચર્ય વચ્ચે મુંબઈથી રૂપિયા ત્રણ લાખની એન્ડોર્સમેન્ટ ગ્રાન્ટ મંજૂર થયાનો પત્ર આવ્યો. આ 'એન્ડોવમેન્ટ' શબ્દનો અર્થ ત્યારે પહેલી વખત જ મારી સમજમાં આવ્યો. તેમાં ત્રણ લાખની FD સંસ્થાના નામની નીકળે. FD SBI ની સ્થાનિક બ્રાન્ચના મૅનેજરના કબજામાં રહે. સંસ્થાના ખાતામાં તેનું વ્યાજ જમા થયા કરે. આ FD. ની મુદત ત્રણ વર્ષે પૂરી થતી હતી. મુદત પૂરી થયે, રકમ બૅંકમાં પાછી જાય. આમ જોઈએ તો બહુ મોટો ફાયદો ન હતો. ત્રણ વરસે વ્યાજ બંધ થાય એટલે પાછા હતા ત્યાંને ત્યાં. તો પણ ખુશીની સીમા ન હતી કારણ કે સંસ્થા ચલાવવામાં એક એક દિવસના વાંધા હતા. અમદાવાદના ટાગોરહૉલમાં આ સહાય અર્પણ કરવાનો કાર્યક્રમ બૅંક તરફથી ગોઠવવામાં આવ્યો. અમે બસ કરીને બાળકોને અમદાવાદ લઈને ગયા. ચેરમેન પી.સી.ડી. નામ્બિયાર અને અન્ય મહાનુભાવો મુંબઈથી પધાર્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાના બાળકોએ રાસ ગરબા અને અભિનય નૃત્યની રમઝટ બોલાવીને પ્રશંસા મેળવી, અંતે શુભેચ્છા સાથે સંસ્થાને ચેકની અર્પણવિધિ પૂરી થઈ. આ સહાય સંસ્થા માટે ઑક્સિજન સાબિત થઈ.



**અમદાવાદ, ટાગોર હૉલમાં સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયાનાં ચેરમેન પી.સી.ડી. નામ્બિયારનું સન્માન**

## ગામમાં તેજોદ્વેષીઓનો તોટો નથી

બૅંકની આ સહાયના સમાચાર છાપાઓમાં બહુ ચમકયા. છાપામાં ચમકવાથી ફાયદો પણ થાય અને નુકસાન પણ. સમાજનો મોટો વર્ગ સંવેદનશીલ હોય છે, તેમ તેજોદ્વેષીઓનો પણ તોટો નથી હોતો. રાજા રામ લંકાથી સીતાજીને લઈને અયોધ્યા આવ્યા, ત્યારે આખા નગરમાં હર્ષની હેલી ચડી હતી. પરંતુ પેલી ધોબણે શું કહ્યું ? એમ

**સમાજનો મોટો વર્ગ સંવેદનશીલ હોય છે, તેમ તેજોદ્વેષીનો પણ તોટો નથી હોતો. રાજા રામ લંકાથી સીતાજીને લઈને અયોધ્યા આવ્યાં, ત્યારે આખા નગરમાં હર્ષની હેલી ચડી હતી. પરંતુ પેલી ધોબણે શું કહ્યું ?**

સંસ્થાને સહાય મળી, તેમાં ગામ આખું રાજી થયું પરંતુ એક માણસના પેટમાં તેલ રેડાયું. ટેવ મુજબ નનામી અરજી કરી. 'સહાય રોકો, સંસ્થાના હિસાબકિતાબમાં ગડબડ ચાલે છે, તપાસ કરો' હવે ! આ તો બેંક, હાથી નીકળી જાય પણ પૂંછડી ન નીકળે. તપાસનો ધમધમાટ શરૂ થયો. વ્યાજની સહાય સ્ટોપ કરવામાં આવી. બેંકની ગઢેચી વડલા શાખાના મેનેજર પાલસાહેબ હતા. તે તપાસ અધિકારી નિમાયા. ગમે ત્યારે આવી ચડે. સંસ્થાના બધા કાર્યકરોની કુંડળી તેણે તો ગામમાંથી ભેગી કરી. સંસ્થાનું રેકર્ડ ફેંદયું, સ્ટેટમેન્ટ રેકોર્ડ કર્યાં. બાકી હતું તે ગામમાં પૂછપરછ કરી આવ્યા. એક નનામી અરજી ઉપર, તપાસમાં એ લઈ દઈને લાગી પડયા. છેવટે અમે થાકયા મેં કહ્યું, 'સાહેબ આમાંથી કાંઈ નીકળવાનું નથી. હવે તપાસ પૂરી કરો, તો આપણે બીજું કાંઈક કામ કરી શકીએ, તમારે એન્ડોવમેન્ટ ગ્રાન્ટ ન આપવી હોય તો પાછી મોકલી આપો, પણ આ આબરૂના ધજાગરા થાય છે એ હવે બંધ કરો.'

આ અચોકકસતામાં એકાદ વરસ જેવો સમય પસાર થઈ ગયો. ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઉંદર જેવું થયું. અંતે અમને કિલનચીટ મળી. સહાય પાછી ચાલુ થઈ. અમે રાહતનો શ્વાસ લીધો. પરંતુ સમાજના સારા કામમાં પણ કયારેક આવા વિઘ્નસંતોષીઓ કાંકરીચાળો કરીને આનંદ લેતા હોય છે.

# 'મિયા પડ્યા પણ ટંગડી ઊંચી'

શાળાની બરાબર સામે ભાવનગર કેળવણી મંડળનો પ્લોટ નં. ૫૩ આવેલો હતો. આ લગત પ્લોટની અમારે બહુ જરૂરત હતી. તે સમયે ભાવનગર કેળવણી મંડળના પ્રમુખ રમણીકભાઈ પટેલ હતા. તે અમારા શુભચિંતક પણ ખરા. સંસ્થાના મેઇન બિલ્ડિંગમાં હવે વધુ બાળકોનો સમાવેશ થતો ન હતો, એક્સ્પાનશન જરૂરી હતું, તે માટે અમારા મુંબઈ સ્થિત દાતા અને શામજીકાકાના ભાગીદાર રતિભાઈ દોશીના પત્ની કમળાબહેને, ભાવનગરના કૃષ્ણનગર વિસ્તારમાં આવેલાં તેના પ્લોટ નં. ૧૯૨૧, તેમાં આવેલ કૃષ્ણકુંજ બંગલા સાથે ભેટ આપવાની ઑફર કરેલી. કમળાબહેન દોશીનો પ્લોટ ૨૧૫૦ વારનો હતો. આ પ્લોટના બે ભાગ કરીને એક પ્લોટ, પ્લોટનું માપ બંગલા સાથે, ભાવનગર કેળવણી મંડળના નામે કરાવી આપવાની ઑફર મેં રમણીકભાઈને કરી, તો તે તેના બદલામાં તેના મંડળનો પ્લોટ નં. ૫૩ અમને આપવા સહમત થઈ ગયા.ભાવનગર નગરપાલિકામાં અમે બંને સંસ્થાએ આ પ્લોટ ટ્રાન્સફર માટે જરૂરી પ્રોસિજર કરી એટલે ભાવનગર કેળવણી મંડળનો આ લગત પ્લોટ, વર્ષ ૧૯૭૯ માં સંસ્થાના નામે થઈ ગયો. આ પ્લોટની પાછળ ૬૫૦ ચો.વા. ની ડેડ ઍન્ડવાળી ગલી હતી. તેનો ઉપયોગ થતો ન હતો. સંસ્થાના ટ્રસ્ટી મણિભાઈ ગાંધીના સંન્નિષ્ઠ પ્રયત્ન અને દૂરંદેશીથી નગરપાલિકા પાસેથી આ ગલી મેળવવામાં પણ સફળ રહ્યા એટલે તેમાં જરૂરિયાત મુજબ મકાન બાંધી શકાય, તેવા સંજોગ ઉપસ્થિત થયા.

## બાંધકામ સામે સ્ટે

આ પ્લોટ નં. ૫૩ રાજયના વખતની ખાણનો મોટો ઊંડો ખાડો હતો. ખાડામાં અમે વિકલાંગો માટેના કૃત્રિમસાધનોનું વર્કશોપ, ગ્રાઉન્ડ ફલોર અને ફર્સ્ટ ફલોર ઉપર નાનાનાના શ્રવણમંદ ભૂલકાંઓ માટે ઇન્ફન્ટ સ્કૂલના કલાસરૂમ અને બીજા માળે ડેમૉન્સ્ટ્રેશન તથા ટ્રેનિંગમાં આવતી માતાઓને રહેવા માટે ગેસ્ટરૂમના બાંધકામનું આયોજન કર્યું હતું. આ ૧૩૦૦૦ ચો. ફૂટના બાંધકામનો ખર્ચ ૩૩,૦૦,૦૦૦ (તેત્રીસ લાખ રૂપિયા) અંદાજવામાં આવ્યો હતો. અમે નગરપાલિકામાં નકશા મૂકયા. તે વર્ષ ૧૯૮૭ માં મંજૂર થઈ આવ્યા. ફંડ ડ્રાઇવ શરૂ થયો. માનવ સેવાના આવા ઉત્તમ કામમાં દાતાઓનો સહયોગ મળવા લાગ્યો. બાંધકામ શરૂ થયું. ખાડામાં બેઝમેન્ટ, તેના ઉપર ગ્રાઉન્ડ ફલોર, અને ફર્સ્ટ ફલોરના બાર કલાસરૂમ બંધાયા પછી, સેકન્ડ ફલોરનો સ્લેબ ભરવા માટે અમે સેન્ટિંગ બાંધ્યું, સાઇટ ઉપર સિમેન્ટ, કાંકરી વગેરે માલ-સામાન ઉતાર્યો અને અમે સ્લેબ ભરવા જઈ રહ્યા હતા ત્યાં ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાસંઘે બાંધકામ અટકાવી દેવા માટે કોર્ટમાંથી સ્ટે ઑર્ડર મેળવીને બજવણી કરી ને ચાર વરસથી ચાલતું બાંધકામ૧૯૯૨માં ઠપ્પ થઈને અટકી પડયું.

**એક તરફ સેન્ટિંગનું ભાડું ચડવા લાગ્યું. માથે વરસાદ એટલે સિમેન્ટ ખરાબ થવા લાગી. અમારી ચિંતામાં વધારો થયો. દાવાનું કારણ જોઈએ તો સાવ વાહિયાત અને હાસ્યાસ્પદ હતું.**

**એડવોકેટ મનસુખભાઈ મહેતાએ કોર્ટને સ્થળ ઉપરની સ્થિતિનું પંચનામું કરવા અને જમીનની માપણી કરવા માગણી કરી. માપણી કરતાં કોર્ટે ટકોર કરી, 'આમાં ક્યાં દબાણ થયું છે ?'**

એક તરફ સેન્ટિંગનું ભાડું ચડવા લાગ્યું. માથે વરસાદ એટલે સિમેન્ટ ખરાબ થવા લાગી. આમ અમારી ચિંતામાં વધારો થયો. દાવાનું કારણ જોઈએ તો સાવ વાહિયાત અને હાસ્યાસ્પદ હતું. જૈન સંઘનું કહેવું હતું કે અમે તેની જમીન ઉપર બાંધકામ કરી રહ્યાં છીએ! ખરેખર જૈન સંઘનો ખાલી પ્લોટ બાજુમાં હતો ને ફરતી ઊંચી દીવાલ બાંધી હતી. તેમ છતાં જૈન સંઘે સ્ટે મેળવ્યો ને અમને ટ્રસ્ટીઓને જેલમાં બેસાડવા હુકમ કરવાની માગણી કરી સાથોસાથ દાવાવાળી અમારી મિલકત હરરાજી કરીને યોગ્ય વળતર આપવાનો હુકમ કરવા કોર્ટ પાસે દાદ માગી.

છેવટે સંસ્થાના શુભચિંતક એડવોકેટ મનસુખભાઈ મહેતાએ કોર્ટને સ્થળ ઉપરની સ્થિતિનું પંચનામું કરવા અને જમીનની માપણી કરવા માગણી કરી. માપણી કરતાં જૈન સંઘને કોર્ટે ટકોર કરી ‘આમાં કયાં દબાણ થયું છે?’ પરંતુ જૈન સંઘના શ્રેષ્ઠીઓએ જીદ ન છોડી . મુદત ઉપર મુદત પડે જતી હતી નુકસાન તો સંસ્થાને જ થતું હતું. છેવટે મુંબઈથી શામજીકાકા, દીપચંદભાઈ ગાર્ડીને લઈને ભાવનગર જૈન સંઘના શ્રેષ્ઠીઓને સમજાવવા આવ્યા. પરંતુ સંઘના શ્રેષ્ઠીઓ લડવાના મૂડમાં હતા. છેવટે કોર્ટનો ચુકાદો આવ્યો. જૈન સંઘની નામોશીભરી હાર થઈ. અમને થયું હવે છુટકારો થયો ને જલદી બાંધકામ ચાલુ કરીશું. ત્યાં સંઘે પાછી ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી. આમ અમારો સમય અને પૈસા વેડફાઈ રહ્યા હતા  ને સંઘના શ્રેષ્ઠીઓના પેટનું પાણી હલતું ન હતું. જોકે ગુજરાત હાઈકોર્ટમાં પણ જૈન સંઘની હાર થઈ. અમે ઝડપથી બાંધકામ પૂરું કરીને ૧૮ એપ્રિલ ૧૯૯૩ના દિવસે આ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું.










# એક્સપોઝડ બ્રિકનું બેનમૂન આર્કિટેક્ચર

## ઐતિહાસિક વારસો

કોર્ટનો સ્ટે ઊઠી ગયો એટલે અમે શાળાના મેઈન બિલ્ડિંગની સામે આવેલ પ્લોટમાં મકાન બાંધવાનું શરૂ કર્યું. બહેરાંમૂંગાં શાળાના મકાનની અદ્‌ભુત ડિઝાઈન જાણીતા આર્કિટેક્ટ ધનસુખ ભટ્ટે બનાવી હતી. આ નવા બંધાનારા મકાનમાં કૃત્રિમ સાધનોનું વર્કશોપ, શ્રવણમંદ બાળકો માટે ઈન્ફન્ટ ટ્રેનિંગ સેન્ટર અને ગેસ્ટરૂમ વગેરેનો સમાવેશ કરવાનો હતો. આર્કિટેક્ટ ધનસુખ ભટ્ટનો વિચાર આ મકાન પણ પથ્થરનું બાંધવાનો હતો. જેથી સામસામે સરખાપણું લાગે. પરંતુ અમે ઘડેલા પથ્થરનું એક મકાન કરીને થાકી ગયા હતા. અને તેમાં પણ હજુ ઘણું કામ બાકી હતું. છેવટે તેણે પથ્થરના મકાન સામે બહુ જુદું ન પડે તેવું એક્સપોઝડ બ્રિકનું મકાન બનાવવાનો આઈડિયા વાપર્યો. એટલું જ નહીં પરંતુ એલિવેશનમાં મકાન ફરતી ૩૦ થી ૪૦ ફૂટ જેટલી ઊંચી કલાત્મક આર્ચ બનાવીને શોભા વધારી. આ કલાત્મક આર્ચને કારણે મકાન બીજા કરતાં જુદું પડે છે. ભાવનગર શહેરમાં એક્સપોઝડ બ્રિકમાં આવી કલાત્મક આર્ચ

(ગોળાઈ) ક્યાંય જોવા મળતી નથી. હા, બ્રિટિશ ઍન્જિનિયરની ડિઝાઇન પરથી સો એક વરસ પહેલાં બંધાયેલ દરબારી કોઠારનાં પથ્થરનાં મકાનમાં આવી આર્ચ દશ્યમાન થાય છે. પરંતુ અફસોસ આ સૌંદર્ય માણવા માટે દૃષ્ટિ જોઈએ તેનો અભાવ જણાય છે. ભાવિ પેઢી આવો ઐતિહાસિક વારસો જાળવી રાખશે તેવી આપણે આશા રાખીએ.

એકસપોઝડ બ્રિકનાં બ્યુટિફિકેશનને કારણે શોભાયમાન આ મકાન અંદરથી પણ એટલું જ સુંદર છે. નાની જગ્યામાં ખૂબીપૂર્વક બેસાડેલાં વર્ગખંડો, તેની અંદર અર્ધ ગોળાકાર બેઠક વ્યવસ્થા, ઉપરથી નીચે સુધી વચમાં ગોળ ફરતો આકર્ષક દાદરો, મોટી-મોટી બારીઓ, તેની ઉપર મજાની આર્ચ અને બાળકોને લલચાવે એવાં મનગમતાં રંગોનો યુક્તિપૂર્વક ઉપયોગ તેની વિશેષતા છે.

શાળાનાં પથ્થરના મકાનની જેમ આ મકાનને પણ આર્કિટેક્ચર પોઇન્ટ ઑફ વ્યૂથી મૂલવવામાં આવે છે ત્યારે આનંદ થાય છે.






# હલન-ચલનની ક્ષમતા વધારતું પ્રભાકુંવર રતિલાલ વાધર વિકલાંગ સાધન સહાય કેન્દ્ર

## ઉછામણીમાં વાત વટે ચડી

બહેરાંમૂંગાં શાળાની સામે પ્લોટમાં ઊંડો ખાડો હતો. તેમાં બેઝમેન્ટ કરીને કૃત્રિમસાધનોનું વર્કશોપ બનાવવાનું નક્કી થયું. આ યુનિટ ઉપર નામ મૂકવા માટે મફતકાકાના વેવાઈ, બાલચંદભાઈ ઝવેરી અને અમારા શશીભાઈ વાધર વચ્ચે રીતસર ઉછામણી બોલાણી હતી. પ્રસંગ હતો મુંબઈના બિરલા માતુશ્રી ગૃહના કાર્યક્રમમાં એકત્રિત થયેલા ફંડમાંથી બંધાયેલ છાત્રાલયના ઉદ્‌ઘાટનનો. સંસ્થાનાં ગ્રાઉન્ડમાં સમાજ સુરક્ષા ખાતાના મંત્રી ડૉ.સુશીલાબહેન શેઠની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમમાં મુંબઈથી મોટો દાતા સમુદાય આવ્યો હતો. શશીભાઈ અને બાલચંદભાઈ વચ્ચે વાત વટે ચડી ગઈ હતી. બાલચંદભાઈ ઝવેરી બહુ મોટી હસ્તી. એમ વાત મૂકે નહીં. પછી શામજીકાકાએ દરમ્યાનગીરી કરી, અને શશીભાઈના માતુશ્રી પ્રભાકુંવર રતિલાલ વાધર વિકલાંગ સાધન સહાય કેન્દ્રની સ્થાપના માટે રૂ.૨,૧૧,૦૦૦/- ની બોલી ફાઈનલ કરાવી. સંસ્થાના કામથી દાતાઓને સંતોષ થતો હતો તે જોઈને દર વર્ષે યોજાતા આવા ઉદ્‌ઘાટનોમાં નવા કામના શિલારોપણ થતા ત્યારે દાતાઓની આમ પડાપડી થતી. ટૂંક સમયમાં વર્કશૉપ તૈયાર થઈ ગઈ. ઈન્ડસ્ટ્રિયલ ઓવન વગેરે સાધનો વસાવવામાં આવ્યા. સમગ્ર વિસ્તારમાં આ એક માત્ર વર્કશૉપ હોવાથી સૌરાષ્ટ્ર, કચ્છ વગેરેનાં દર્દીઓ મોટા પ્રમાણમાં લાભ લેવા લાગ્યા. વર્કશોપમાં પોલિયોનાં દર્દીઓ માટે કેલીપર, બૂટ, બગલઘોડી, કૃત્રિમ હાથ-પગ બનાવવાનું શરૂ થયું. છેલ્લાં ત્રીસ વરસમાં હજારો જરૂરિયાતમંદ લોકોને આ સાધનો આપવામાં આવ્યાં છે.







# કમળાબહેન રતિલાલ દોશી ઈન્ફન્ટ ટ્રેનિંગ સેન્ટર

## 'મુદત પર મુદત'

શામજીભાઈ પારેખનાં ભાગીદાર રતિભાઈ દોશીનાં પત્ની કમળાબહેને ભાવનગરનાં કૃષ્ણનગર વિસ્તારમાં આવેલો તેનો બહુમૂલ્ય પ્લોટ નં. ૧૯૨૧-એ અને ૧૯૨૧-બી., બહેરાંમૂંગાં શાળાને ભેટ આપ્યો. પ્લોટના બંગલામાં વર્ષો જૂના ભાડૂત હતા. તે ખાલી કરી આપશે તેવી આશા ઠગારી નીવડી. ઊલટાના મનદુઃખ થયા. કોર્ટ, કચેરી શરૂ થાય પછી 'મુદત પર મુદત' તે આ મેટરમાં એકદમ સાચું પડયું.

## ઋણ અદા કર્યુ

કમળાબહેને આપેલા પ્લોટ ઉપર તેની ભાવના મુજબ કાંઈ થઈ શકતું ન હતું. દરમ્યાન શાળાની સામેનાં પ્લોટ ઉપર કુમળી વયના શ્રવણમંદ બાળકો માટે શાળાનું મકાન બાંધવાનું નક્કી થયું. દાતાનો વિશ્વાસ જળવાય અને ઋણ અદા થાય તે હેતુથી અમે આ પ્રોજેકટને સ્વ. કમળાબહેન રતિલાલ દોશી ઈન્ફન્ટ ટ્રેનિંગ સેન્ટર નામ આપ્યું અને તેની ઉપર પ્રથમ અને બીજા માળનાં બાંધકામ માટે તેમના કોનવેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી દાન મળતા તેને 'ડેફનેસ ડિટેકશન એન્ડ પેરન્ટ કાઉન્સેલિંગ સેન્ટર' નામ આપવામાં આવ્યું. આમ, પ્રવૃતિ શરૂ કરીને દાતાનો વિશ્વાસ સંપાદન કરવામાં અમે સફળ રહ્યા.

## ઉપયોગી સુવિધા

શ્રવણમંદ બાળકના જન્મ પછી વહેલાંમાં વહેલી તેની તાલીમ શરૂ થાય તેનું ઘણું મહત્ત્વ છે. આ સેન્ટરમાં ૧૦૦ જેટલાં નાના-નાના ભૂલકાંઓ તાલીમ મેળવે છે. સાથોસાથ તેની માતાઓ વગેરે માટે રહેવા માટેની વ્યવસ્થા ટોપ ફલોર ઉપર છે તે અતિ ઉપયોગી બની રહી છે.



# જીકો



બહેરાંમૂંગાં શાળાનું મકાન, ભાવનગરની બાજુમાં આવેલ સિહોરના ડુંગરાની ખાણના પથ્થર ઘડીને બનાવવાનું નક્કી કર્યું ત્યારે ૧૯૭૦નું વરસ હતું. ઈંટોના મકાનો સસ્તા થાય અને ઝડપથી બને એટલે મકાનોમાં પથ્થરનો ઉપયોગ ઓછો થઈ ગયો હતો, ખાણમાંથી પથ્થર કાઢવાનું કામ તેના જાણકાર ખાણિયાઓ કરતા હોય છે. હવે તેની ડિમાન્ડ ઓછી થવાથી ખાણિયાની સંખ્યા પણ ઘટી ગઈ હતી. તેમાં પણ ભાવનગર રાજયના વખતની ખાણના આછા ગુલાબી રંગના પથ્થર વાપરવા હતા. આ ખાણમાંથી પથ્થર કાઢવાનું કામ દુષ્કર હતું.

**જીકો દુર્ગમ ખાણમાંથી પથરા કાઢવામાં એક્સ્પર્ટ હતો.**

આ ડુંગરની ખાણમાંથી પથ્થર ખોદી કાઢવાની પરમિટ તો અમે જેમ તેમ કરીને મેળવી લીધી, પરંતુ કોઈ ખાણિયા આ ડુંગરની ખાણમાંથી પથ્થર કાઢી આપવા તૈયાર થતા ન હતા. અમારા કાર્યકર કાળુભાઈ દરજી ખાણિયાને શોધીને મનાવવા વારંવાર સિહોર જતા. સિહોર ગામના દરવાજે હંમેશાં સાંજના કડિયા, દાડિયા, સુથાર, ખાણિયા જેવા કારીગરોની બેસરણ ભરાય. આજુબાજુમાં ચાપાણી-નાસ્તાની દુકાનો સાંજે કારીગરોથી ધમધમતી હોય. આ બેસરણમાં દરેકની જગ્યા નક્કી હોય કાળુભાઈ થાકયા પછી, એક દિવસ ભોળાભાઈ ભટ્ટે સાથે રહીને, એક ખાણિયાનો ભેટો કરાવી દીધો, ને કહે 'આ તમારું કામ કરી દેશે.' એ ખાણિયાનું નામ જીકો. આ ભોળાભાઈ એટલે અમારી શાળાનાં ગૃહમાતા ભાવનાબહેન ભટ્ટના પિતા. એ સિહોરમાં મામલતદાર ઑફિસમાં કામ કરે. પરમિટ માટે ખાણિયાઓને તેનું કામ પડે એટલે એ બધાંને ઓળખે અને ભાર દઈને કહી પણ શકે.

ભાવ તાલ નક્કી કરવા, એક દિવસ કાળુભાઈ આ જીકાને ભાવનગર લઈ આવ્યા. જીકો દુર્ગમ ખાણમાંથી પથરા કાઢવામાં એક્સ્પર્ટ હતો. અમારું બાંધકામ મોટું હતું એટલે માલની જરૂરિયાત ઘણી હતી. વળી બાંધકામ શરૂ થાય, તેની ચાલ જળવાય રહે એ માટે, ખાણમાંથી માલ નિયમિત આવે એ જોવાનું હતું. સિહોરના ખાણિયા ઍડ્વાન્સ લઈ જઈને, માલ બીજાને આપી, રોકડી કરી લેવા માટે જાણીતા હતા. એટલે ટ્રેઝરર કાંતિકાકાએ જીકાની બધી ઊલટતપાસ કરી, માતાજીના સોગંદ લેવરાવી તેને બાંધી લીધો. છેલ્લે વાત આવી એક ટ્રકનાં પથ્થરના ભાવની. જીકો કહે એ ભાવ કાંતિકાકાને કોઈ હિસાબે ગળે ઊતરે નહીં. છેવટે જીકાએ કહ્યું, 'કાકા મારા, ડુંગરની ખાણમાંથી તમારા પથ્થર કાઢવામાં મારા લોહી ને પાણી એક થવાના છે, તમે ડુંગરામાં આવીને જોઈ જાવ, કેટલી મહેનતથી પથ્થર નીકળે છે! પછી જે ભાવ દેવો હોય એ દેજો, કાકા કહે 'કબૂલ, બાપના બોલથી.'

ખાણમાં કામ શરૂ કરવા માટે ઍડ્વાન્સની રકમ લઈને જીકો ગયો. થોડા દિવસ પછી સિહોરથી પથ્થરની ગાડીઓ સાઈટ ઉપર ઠલવાવા લાગી. ભાવ નક્કી થયો નહોતો એટલે જીકો ગાડી દીઠ ઍડ્વાન્સ પૈસા લઈ જાય. હવે કાંતિકાકાને ચટપટી થવા લાગી. આમ ને આમ ઓવર પેમેન્ટ થઈ જશે તો? પૈસા પાછા કોણ આપશે? ભાવની આ સમસ્યાનો ઉકેલ લાવવા, અમે એક દિવસ કાંતિકાકા સાથે સિહોરની કાંટમાં પહોચ્યા. જોયું તો દૂર ઊંચા ઊંચા ડુંગરાઓમાં અમારી

**સિહોરના ખાણિયા એડવાન્સ લઈ જઈને, માલ બીજાને આપી, રોકડી કરી લેવા માટે જાણીતા હતા. કાંતિકાકાએ માતાજીના સોગંદ લેવરાવી તેને બાંધી લીધો.**

**જીકાએ કહ્યું, ડુંગરની ખાણમાંથી પથ્થર કાઢવામાં મારા લોહીને પાણી એક થવાના છે.**

ખાણ. ચારે તરફ બાવળિયાનાં ઝૂંડ. વચ્ચે ખાડાટેકરામાંથી ડુંગરની તળેટી દેખાય. આ ઉનાળાનાં ધોમધખતા તાપમાં, બાઈઓ બાવળિયાનાં થડ સાથે બાંધેલા ઝૂલણામાં એનાં છોકરાંને ઝુલાવતી જાય, હાલરડાં ગાતી જાય અને આજુબાજુમાંથી કોઈ જંગલની વનસ્પતિ વીણતી જાય. તો કોઈ ડુંગર ઉપર ખાણમાંથી દેડવીને નીચે ફેંકેલા પથ્થરને ભેગા કરતી જાય. અમે જોયું કે અહીં પીવા માટે પાણીનાં પણ સાંસા હતા. ક્યાંક બાવળના થડ નીચે, પાણી ભરેલા પતરાનાં ડબા દેખાતા હતા. આમ એક તરફ આ મહેનતકશ મજદૂરોની અને બીજી તરફ વાતાનુકૂલ માહોલમાં વૈભવ વચ્ચે મહાલતાં આપણાં શહેરી સમાજ વચ્ચેની ખાઈ જોઈને અમે ગ્લાનિ અનુભવી. છેવટે અમે, અમારા સર્વે નંબરના ડુંગરની તળેટીમાં પહોચ્યાં. ઊંચા ડુંગર માથે જીકો ઉઘાડા ડિલે પથ્થરની મોટી શિલા માથે હથોડા ઠોકતો હતો, સામી બાજુ એના દીકરાએ મોટા સાણસામાં છીણી દબાવી રાખી હતી. અમને જોઈને જીકાએ કામ પડતું મૂકયું ને હાથમાં ખમીશ લઈને, હવામાં હલાવતાં હલાવતાં, ‘એ આવો મારા બાપલા, આવો.’ એમ મોટેથી બોલવા લાગ્યો. એના આ હર્ષોલ્લાસના પડઘા ડુંગરની કોતરોમાં પડયા એટલે આજુબાજુમાં ડુંગર ઉપર કામ કરતા તેના સાગરીતો પણ, આનંદથી જોડાયા. આવી ધગધગતી લૂના વાયરા વાતા હોય, ત્યાં આવી દુર્ગમ જગ્યાએ અમે આવશું, એવું જીકાએ ધાર્યું નહોતું. તળેટીમાં ઊભેલા અમને, ડુંગર ઉપર જવાનો રસ્તો સૂઝતો ન હતો. પણ થોડીવારમાં જીકો અને તેનો જમાઈ હડી કાઢીને નીચે આવ્યા. ડુંગરમાં ચડવા-ઊતરવા માટે આ લોકો કેડા બનાવતા હોય છે. અમારો હાથ ઝાલીને ધીમે ધીમે એ અમને ઉપર લઈ ગયા. ડુંગરમાંથી પથ્થર કેવી રીતે કાઢવા એની પણ કળા હોય છે, એ હવે અમને સમજાણી. વૃક્ષના થડમાં તેની આયુષ્ય મુજબ સળ હોય છે, એમ ડુંગરમાં સળ, જીકાએ અમને બતાવી. કઈ જગ્યાએ દાર પાડીને, ટોટા મૂકી ફોડવાથી, આખે આખી શીલા નીકળશે, એ આ અનુભવી ખાણિયા જાણતા હોય છે.પછી એ મોટી શિલામાંથી હથોડા ને છીણા મારીને, બાંધકામને લાયક તોડાં બનાવી નીચે દેડવી ઢગલા કરે અને ટ્રક ભરે. અમારો ડુંગર જંગલમાં ઘણો અંદર, ઊંચો અને હાર્ડ રોકી હતો, એટલે તેને તોડવામાં જેવા તેવાનું કામ નહોતું. જીકો આ કામનો અનુભવી અને એકસ્પર્ટ હતો. દિવસ અને રાત, ટાઢ અને તડકો જોયા વગર, પેટનો ખાડો પૂરવા કામ કરતા જીકાની હાલત જોયા પછી, તેના માલનું મૂલ્ય આંકવાની અમારી હિંમત ન ચાલી. બહેરાંમૂંગાં શાળાની આ વિશિષ્ટ શૈલીની અદભુત ઈમારતના પાયામાં, જીકા જેવા શ્રમજીવીઓના પરસેવાનાં પાણીથી સિંચન થયું છે, એ કદી ભૂલાશે નહીં.

**દિવસ અને રાત, ટાઢ અને તડકો જોયા વગર, પેટનો ખાડો પૂરવા કામ કરતાં જીકાની હાલત જોયા પછી, તેના માલનું મૂલ્ય આંકવાની અમારી હિંમત ન ચાલી. બહેરાંમૂંગાં શાળાની આ વિશિષ્ટ શૈલીની અદ્ભુત ઈમારતના પાયામાં, જીકા જેવા શ્રમજીવીઓના પરસેવાનાં પાણીથી સિંચન થયું છે, એ કદી ભૂલાશે નહીં.**


# ઘરથી દૂર એક ઘર, મહેતા હૉસ્ટેલ ફૉર ધી ડેફ

## પથ્થરના કપચાનો વેસ્ટ

આર્કિટેક્ટ ધનસુખ ભટ્ટે, શાળાનું મકાન સિહોરના ઘડેલા પથ્થરનું બનાવવાની ડિઝાઇન આપી હતી. ૧૯૭૦માં અમે બહેરાં મૂંગાની શાળાનું બાંધકામ શરૂ કર્યું. સિહોરની ખાણમાંથી ટ્રક ભરીને મોટામોટા પથ્થરના બેલાં આવવા લાગ્યાં. આ બેલાંને ઘડવા માટે અમે રાજુલાના સલાટને બોલાવ્યા ને શાળાની સાઇટની આજુબાજુ તેને ઘડવા બેસાડયા. મોટામોટા પથ્થરના આ બેલાંમાંથી માપ પ્રમાણે ચોરસ, લંબ ચોરસ કે બારી, દરવાજા અને દીવાલના ખૂણાના પીસ એ લોકો ઘડી કાઢતા. પરંતુ આ ઘડાઈ પછી પથ્થરના તોડા (ઘડી ન શકાય તેવા નાના પથ્થર) અને કપચાનો વેસ્ટ બહુ પડતો હતો. શાળાની સાઇટની આજુબાજુમાં તે સમયે ખાસ રહેણાકના મકાનો બન્યાં ન હતાં એટલે પથ્થરના ટ્રક ખાલી કરાવવાની જગ્યા તો મળી રહેતી. પરંતુ સલાટ એક ટ્રકના પથ્થર ઘડે, ત્યાં ત્રીજા ભાગનો વેસ્ટ તો તોડા અને કપચાનો ભેગો થઈ જતો. ઉપરાંત ખાણિયા પણ સારા પથ્થર સાથે થોડા ખરાબ પથ્થર ટ્રકમાં નાંખી દેતા. શાળા બાંધકામની સાઇટ ઉપર આમ આ વેસ્ટના મોટામોટા ટેકરાઓ થતા જતા હતા. તે જગ્યા બહુ રોકે તેને વેચવા જઈએ તો કોઈ લે નહીં ને તેને ઉપાડી જવાનું ભાડું ટ્રકવાળા બહુ માગતા હતાં. છેવટે આ વેસ્ટ સામેના પ્લોટ નં. ૫૩ ના ખાડામાં નાખવાનું શરૂ કર્યું. બાંધકામ તો પાંચ છ વરસથી ચાલતું હતું ને હજુ ઘણાં વરસ ચાલવાનું હતું. એટલે વેસ્ટ તો વધતો જ જવાનો હતો, તેનું શું કરવું એ કોઈને સમજાતું ન હતું.

## વેસ્ટમાંથી બેસ્ટ છાત્રાલયના મકાનનો પ્લાન

દરમ્યાન ૧૯૭૩માં આ ખાડા પાછળનો પ્લોટ નં. ૫૪ મ્યુનિસિપલ કૉર્પોરેશને અમને છાત્રાલય બાંધવા માટે ફ્રી લીઝથી આપ્યો. આ ૧૫૨૧ ચો.વા. ના પ્લોટ ઉપર શાળાના છોકરા છોકરીઓ માટેનું છાત્રાલય, ડાઇનિંગહૉલ, સ્ટાફ કવાર્ટર વગેરે બનાવવાનું પ્લાનિંગ અમે કર્યું. ઘડેલા પથ્થરનું બાંધકામ મોંઘું તો પડતું જ હતું ને સમય પણ બહુ લાગતો હતો. ઉપરાંત ઘડી ન શકાય એવા પથ્થરના તોડા અને કપચા પુષ્કળ પડયા હતા. આ સમસ્યાના ઉકેલ માટે આર્કિટેક્ટ ધનસુખ ભટ્ટે, ઘડયા વગરના પથ્થરના તોડામાંથી છાત્રાલયનું બિલ્ડિંગ બનાવવાનો સુઝાવ રજૂ કર્યો. તે મુજબ સવા





**હું અને કાકા મુંબઈ ગયા. અમારો આંટો સફળ થયો. મહેતા હૉસ્ટેલ ફોર ધી ડેફ નામ આપવાની શરતે મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી અમને દાન મળ્યું.**




**ડાબી બાજુથી વચમાં જીતેન મોદી, વેણીભાઈ પારેખ અને મુંબઈથી આવેલા દાતા સૈયદના સાહેબના પ્રતિનિધિ**

ફૂટ જાડી લોડ બેરિંગ દીવાલ બાંધવામાં આગળ-પાછળ ઘડયા વગરના તોડા અને તેની વચ્ચે સિમેન્ટ કોંકરિટના માલ સાથે કપચાનો ઉપયોગ કરવાનું નકકી કર્યું. આ ગ્રાઉન્ડ પ્લસ ટુ ૨૧૦૦૦ ચોરસ ફૂટ છાત્રાલયની આખી ઈમારત ઊભી કરવા માટે રૂપિયા દશેક લાખના ખર્ચનો અંદાજ હતો. પરંતુ પહેલાં ૭૮૦૦ ચો. ફૂટનું બાંધકામ કરવાનું નકકી કર્યું. ચંદુકાકાએ મુંબઈમાં વૃજલાલ કપૂરચંદ મહેતાનો સોર્સ શોધી કાઢયો. ભાવનગરના ડૉ. ભીમાણી તેના સ્નેહી થાય. હું અને કાકા મુંબઈ ગયા. અમારો આંટો સફળ થયો. મહેતા હૉસ્ટેલ ફોર ધી ડેફ નામ આપવાની શરતે મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી અમને રૂ.૧,૫૦,૦૦૦ નું દાન મળ્યું. ત્યાર પછી મુંબઈમાં અમે વીરેન્દ્રભાઈ દલાલનો સંપર્ક કર્યો. તે તેના યુવાન પુત્ર શેખરની સ્મૃતિમાં ડાઈનિંગહૉલ માટે દાન આપવા સહમત થઈ ગયા અને છેવટે સંસ્થાના શુભચિંતક કાંતિભાઈ શ્રોફ પાસે રજૂઆત કરી. ચાંપરાજભાઈ શ્રોફના નામના કુમાર વિભાગ માટે અનુદાન આપવા તેઓ સહમત થયા. બાકી હતું તે ઉત્તમચંદભાઈ અને અમારા કાર્યકર મધુબહેન સંઘવીના પ્રયત્નથી શ્રીમતી લક્ષ્મીબહેન બાવચંદ કન્યા વિભાગ માટે બાવચંદભાઈ રાયચંદનું ડોનેશન મળ્યું. આમ મુખ્ય વિભાગના દાન મળ્યા પછી જુદાજુદા વિભાગો ઉપર સમયાંતરે શ્રીમતી લક્ષ્મીબહેન ગંગાદાસ ગાંધી બાળ છાત્રાલય અને શ્રી ચંદુલાલ અમરશી ગાંધી તથા શ્રીમતી મંગળાબહેન ચંદુલાલ ગાંધી શુશ્રૂષાકક્ષ શ્રી અનિલભાઈ ગાંધીની સખાવતથી અને શ્રી પૂનમચંદ વિઠ્ઠલદાસ દોશી અને પરિવારના સૌજન્યથી શ્રી હર્ષદભાઈ દોશી તરફથી છાત્રાલયના રૂમ માટે દાન મળ્યું હતું. તેમજ કુમીબહેન બાબુભાઈ શાહના સ્મરણાર્થે શ્રી બાબુભાઈ લક્ષ્મીચંદ શાહ તરફથી બાળ છાત્રાલયના બાંધકામ માટે દાન આપ્યું હતું. એટલે પાંચેક વરસના લાંબા સંઘર્ષ પછી અમે બાંધકામ પૂરું કરીને ફેબ્રુ. '૭૯માં આ છાત્રલયનું વિધિસર ઉદ્ઘાટન કરી શકયા. શાળાના ઘડેલાં પથ્થરના મકાનની સામે, તોડાના પથ્થરની આ ઈમારત બનતા, બ્યૂટિફિકેશન પણ જળવાઈ રહ્યું.

આજે ત્રણ દાયકા પછી ખાસ કરીને કન્યાઓની સંખ્યાનો વધારો થતાં જગ્યાની સંકડામણ થવા લાગી. ૨૦૧૨માં કન્યા વિભાગ ઉપર ૩૫ છોકરીઓ માટે વધુ એક માળ (એનેક્ષી) બાંધવાનું નકકી કર્યું. નટવરભાઈ દેસાઈના પ્રયત્નથી અરુણભાઈ અને પ્રતિમાબહેન પારેખ તેમજ પ્રકાશભાઈ દેસાઈના પ્રયત્નથી એલ.આઈ.સી. ગોલ્ડન જયૂબિલી ફાઉન્ડેશનનું યોગદાન મળતાં આ બાંધકામ પણ પૂરું કરી શકાયું. આમ, 'ઘરથી દૂર એક ઘર' જેવી સુવિધા અને સુરક્ષા સાથેના આ છાત્રાલયમાં અત્યાર સુધીમાં





બિંદીબહેન ત્રિવેદી



ભાવનાબહેન ભટ્ટ



કુમુદબહેન ઠક્કર



મંજુબહેન જોષી



તારાબહેન ઝાલા

૧૯૦૦ થી વધુ છોકરાઓ અને છોકરીઓએ રહીને શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. બિંદીબહેન ત્રિવેદી, ભાવનાબહેન ભટ્ટ અને કુમુદબહેન ઠક્કર જેવા ગૃહમાતાઓએ છાત્રાલયનાં બાળકોને 'ઘરથી દૂર એક ઘર' જેવો માહોલ ઊભો કરીને બાળકોને સગી મા જેવું વાત્સલ્ય પૂરું પાડયું. તેમાં મંજુબેન જોષી, તારાબેન ઝાલા અને લીલીમા વગેરે જેવા કેરટેકર્સનાં પ્રેમ અને ઉષ્માભરી સાર-સંભાળ ભળી, વાલીઓ ચિંતા મુક્ત થયા. તેમાં પણ તારાબહેન ઝાલાએ તો પોતાની હયાતી પછી મરણ મૂડીમાંથી રૂ.૧ લાખ આ બાળકોનાં કલ્યાણ માટે સંસ્થાને અર્પણ કર્યા અને બિંદીબહેન ત્રિવેદીએ પોતાની ફરજ ઉપરાંત બાળકોનાં શ્રેયાર્થે સંસ્થાને લાખો રૂપિયાનાં ફંડફાળા લાવી આપ્યા તેનાં સમર્પણની ભાવનાનું મૂલ્ય ઓછુ આંકી શકાય નહીં.

'વેસ્ટમાંથી બેસ્ટ' નો પ્રયોગ કરતાં બાંધકામનો ખર્ચ ઘણો ઓછો થયો અને નકામા કપચા નો પથરા સાચવવાની સમસ્યાનું સમાધાન થયું. આથી જ હું મકાનોના બાંધકામમાં આર્કિટેકટનો આગ્રહ રાખુ છું. એ સરવાળે સસ્તા પડતા હોય છે.

# પંડ નાનું અને કામ મોટું, એવા શામજીકાકા

એક સમયે અમે સંસ્થા માટે દાન ઉઘરાવવા ઠેરઠેર માંગતા ફરતા. મંદિરો અને સ્મશાનમાં પણ 'અમને દાન આપો' એવાં બોર્ડ ટિંગાડતા, છાપામાંથી મૃત્યુ નોંધના સમાચારો શોધીને, સ્નેહીજનોના પુણ્યાર્થે દાન આપવાની વિનંતીના પોસ્ટ કાર્ડ લખતા. તો કોઈના લગ્ન મંડપમાં ડોનેશનની પહોંચબુક લઈને ઊભા રહેતા, ક્યારેક સંસ્થાના વાર્ષિક રિપોર્ટમાં જાહેરાતો માટે વેપારીઓની દુકાને આંટાફેરામાં ચપ્પલ ઘસી કાઢતા. ક્યારેક ગીત સંગીત, નૃત્ય અને નાટક કે ફિલ્મના ચેરિટી શોની ટિકિટ લેવા લોકોને આજીજી કરતા. આટલી જહેમત પછી પણ ફંડની તંગી રહેતી. ૧૯૭૦માં બહેરાં મૂંગા શાળાનું બાંધકામ શરૂ કર્યું એટલે ચંદુકાકાએ અમને સાથે લઈને ફંડ ડ્રાઈવ શરૂ કર્યો ત્યારે ખરી વાસ્તવિકતા સમજાણી. એ સમયે તો એક ક્લાસ રૂમના રૂપિયા અગિયાર હજાર પણ ભાવનગરમાંથી મેળવવામાં મુશ્કેલી અનુભવતા હતાં. ક્યાં એ દિવસો અને ક્યાં આજના! આજે બધી સંસ્થાઓનું સાથે મળીને દૈનિક ખર્ચ રૂપિયા પાંચેક લાખ થવા જાય છે અને એ મળી પણ રહે છે. આ ચમત્કાર પાછળ સંસ્થાની શાખ (ક્રેડિબિલિટી), દાતાઓનો વિશ્વાસ, શિસ્ત અને મૅનેજમેન્ટ છે. આ કાંઈ રાતોરાત થઈ ગયું નથી. પરંતુ આ તો માનવ સેવામાં શ્રદ્ધા ધરાવતા શ્રેષ્ઠીઓની વર્ષોની મહેનતનું પરિણામ છે. અને તેનો ખરો યશ શામજીકાકા અને તેની મુંબઈ કમિટીને જાય છે.



**એ સમયે તો એક ક્લાસરૂમના રૂપિયા અગિયાર હજાર પણ ભાવનગરમાંથી મેળવવામાં મુશ્કેલી અનુભવતા હતા. આજે બધી સંસ્થાઓનું સાથે મળીને દૈનિક ખર્ચ રૂપિયા પાંચેક લાખ થવા જાય છે અને એ મળી પણ રહે છે. આ ચમત્કાર પાછળ સંસ્થાની શાખ (ક્રેડિબિલિટી), દાતાઓનો વિશ્વાસ, શિસ્ત અને મૅનેજમેન્ટ છે.**

## મુંબઈ કમિટી

ભાવનગરમાંથી ફંડ મેળવવામાં નિરાશા મળ્યા પછી, ચંદુકાકાએ મુંબઈના કપોળ અને જૈન સમાજના શ્રેષ્ઠીઓને સંસ્થાના આ મિશનમાં જોડવાના પ્રયાસ આદર્યા. પરિણામે શામજીભાઈ પારેખ સૌ પ્રથમ સંસ્થા સાથે જોડાયા. તેઓ આદિત્ય ટેક્સ્ટાઇલ ઈન્ડસ્ટ્રિઝના માલિક હતા અને વેલ્વેટની દુનિયામાં તેમનું નામ હતું. વ્યવસાયની સાથોસાથ રોટરી ક્લબ, કપોળ સમાજ, વગેરેમાં સેવા અને દાન થકી તેઓ જાણીતા હતા. લોકો તેમનો આદર કરતા.

શામજીકાકાનો હકારાત્મક અભિગમ જોયા પછી, બહેરાંમૂંગાં શાળાના મહત્ત્વાકાંક્ષી પ્રોજેકટ અને જરૂરિયાતની ચર્ચા કરવા ચંદુકાકા, હું અને અંતુભાઈ રાવળ મુંબઈ પહોંચ્યા. પ્રોજેકટથી પ્રભાવિત થઈને શામજીકાકાએ મુંબઈમાં વસતા ભાવનગર અને તેની આજુબાજુના સુખી સંપન્ન શ્રેષ્ઠીઓને સાથે રાખીને એક કમિટી બનાવવાનો આઈડિયા આપ્યો. અને તેનું નામ 'મુંબઈ કમિટી' રાખવા જણાવ્યું એ માત્ર આઈડિયા આપીને છૂટી ન ગયા, પરંતુ જીવનની અંતિમ ઘડી સુધી દિલોદિમાગથી સંસ્થાની સેવા બજાવતા રહ્યા. શામજીકાકાએ પાંત્રીસ વરસ સુધી 'મુંબઈ કમિટી'ના ચેરમેન રહીને સુકાન સંભાળ્યું. તેઓ કડક શિસ્તના આગ્રહી હતા. મને તેમની રાહબરીમાં કામ કરતા ઘણું શીખવા મળ્યું. તેમણે પ્રવીણભાઈ દલાલ, કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા, ચંપકભાઈ મોદી, બાબુભાઈ સંઘવી, ચંદ્રકાંતભાઈ ઘોઘાવાળા જેવા સમર્થ લોકોને પોતાની સાથે કમિટીમાં લીધા. આ બધા શ્રેષ્ઠીઓને હંમેશાં વહેલી સવારમાં હેંગિંગ ગાર્ડનમાં ફરવા જવાનો શોખ. ગાર્ડનમાં

**શામજીકાકાએ મુંબઈમાં વસતા સુખી સંપન્ન શ્રેષ્ઠીઓને સાથે રાખીને એક કમિટી બનાવવાનો આઈડિયા આપ્યો.**

સ્વાસ્થ્યની સંભાળ માટે ચક્કર લગાવીને સૌ એકઠાં મળી, ભજન-કીર્તન અને પ્રાર્થના કરી છૂટા પડતાં, પહેલાં, કાકા ભાવનગરની સંસ્થાની વાતો કરી, લોકોની સંવેદના જગાડતાં. હું તેમને ત્યાં મહેમાન થતો, ત્યારે ઘણી વખત મને આ ગાર્ડન ગ્રૂપનો લાભ મળ્યો હતો. આટલા મોટા વ્યવસાયમાં વ્યસ્ત આ મહાનુભાવો દિવસભર તરોતાજા કેવી રીતે રહેતા હશે તેનું રહસ્ય આ ગાર્ડનમાં લટાર મારવાની આદતમાં રહેલું છે.

કાકા નવાનવા દાતાઓ અને શુભચિંતકોના ગ્રૂપને સંસ્થાઓ જોવા લઈ આવતા. કાર્યક્રમોનું આયોજન કરતા. અને દાનની સરવાણી વહેવડાવે જતા. આ દાનની સરવાણીથી બહેરાંમૂંગાં શાળા, વિકલાંગ સાધન સહાય સેન્ટર, ઈન્ફન્ટ ડેફ સેન્ટર, હૉસ્ટેલ, અંકુર મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા, પી.એન.આર. હોસ્પિટલના વગેરે મકાનો બાંધી શકાયાં. તેમજ અંધશાળાના મકાનોનું એકસપાનશન પણ થઈ શકયું.

## સંસ્થાને આર્થિક સધ્ધર બનાવવાનું આયોજન

મુંબઈમાં બહેરાંમૂંગાં બાળકોની પ્રવૃત્તિઓથી લોકો પરિચિત થાય, શાળા તથા છાત્રાલયના બાંધકામ માટે સહાય મળે અને કોર્પસ ફંડ ઊભું થાય તે હેતુથી શામજીકાકા મુંબઈમાં સમયાંતરે સ્ટેજ પ્રોગ્રામનું આયોજન કરાવતા. ૧૯૭૨માં આઈ.એન.ટી. નું નાટક "સપનાના વાવેતર" તથા વર્ષ ૧૯૭૭માં શાળાના બાળકોના ગીતસંગીત અને નાટકનો કાર્યક્રમ તથા ૧૯૮૫માં શાળાના રજત જયંતી વર્ષની ઊજવણીનું ભવ્ય આયોજન તેમણે બિરલા માતુશ્રી સભાગારમાં કરાવ્યું હતું. જેમાં ભારતના પૂર્વ પ્રધાનમંત્રી મોરારજીભાઈ દેસાઈ નાં વરદ્ હસ્તે ઉત્કૃષ્ટ સમાજિક સેવા માટે મારું સન્માન ગુજરાત રાજયના મંત્રી શ્રી જશવંત મહેતા અને પ્રસિદ્ધ અભિનેત્રી આશા પારેખ, સંગીતકાર કલ્યાણજીભાઈ અને જાણીતા ઉદ્યોગપતિઓએ હાજરી આપી હતી. ૧૯૯૨ જાન્યુઆરીમાં મુંબઈના માધવબાગમાં શામજીકાકાએ પોલિયોગ્રસ્ત બાળકોના હિતાર્થે શ્રીમદ્ ભાગવત કથાના કાર્યક્રમનું આયોજન કરાવ્યું હતું ને તેઓ તેના યજમાન થયા હતા. આ કથામાં પૂ. શ્રી પાંડુરંગ શાસ્ત્રીજી, પૂ. શ્રી ચિત્રભાનુજી, વગેરેએ પધરામણી કરીને આશીર્વચન કહ્યા હતા. આ સંતો મહાત્માઓ ઉપરાંત જાણીતા ડાયમંડ મરચન્ટ ભરતભાઈ શાહ, મફતલાલ મહેતા, દામજીભાઈ ઍન્કરવાળા, મનુભાઈ રૂબીવાળા, વગેરેએ હાજરી આપીને દાનની સરવાણી વહેવડાવી હતી.



મુંબઈ હેન્ગિંગ ગાર્ડનમાં શામજીકાકા સાથે હું અને ચંદ્રકાંત શાહ

## સંસ્થાનું ગ્લોબલાઈઝેશન

૧૯૮૧નું વર્ષ યુનાઈટેડ નેશન્સે 'યર ઑફ ડિસેબલ્ડ પર્સન્સ' જાહેર કર્યું. સંસ્થામાં પોલિયોના કેમ્પ યોજાવા લાગ્યા. આ વંચિત બાળકોની પીડા જોઈને કાકાનું હૃદય દ્રવી ઊઠયું. પુનઃવસનની પ્રવૃત્તિ માટે અલગ ટ્રસ્ટ બનાવવાની જરૂરત હતી. પી.એન.આર. સોસાયટીની સ્થાપના કરવામાં શામજીકાકાએ આગેવાની લીધી. પરિણામે દેશભરમાં પોલિયો સર્જીકલ કેમ્પનું



**ડાબી બાજુથી હીરાલક્ષ્મીબહેન, અભિનેત્રી આશા પારેખ, જશવંત મહેતા, શામજીકાકા અને કલ્યાણજીભાઈ**



**મુંબઈ બિરલા માતુશ્રીગૃહમાં પૂર્વ પ્રધાનમંત્રી મોરારજીભાઈના વરદ્ હસ્તે સન્માન**

અભિયાન શરૂ થઈ શકયું. તેમાં ગાર્ડનના મિત્રોમાંથી તેઓ, હીરા ઉદ્યોગના મોટા વેપારી મફતલાલ મહેતાને પણ ખેંચી લાવ્યા. 'માનવ સેવા એ જ પ્રભુ સેવા' માં માનતા મફતકાકાને સંસ્થાની પ્રવૃત્તિમાં રસ પડયો. તે તેના મિત્ર, ઇમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે. ના ચેરમેન સર જોન વિલ્સનાનો પી.એન.આર.માં ખેંચી લાવ્યા. આથી પી.એન.આર. સંસ્થા દેશવિદેશના ફલક ઉપર ઊભરી આવી. તેમાં ઇમ્પેક્ટ ઉપરાંત શેર એન્ડ કેર, થ્રી એચ, એ.ટી.એન્ડ ટી. ફાઉન્ડેશન, શો હમ ફાઉન્ડેશન તથા ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન વગેરે યુ.એસ.એ. ની સંસ્થાઓનો સહયોગ સાંપડયો. સંસ્થાનું ગ્લોબલાઈઝેશન થયું. આવકનો સ્રોત વધ્યો. પી.એન.આર. સાથે સંલગ્નિત સંસ્થાઓનો પણ અકલ્પનીય વિકાસ થયો. સાથેસાથે દિવ્યાંગ લાભાર્થીઓથી સંસ્થાઓ ઊભરાવા લાગી. ભાવનગરમાં એક વિશાળ જગ્યા લઈને, તેમાં પી.એન.આર. નું મકાન બનાવવાની ઇચ્છા ધરાવતા હતા. તે ઇચ્છા પૂરી થાય તે પહેલાં ૩૧ જુલાઈ ૧૯૯૭ની વહેલી સવારે શામજીકાકાનો જીવનદીપ બુઝાઈ ગયો. સાથે જ સંસ્થાનો આધારસ્થંભ ખડી પડયો. પરંતુ તેમના જયેષ્ઠ પુત્ર પ્રતાપભાઈ અને તેમના ધર્મ પત્ની રશ્મિબહેન તથા નાના પુત્ર ભરતભાઈ અને તેમના પત્ની દીપિકાબેને સામાજિક સેવા અને યોગદાન થકી પિતા શામજીભાઈનો વારસો જાળવી રાખ્યો છે. એટલું જ નહીં પરંતુ બંને પુત્રોએ પી.એન.આર.ના ટ્રસ્ટી મંડળમાં જોડાઈને કાકાની અનુપસ્થિતિ જણાવા દીધી નથી તે સંસ્થાનું સદ્ભાગ્ય છે.

શામજીકાકાની દીર્ઘકાલીન સેવાને અંજલિ આપવા અંધશાળાના પ્રાંગણમાં તેમની આરસની પ્રતિમા મૂકવામાં આવી

**૧૯૮૧નું વર્ષ યુનાઇટેડ નેશન્સે 'યર ઓફ ડિસેબલ્ડ પર્સન્સ' જાહેર કર્યું.**

**પુનર્વસનની પ્રવૃત્તિ માટે અલગ ટ્રસ્ટ બનાવવાની જરૂરત હતી. પી.એન.આર. સોસાયટીની સ્થાપના કરવામાં શામજીકાકાએ આગેવાની લીધી.**






'માનવસેવા એ જ પ્રભુ સેવા' માં માનતા મફતકાકાને સંસ્થાની પ્રવૃત્તિમાં રસ પડ્યો. તે ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે.ના ચેરમેન સર જોન વિલ્સનને પી.એન.આર.માં ખેંચી લાવ્યા. આથી સંસ્થા દેશવિદેશના ફલક ઉપર ઊભરી આવી.



પ્રવીણભાઈ દલાલ



કૃષ્ણકાંત ચિત્તલિયા



ચંપકભાઈ મોદી



બાબુભાઈ સંઘવી



ચંદ્રકાંત શાહ (ઘોઘાવાળા)

# મુંબઈમાં ધામા

૧૯૭૦ થી ૧૯૯૦ ના બે દાયકા, ભાવનગર અને મુંબઈ વચ્ચે આવનજાવન અને દોડધામ બહુ રહી. તે અરસામાં બહેરાંમૂંગાં શાળા અને છાત્રાલયના મકાન બનાવવા તથા તેના સાધનો વસાવવા મોટી રકમના ફંડની જરૂર હતી. આ સહાય મેળવી આપવા મુંબઈ કમિટીના સભ્યો મહેનત કરતા હતા, પરંતુ ફંડ મેળવવાનું એમ સહેલું ન હતું. દાતા સાથે વાતચીત થાય પછી, તેનું સતત ફોલોઅપ કરવું પડતું. આવી બાબતમાં આંગળી ચિંધનારને સાથે આવવાનો સમય ન પણ હોય, એવું ઘણે ભાગે બનતું પણ ખરું એટલે અપેક્ષિત દાતાનો અનુકૂળ સમય, દિવસ અને સ્થળ નકકી કરી તેને મળવું, પૈસાની જરૂરિયાત અને પ્રોજેકટની વિગત સમજાવવાની જવાબદારી અમારી ટીમ ઉપર રહેતી. આ કામ ઉતાવળે કે એક બેઠકમાં થાય પણ ખરું અને ન પણ થાય, એટલે મુંબઈમાં ધામા નાખીને અમારે વારંવાર રોકાવું પડતું.

## રોટલો મળે પણ ઓટલો ન મળે

કહેવત છે 'મુંબઈમાં રોટલો મળે પણ ઓટલો ન મળે'. એ સાચું, પણ અમારા સ્નેહીઓ, દાતાઓ અને સારા કામની કદર કરવાવાળા શુભચિંતકો તરફથી મુંબઈમાં ખૂબ આદરસત્કાર, ભરપૂર પ્રેમ સાથે રોટલો ને ઓટલો બંને મળ્યાં છે.

**'મુંબઈમાં રોટલો મળે પણ ઓટલો ન મળે'. એ સાચું, પણ અમારા સ્નેહીઓ, દાતાઓ અને સારા કામની કદર કરવાવાળા શુભચિંતકો તરફથી મુંબઈમાં ખૂબ આદર સત્કાર, ભરપૂર પ્રેમ સાથે રોટલો ને ઓટલો મળ્યાં છે.**

મુંબઈમાં મસ્જિદ બંદર પાસે ચકલા સ્ટ્રીટમાં ચોથા માળે, શાળાના પ્રમુખ દાતા મારા હીરા ફૈબાનું ચાર રૂમનું ઘર હતું ને તેની સામે કાજી સૈયદ સ્ટ્રીટમાં, બીજા માળે ફૂવાની ઑફિસ. ફૈબાના મોટા દીકરા કાંતિભાઈ મારા ખાસ મિત્ર, સંસ્થામાં પણ સક્રિય એટલે સંસ્થાના કામ માટે હું મુંબઈ જાઉં ત્યારે કાંતિભાઈ મને કે મારા સાથીદારોને બીજે કયાંય જવા દેતો નહીં. મારા ફૈબાનો પરિવાર મોટો હતો, વળી એ રોટલે પહોળાં હતાં. જમવાનું તેમના ઘરે અને સૂવાનું ઑફિસમાં આ ક્રમ વર્ષો સુધી ચાલ્યો. ત્યાર પછી મુંબઈમાંથી લોકો પરામાં શિફટ થવા લાગ્યા. ટ્રેઝરર કાંતિકાકાના ભાઈઓ, અને દીકરા ઘાટકોપરમાં હતા. ટીમના જે. એલ. ભટ્ટ, ચંદ્રકાંતભાઈ ત્રિવેદી, પ્રદીપભાઈ ભટ્ટ વગેરેને કાંતિકાકા તેના ઘરે એકોમોડેટ કરી દેતા અને અંતુભાઈ રાવળ, મહાસુખ રાણા વગેરેને ઘાટકોપરમાં હું મારી બહેન નીરુને ઘરે લઈ જતો. એ જમાનામાં ઘર નાના હતાં પરંતુ દિલ મોટા હતાં. એક તરફ મુંબઈનું કામ, બીજી તરફ ટ્રાફિક, એમાં પાછી સબર્બની ટ્રેન, અમે રાત્રે જેના ઘરે ઉતારો હોય ત્યાં પહોંચીએ ત્યારે, ઘડિયાળના બે કાંટા ભેગા થવાની તૈયારીમાં હોય. બહુ મોડા થવા માટે અમે સંકોચ અનુભવતા, પણ અમારા યજમાનો મોડી રાત્રે પણ અમને ગરમગરમ રસોઈ ભાવપૂર્વક જમાડતા; એ દિવસોની સ્મૃતિ આજે પણ યાદ છે.



કાંતિભાઈ શાહ



નીરૂબહેન કામદાર

## બાળકોને રસ-પૂરી અને પાણી પૂરી

બિરલા માતુશ્રી સભાગારમાં શાળાના બાળકોના નૃત્ય, નાટક, ગીતસંગીતની પ્રસ્તુતિ અને એસ્સેલ વર્લ્ડ જોવા માટે અમે સૌ

સવા સો જેટલાં બાળકોને લઈને ત્રણ વખત મુંબઈ ગયા હતા. હીરાભાઈના દીકરા બિપિનભાઈ અને કૃષ્ણકાંતભાઈ ચિતલિયા, કાંદાવાડી, ખેતવાડીમાં બધાના ઉતારાની વ્યવસ્થા કરતા. સ્ટેજ પ્રોગ્રામ પછી બાળકોને મુંબઈ દર્શન અને અવનવી વાનગીઓ ખવડાવવાની રીતસર હોડ લાગતી. શામજીકાકાએ તેની સોસાયટીના ટેરેસમાં મંજૂરી ન મળી તો પોતાના ફ્લેટમાં આટલા બધાં બાળકો અને સ્ટાફને રસપૂરી જમાડયાં હતાં અને ચંદ્રકાંતભાઈ શાહ ઘોઘાવાળાએ અમિતાભ બચ્ચનના પાણીપૂરીવાળાને બોલાવીને, બારમા માળે પોતાના ફ્લેટની અગાશીમાં બાળકોને જલસો કરાવ્યો હતો.

## મુંબઈમાં ટીમના ધામા

મુંબઈમાં સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ, નાટક અને રજતજયંતી મહોત્સવની ઊજવણીનો હેતુ ફંડ એકઠું કરવાનો હતો. આ કાર્યક્રમની ટિકિટો વેચવી અને સોવેનિયરની જાહેરાતો મેળવવાની કામગીરી માટે મહિના-બે મહિના અમારી ટીમના મુંબઈમાં ધામા રહેતા. આ માટે અમે ભાવનગરમાં વીસપચ્ચીસ સ્વયંસેવકોની ટીમ બનાવતા. વારા ફરતી એકએક ટીમ મુંબઈ આવે, તે કામ કરીને પાછી જાય અને બીજી ટીમ આવે. ટીમને રહેવા માટે ચર્ચગેટ સ્ટેશન પાસે, ચાર બેડ રૂમનો એક વેલ ફર્નિશ્ડ ખાલી ફ્લેટ હતો. શાળાના પ્રમુખ દાતા પરિવારના કાંતિભાઈ આ ફ્લેટની વ્યવસ્થા કરી આપતા. ફ્લેટમાં રહેવાની વ્યવસ્થા સાથે અમે ઑફિસ પણ ચાલુ કરતા._ તે માટે ભાવનગરથી ટાઈપ રાઈટર સાથે ટાઈપીસ્ટ જે. એલ. ભટ્ટને બોલાવી લેતા. મુંબઈમાં વહેલી સવારે સૌ કામ પર નીકળી પડતા, દિવસ આખો કામ કરીને રાત્રે, ચર્ચગેટ સ્ટેશન ઉપર ટેરેસ રેસ્ટોરન્ટમાં મળવાનો ક્રમ હતો. ત્યાં એક તરફ કેટલું કામ થયું તેનું રિપોર્ટિંગ અને બીજા દિવસનું પ્લાનિંગ ચાલતું હોય, બીજી તરફ પેટ ભરીને ભાવતું ભોજન, વર્ષો સુધી આ અમારો ક્રમ રહ્યો. બે દાયકા ધામા નાખીને પડયા તો મુંબઈએ અમને લાખો રૂપિયાના દાન આપ્યાં.

# સટોડિયાઓની સાથે




ચંદ્રકાંતભાઈ શાહ

ફંડ ડ્રાઇવમાં મુંબઈ કમિટીનાં સભ્ય ચંદ્રકાંતભાઈ શાહ ઘોઘાવાળા અતિ ઉત્સાહી હતા. આ ચંદ્રકાંતભાઈ અને તેના મોટાભાઈ ચીનુભાઈને ભાવનગર ગામના ઉત્કર્ષમાં બહુ રસ. ભાવનગરનાં જૂના વૃદ્ધાશ્રમના એ પ્રમુખ દાતા હતા. બંને ભાઈઓને રેસકોર્સનું કામ. ઘોડા દોડતા હોય ત્યારે બુકીનું મગજ ઠેકાણે ન હોય, પરંતુ આ ધંધાના દિવસોમાં પણ ચંદ્રકાંતભાઈ બહેરાંમૂંગાં શાળાના ચેરિટી શોની ટિકિટો વેચવા અમને તેની સાથે રેસકોર્સમાં લઈ જતા, જયાં મુંબઈની મોટીમોટી સેલિબ્રિટી લાખોની ઊથલપાથલ કરતી હોય.

## ‘કોઈ ભી તીન પત્તી નિકાલીયે’

ચંદ્રકાંતભાઈના ઘરે પણ બુકીઓની આવનજાવન રહેતી. એક દિવસ રેસકોર્સથી આવીને સાંજના અમે તેના ઘરે બેઠા હતા, એટલામાં કોઈનો ફોન આવ્યો. વાત પૂરી કરીને ચંદ્રકાંતભાઈએ મને કહ્યું, ‘મટકા કિંગ રતન ખત્રી હમણાં આવે છે. તમારું કામ થઈ જશે.’ અને થોડીવારમાં કફની, પાયજામામાં એ મહાશયનું આગમન થયું. માથે ટપકાં ટપકાંવાળો સ્કાર્ફ બાંધેલો. તેને જોઈને મને યાસર અરાફત યાદ આવી ગયા. ચંદ્રકાંતભાઈએ પરિચય કરાવ્યો. અમારી ટિકિટો લેવા કહ્યું. એ મહાશયે કફનીના ખિસ્સામાંથી મુઠ્ઠો ભરીને રૂપિયાની નોટો કાઢીને ચંદ્રકાંતભાઈનાં હાથમાં મૂકી અને કહે, ‘આપી દે તારે આપવી હોય એટલી.’ અમે તો જોતા જ રહી ગયા. પરંતુ વાત હજી પૂરી થઈ ન હતી. કફનીનાં બીજા ખિસ્સામાંથી રતન ખત્રીએ ગંજીપત્તો કાઢીને મારી સામે ધયા ને કહે, ‘કોઈ ભી તીન પત્તી નિકાલીએ.’ ઘડીભર શું થઈ રહ્યું છે એ કાંઈ સમજયો નહીં. મેં કોઈ દિવસ પત્તા ટિપ્યા ન હતા. પણ આ મહાશયની પ્રતિભાથી હું સંમોહિત થઈ ગયો હતો એટલે તેના કહેવા પ્રમાણે કર્યું. મેં ખેંચેલા ત્રણ પાનાથી રતન ખત્રીના મટકાના જુગારનું કલોઝિંગ થયું. ટેલિફોનના દોરડા ધણધણ્યાં અને ઘડીકમાં દેશભરમાં તેના સમાચાર ફેલાઈ ગયા. સવારે ઓપન અને સાંજે કલોઝના મટકાના જુગારમાં રોજ લાખો કરોડો રૂપિયાની હાર જીત થતી હોય છે. આ રતન ખત્રીના મટકામાં લોકોને અતૂટ વિશ્વાસ છે એ વાત, તેના ગયા પછી મને ચંદ્રકાંતભાઈએ કરી. કોઈ લખાણ, ચિઠ્ઠી કે ચપાટી વગર માત્ર વિશ્વાસ ઉપર ચાલતાં આવડાં મોટા બે નંબરી કારોબારની વાતો સાંભળી હતી. તેને નજદીકથી જોવાની તક આમ અચાનક મળી.

ચંદ્રકાંતભાઈ અમને એક દિવસ વહેલી સવારે રતન ખત્રીના હરીફ, બીજા એક મટકા કિંગ, કલ્યાણજી ગંગાજર ભગતના ઘરે લઈ ગયા. ચીનુભાઈએ તેને અમારા આગમનની વાત કરી રાખી હતી. અમારી આગતાસ્વાગતા સાથે તેણે પણ ઘડિયાળ સામું જોઈને ગંજીપત્તો કાઢયો અને ઓપનિંગનાં ત્રણ પાના ખેંચાવ્યાં. જો કે અમારો આંટો સફળ થયો. મૂળ કચ્છના રહીશ, આ કલ્યાણજીભાઈ તેના યુવાન પુત્ર સ્વ. હસમુખની સ્મૃતિમાં, બહેરાં મૂંગા શાળામાં વ્યાવસાયિક તાલીમ કેન્દ્ર માટે દાન આપવા સહમત થયા. તેઓ સહપરિવાર ભાવનગર આવ્યા. સંતશ્રી પૂ. મોરારિબાપુનાં સાન્નિધ્યમાં યોજાયેલા એક સમારંભમાં, દાનનો ચેક અર્પણ કરીને કલ્યાણજીભાઈએ કૃતજ્ઞતા અનુભવી. આમ ફંડ ડ્રાઈવમાં સંતોમહંતોના આશીર્વાદની જરૂર પડતી ને સમાજના શ્રેષ્ઠીઓની પણ જરૂર પડતી સાથે સટોડિયાઓની પણ જરૂર પડતી.



ચંદ્રકાંતભાઈ અને કલ્યાણજી ગંગાધર ભગત બહેરાંમૂંગાં શાળામાં ચેક અર્પણ પ્રસંગે

# એક સંવેદનશીલ અધિકારી કુ. દિવ્યાબહેન મારવાડી

સામાન્ય રીતે સરકારમાં ઉચ્ચ હોદ્દા ઉપર બિરાજમાન અધિકારી, કાયદાની પરિભાષાનું અર્થઘટન પોતપોતાની રીતે કરતા હોય છે. મેં જોયું છે તેમ; 'પ્રજાનું જે થવું હોય તે થાય.' પોતાની કોઈ જવાબદારી ઊભી ન થાય અને થાય તો છટકી જઈ શકાય, તેની બધી કાળજી રાખીને તેઓ નિર્ણય લેતા હોય છે. બાબુઓની આ વૃત્તિને કારણે, વંચિતો માટે સરકારે બનાવેલી યોજનાઓ અસરકારક નીવડતી નથી. યોજનાઓ જેના માટે બનાવવામાં આવી છે, એવા દરિદ્રનારાયણ, દિવ્યાંગો કે છેવાડાના માણસને તેનો પૂરેપૂરો લાભ અસરકારક બનીને મળે એ માટે, અધિકારીએ માત્ર કાયદાનું શબ્દસહ અર્થઘટન કરવાને બદલે, કાયદાનું હાર્દ જોવું જોઈએ અને તેમાં પોતાની સંવેદનાને જોડવી જોઈએ. કુ. દિવ્યાબહેન મારવાડી આવા એક સંવેદનશીલ અધિકારી હતા.

## સાદા, સરળ, ચુસ્ત ગાંધીવાદી



સમાજ સુરક્ષા ખાતાની કચેરી, અમદાવાદમાં લાલ દરવાજા પાસે બેસતી હતી, ત્યારે નિયામક ડૉ. જ્યોત્સ્નાબહેન શાહના તેઓ જમણા હાથ સમાન હતા. મુંબઈ સ્થિત દિવ્યાબેનના પિતા શ્યામજી મારવાડી ચુસ્ત ગાંધીવાદી, સામાજિક કાર્યકર અને જાણીતા કેળવણીકાર હતા. દિવ્યાબેને મુંબઈ યુનિવર્સિટીમાંથી સોશિયોલૉજીમાં એમ.એ. કર્યું અને તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સીઝમાં, 'એપ્લાયડ સોશિયલ' (એડ્મિનિસ્ટ્રેશન) ના વિષય સાથે ડિપ્લોમા પરીક્ષા પાસ કરી. ભારત સરકારે, દિવ્યાબેનને અમેરિકાની મીનેસોટા યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રના વધુ અભ્યાસ માટે મોકલ્યાં હતાં. વિદેશ જઈ આવ્યાં. તેઓ અત્યંત સાદા, સરળ, ચુસ્ત ગાંધીવાદી અને સફેદ ખાદીના વસ્ત્ર પરિધાનમાં હંમેશાં હસતા મોઢે, લોકોની સમસ્યાઓ હલ કરવામાં તત્પર રહેતાં. મેં તેમને ડૉ. જ્યોત્સ્નાબહેનના આસિસ્ટન્ટ તરીકે, ત્યાર પછી તેમની જગ્યાએ પોતે નિયામક બન્યાં અને ત્યાંથી નિવૃત્ત થયાં અને અમદાવાદની જ એક સેવાભાવી સંસ્થામાં પોતે રહેતાં હતાં.

## વેદ નહીં વેદના વાંચતાં

દિવ્યાબહેન મારવાડી 'વેદ નહીં, પરંતુ વેદના વાંચતાં.' લોકોના આંસુ લૂંછવામાં માહેર હતાં. કાયદો ગમે તે હોય, તેના શબ્દોના એક કરતાં વધારે અર્થ થતા હોય, ત્યારે તેઓ પોતાની સંવેદના જોડીને ને જોખમ ઉઠાવી, હંમેશાં વંચિતોની સમસ્યા હલ થાય તેવા નિર્ણય લેતા. સંસ્થાના છાત્રાલયમાં ત્રણ ગૃહમાતાની જગ્યા, ખાતાની મંજૂરીથી ભરી દીધી હતી. છોકરાઓના વિભાગમાં એક વધુ ગૃહપતિની અમે માંગણી કરી ખાતાએ મંજૂરી આપી, અમે જગ્યા ભરી દીધી. સહાયક ગ્રાન્ટના નિયમ મુજબ ત્રણથી વધુ ગૃહમાતા/ગૃહપતિ મળી શકે નહીં. એકાદ વરસ પછી આ ભૂલ

**દિવ્યાબહેન મારવાડી 'વેદ નહીં, પરંતુ વેદના વાંચતા.' લોકોના આંસુ લૂંછવામાં માહેર હતાં. કાયદો ગમે તે હોય, તેના શબ્દોના એક કરતાં વધારે અર્થ થતા હોય, ત્યારે તેઓ પોતાની સંવેદના જોડીને જોખમ ઉઠાવી, હંમેશા વંચિતોની સમસ્યા હલ થાય તેવા નિર્ણયો લેતા.**

તરફ ખાતાના અધિકારીનું ધ્યાન ગયું, એટલે ગૃહપતિને છૂટા કરી દેવા ખાતાનો આદેશ મળ્યો. પેલો ગરીબ માણસ, બાળબચ્ચાંવાળો માંડ નોકરી મળી હતી, હવે ક્યાં જાય? હું, દિવ્યાબેનને મળ્યો. કાયદો બરાબર હતો. ગૃહપતિને છૂટા જ કરવા પડે. પરંતુ તેમણે રસ્તો કાઢી આપ્યો. તેને છૂટો ન કરતાં, ભાવનગરની અમારી બીજી એક સંસ્થામાં ગૃહપતિની જગ્યા ખાલી હતી, ત્યાં તેની નિમણૂક કરી આપી. આજે પણ તે જગ્યાએ કામ કરે છે, તેનો એક પુત્ર ડૉક્ટર પણ થઈ ગયો છે.

## જીદ કરીને મંજૂરી લીધી

અમે નિમણૂક કરેલ સફાઈ કામદાર બહેન, માત્ર બે ધોરણ સુધી જ ભણ્યાં હતાં. નિયમ હતો ઓછામાં ઓછું ચાર ધોરણ પાસનો. નિમણૂક પછી બે વરસ બાદ ખાતામાંથી આ બહેનને છૂટા કરી દેવા માટે આદેશ આવ્યો. હું આ સમસ્યા લઈને દિવ્યાબહેનને મળ્યો. કાયદો હતો. ઉપરવટ કેમ જવું? તેઓ સચિવને મળ્યા, સમજાવ્યું કે સફાઈ કર્મચારી બે ધોરણ પાસ હોય કે ચાર શું ફરક પડે છે? અને તેઓ જીદ કરીને પણ, આ બહેનને ચાલુ રાખવાની મંજૂરી લઈ આવ્યાં.

## હૃદય દ્રવી ઊઠ્યું

એક સમસ્યા અમારી શિક્ષિકાબહેનની બનેલી. આ બહેન ત્યકતા હતી. તેને એક નાનું બાળક. સંસ્થામાં ખાતાની માન્ય જગ્યા ઉપર પાંચ-છ વરસથી નોકરી કરે. એવામાં



ગુજરાતના એક ગામમાં બહેરાં મૂંગાની એક નવી શાળા ખૂલી. એ શાળાના એક વચેટિયાએ, આ બહેનને ત્યાં આવી જવા પ્રલોભનો આપ્યા. પેલી શિક્ષિકા બહેને તાબડતોબ અમારે ત્યાંથી રાજીનામું આપી દીધું. ઘણું સમજાવ્યું, માને જ નહીં. નવી સંસ્થામાં હાજર થઈ ગઈ. અમે રાજીનામું ખાતામાં મોકલ્યું, મંજૂર થઈ ગયું. એકાદ મહિના પછી પેલી બહેનને ખબર પડી કે તેની સાથે છેતરપીંડી થઈ છે. ચોધાર આંસુએ રડતી પાછી આવી. હવે તેને ફરી નોકરીમાં લેવી કેમ? દિવ્યાબહેનનું હૃદય આ સાંભળીને દ્રવી ઊઠયું. મને કહે, 'આ ત્યકતા નાનું બાળક લઈને ક્યાં જશે?' તેને ફરી નવી નિમણૂક અમારી સંસ્થામાં આપી. એટલું જ નહીં પરંતુ પડેલા દિવસોની કપાત પગારની રજા ગણી, પહેલાંની નોકરી સાથે સળંગ કરી આપી. આ બહેન નિવૃત્ત થઈ પેન્શન મેળવે છે. કાંખમાં જે દીકરાને લઈને આવી હતી, તે એક રાષ્ટ્રીયકૃત બૅંકમાં અધિકારી છે અને જાણીતા લેખક પણ છે!

દિવ્યાબહેન મારવાડી મોટા અધિકારી હતાં, પરંતુ તેમના પગ જમીન ઉપર હતા. તેઓએ ધાર્યું હોત તો કામ ન કરવા માટે, કાયદા બતાવી શક્યાં હોત. પરંતુ તેમ ન કરતાં કાયદાનું હાર્દ સમજીને, સમસ્યાના સમાધાન માટે હંમેશાં રસ્તો શોધ્યો હતો.એક છેલ્લી વાત. તેમની નિવૃત્તિના દિવસે, ચાંદીમાં સુંદર કોતરકામ કરેલું એક સ્મૃતિ ચિહ્ન લઈને તેમને આપવા ગયો. પૂરા સન્માન સાથે મને તે પાછું આપ્યું, તેઓ આવા ત્યાગમૂર્તિ પણ હતાં. આવા, સંવેદનશીલ અધિકારી હતાં દિવ્યાબહેન મારવાડી.



# અંતે રમતનું મેદાન મળ્યું

શાળાનું મકાન બાંધવા માટે નગરપાલિકાએ 'ફ્રી લીઝ હોલ્ડ પ્લોટ' આપ્યો હતોઃ ૨૧૩૨ ચો.વા.નો. આ પ્લોટ જરૂરિયાત કરતાં નાનો હતો. સાર્વજનિક સંસ્થાને મળતી છૂટનો લાભ લઈને અમે, માર્જિનની જમીન છોડયા વગર શાળાનું મકાન બાંધ્યું, એટલે બાળકોને રમવા માટે મેદાન ન રહ્યું. પરંતુ શાળાની પાછળ અમારી બાઉન્ડ્રીને અડીને વીસ ફૂટ પહોળો એક જાહેર રસ્તો હતો. તે વિદ્યાનગર જૈન દેરાસરની બાજુમાંથી શરૂ થઈને, શાળાની પાછળથી સેન્ટ્રલ સૉલ્ટ બાજુના ઢાળવાળા રસ્તાને મળી જતો હતો. જોકે આ બધું પાલિકાના નકશામાં દેખાતું હતું. વાસ્તવિક રીતે જોતાં તો ઊંચાનીચા ખાડાંટેકરાં અને બાવળિયાના ઝૂંડના ઝૂંડ દશ્યમાન થતા હતા. ખરેખર વિકાસગૃહ પાસેથી શરૂ થતો રસ્તો, રાહદારીઓને અનુકૂળ હતો ને તેના ઉપર ટ્રાફિકનો ધમધમાટ રહેતો હતો. શાળાની પાછળની આ જમીન અમે શ્રમયજ્ઞ કરીને સમતળ કરી. પછી અમારા મકાનના વેસ્ટ પથ્થરના કપચાને ઉપરાઉપરી મૂકીને ફરતી વાડ કરી એટલે થઈ ગયું રમવાનું મેદાન.

## સત્તા પાસે શાણપણ ન ચાલે

આ મેદાનમાં બાળકોએ રમવાનું શરૂ કર્યું. આમ પંદર વીસ વરસ ચાલ્યું. દરમ્યાન આ લગત જમીન અમને આપવા માટે અમે નગરપાલિકાને વારંવાર અરજી કર્યા કરતાં અને તે, 'આપી શકાય નહીં'. એમ કહીને અરજી ફાઈલ થઈ જતી. ત્યાં સુધી તો ઠીક છે, પરંતુ પછી પાલિકાના અધિકારીઓને એકાએક જ્ઞાન થયું. આ જમીન તો પાલિકાની છે. કાચી તો કાચી પણ ફેન્સિંગ કરીને આડશ ઊભી ન કરાય. વૉલીબૉલના પોલ ન ખોડાય. આ કાંઈ રમતનું મેદાન નથી, માટે બધું હટાવીને જગ્યા ખુલ્લી કરી દેવાની નોટિસ ઉપર નોટિસ અમને મળવા લાગી. ખરેખર તો અમે નકામી પડેલી જમીનનો સદ્ઉપયોગ કરતા હતા, પણ સત્તા પાસે શાણપણ ન ચાલે.


## ધાર્યું ધણીનું થાય

હવે સમસ્યા ઊભી થઈ. ન તો નગરપાલિકા આ જમીન વાપરે, ન અમને વાપરવા દે. મણિભાઈ ગાંધી સંસ્થાના ટ્રસ્ટી હતા અને 'ભાવનગર એરિયા ડેવલપમેન્ટ ઑથોરિટી' (બાડા)ના પાછા ચેરમૅન પણ ખરા. મેં મણિભાઈને વાત કરી. મણિભાઈ પાસે સરકારમાંથી કામ કઢાવવાની કુનેહ ઘણી. એક દિવસ ગાંધીનગરથી શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ ખાતાના સચિવ સુબ્બારાવસાહેબને ભાવનગર 'બાડા' ની મિટીંગમાં આવવાનું થયું. મિટીંગ પૂરી કરીને મણિભાઈ સુબ્બારાવસાહેબ અને તેમનાં પત્નીને શાળા જોવા લઈ આવ્યા. સાથે અધિકારીઓનો રસાલો. સંસ્થા જોઈને

**મણિભાઈએ દાણો દબાવ્યો. ‘અમારાં બાળકોને રમવા માટે સંસ્થા પાસે ખુલ્લી જમીન નથી અને પાલિકાની આ વેસ્ટલૅન્ડ છે, તે અમે વાપરી શકતા નથી.’**

સાહેબ તો ખુશ થઈ ગયા. ત્યારે મણિભાઈએ દાણો દબાવ્યો. ‘અમારાં બાળકોને રમવા માટે સંસ્થા પાસે ખુલ્લી જમીન નથી. અને પાલિકાની આ વેસ્ટ લૅન્ડ છે, તે અમે વાપરી શકતા નથી.’ વાત સાંભળીને સુબ્બારાવ સાહેબે પાસે ઉભેલાં મહાનગરપાલિકાના ઍન્જિનિયર કનુભાઈ લાખાણી સાથે ચર્ચા કરી. સંસ્થાની અરજી લઈ, ગાંધીનગર મોકલવાની સૂચના આપી. ‘ધાર્યું ધણીનું થાય’ એ કહેવત મુજબ, સ્થાનિક ભલામણ સાથે પ્રકરણ ગાંધીનગર પહોંચ્યું. સરકારે પહેલાં તો રૂપિયા એકત્રીસ લાખમાં આ જમીન સંસ્થાને આપવા ઠરાવ કર્યો. અમે અપીલ કરી, તો સરકારે સુધારો કરીને, વાર્ષિક છેતાલીશ હજારની લીઝથી જમીન આપવા ઠરાવ્યું. તેનાથી તો સંસ્થાને માથે આર્થિક બોજો વધી જતો હતો. શાળાનો પ્લોટ ૯૯ વર્ષના પટ્ટેથી ટોકન કિંમતે લીઝથી,

**અંતે, સરકારે જમીનની કિંમત એક ચોરસ મીટરનો રૂપિયો એક ટોકન ગણીને, વાર્ષિક લીઝ રૂપિયા ઓગણસિત્તેર નક્કી કરી દીધી**



**મણિભાઈ ગાંધી**

નગરપાલિકાએ અમને આપેલ છે તે શર્તે, આ લગત પ્લોટ આપવા અમે સરકારમાં માગણી ચાલુ રાખી. મણિભાઈ ગાંધી, મહેન્દ્રભાઈ ત્રિવેદી અને અમારા કાર્યકર પ્રતાપભાઈ મહેતા, મહાસુખભાઈ જકડિયા અને કાંતિકાકાની સખત જહેમત અને ગાંધીનગરના આંટાફેરાને અંતે, સરકારે જમીનની કિંમત એક ચોરસ મીટરનો રૂપિયો એક ટોકન ગણીને, વાર્ષિક લીઝ રૂપિયા ઓગણ સિત્તેર નકકી કરી દીધી. આમ સતત સંઘર્ષ અને ફોલોઅપને કારણે રમતના મેદાનની સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો. સાથે લાખો રૂપિયાનો સંસ્થાને ફાયદો પણ થયો.

## રમત-ગમતથી સર્વાંગી વિકાસ

આમ, મેદાન મળ્યું તો સંસ્થાના બાળકોનાં સર્વાંગી વિકાસને વેગ મળ્યો. શાળાના રમત શિક્ષક શબ્બીરભાઈ મરચન્ટે તેમના કાર્યકાળ દરમ્યાન ઘણાં વિદ્યાર્થીઓને બાસ્કેટબૉલ, ચેસ, ટેબલટેનિસ, એથલેટિક જેવી રમતોમાં પારંગત કર્યા હતા.

સરકારની “ખેલમહાકુંભ” યોજના ૨૦૧૧ આસપાસ શરૂ થઈ. આ રમતોત્સવમાં દિવ્યાંગોને પણ કૌશલ્ય બતાવવા માટે પ્લેટફોર્મ મળ્યું. તેમાં દર વર્ષે સંસ્થાનાં ૭૦ બાળકો ભાગ લેવા જાય છે. અત્યાર સુધીમાં ૩૫૦ થી વધુ મેડલ મળ્યા છે અને રોકડ પુરસ્કાર રૂ.૪,૦૦,૦૦૦/- જેટલાં મેળવેલ છે. શાળાના વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં હાલ રમત શિક્ષક શ્રી સંદીપભાઈ કાર્યરત છે.

શાળાની કુ. પ્રભા સોલંકી ઍથ્લેટિકમાં જિલ્લાકક્ષાની, રાજયકક્ષા અને નેશનલ લેવલ સુધી પહોંચી છે. તેણીએ ગોલ્ડ મેડલ ૧૮, સિલ્વર મેડલ ૧૧, બ્રોન્ઝ મેડલ ૦૬ આમ કુલ ૩૫ મેડલ અને રોકડ પુરસ્કાર રૂા.૧,૭૦,૦૦૦/- ની માતબર રકમ પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધારેલ છે. આ કુ. પ્રભા હવે તો સંસ્થાની “ગોલ્ડન ગર્લ” તરીકે ઓળખાવા લાગી છે.



# સરકાર સાથે સંઘર્ષના મંડાણ

## તંગ આવી ગયા હતા

ગુજરાત રાજયની સ્થાપના થઈ ત્યારથી, સમધારણ બાળકો અને અપંગ બાળકોના શિક્ષણ વચ્ચે રાજય સરકારના ગ્રાન્ટ આપવાના નિયમોમાં, ઊડીને આંખે વળગે એવો ભેદભાવ હતો. સરકાર માન્ય સમધારણ બાળકોની શાળાઓના શિક્ષકો વગેરેના પગાર માટે ૧૦૦% ગ્રાન્ટ મળતી અને તે દર મહિને ચૂકવવામાં આવતી. જયારે અપંગ બાળકોની શાળાના શિક્ષકો તથા અન્ય કર્મચારીઓના પગાર માટે ૯૯% ગ્રાન્ટ મળતી અને તે પણ સંસ્થા પહેલાં ચૂકવે પછી બીજા વરસે ચાર હપ્તેથી તે રકમ ગ્રાન્ટમાં પાછી મળતી. ત્યાં બીજા વરસમાં થોડો સ્ટાફ,

**ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારથી, સમધારણ બાળકો અને અપંગ બાળકોના શિક્ષણ વચ્ચે રાજ્ય સરકારના ગ્રાન્ટ આપવાના નિયમોમાં, ઊડીને આંખે વળગે તેવો ભેદભાવ હતો.**

મોંઘવારી કે પગાર ભથ્થાં વધે. એટલે વળી પાછો પગાર કરવામાં તૂટો પડે. તેને પહોંચી વળવા ટ્રસ્ટીઓએ પૈસા ઊછીના લેવા પડે, અથવા બૅંકની લોન કે ઓવર ડ્રાફટ કરાવવો પડે.આમ, સંસ્થાઓને માથે દેવાનું ચક્ર ચાલ્યા જ કરતું. સરકારની આ ભેદભાવ ભરી પોલીસીને કારણે સંસ્થાના સંચાલકો તંગ આવી ગયા હતા. આ વિસંગતતાનું કારણ હતું, રાજયમાં અપંગોના પ્રાથમિક શિક્ષણની જવાબદારી શિક્ષણ ખાતાની નીચે નહીં, પરંતુ સમાજ સુરક્ષા ખાતા નીચે આવતી હતી તે. આ ખાતા પાસે અંધ, અપંગ, બહેરાંમૂંગાં, માનસિક ક્ષતિવાળાં બાળકોના શિક્ષણ ઉપરાંત વૃદ્ધ, અનાથ, નિરાધાર બાળકો, મહિલાઓની સુરક્ષા માટે કામ કરતી, રાજયની એકસો પચાસથી વધુ સ્વૈચ્છિક સંસ્થાઓ પણ હતી. સમાજ સુરક્ષા નીચેની આ સંસ્થાઓને સહાય કરવા માટે તેનો જૂદો જ ગ્રાન્ટ-ઈન-એઈડ કોડ હતો. આ કોડ અન્યાયકર્તા હતો.

## સંસ્થા સંચાલક સંઘની સ્થાપના

આમ જોઈએ તો આ માત્ર પગારની ગ્રાન્ટ પૂરતી જ સમસ્યા ન હતી. પરંતુ તેમાં નિવાસી સંસ્થાના લાભાર્થીનું ફૂડ બીલ, વર્ગમાં બાળક અને શિક્ષકનો રેશિયો, છાત્રાલયોમાં ગૃહમાતા, ગૃહપતિ, એટેન્ડન્ટ, કેરટેકર, આયા, મેડિકલ ઑફિસર વગેરેનું સ્ટાફ સેટઅપ જેવી કેટલી







ગુજરાત અપંગ સંસ્થા સંચાલક સંઘનું અધિવેશન વર્ષ ૧૯૭૩

બધી સમસ્યાઓ હતી. આ સમસ્યાઓને કારણે સ્વૈચ્છિક સંસ્થાઓનો વિકાસ રૂંધાતો હતો. તેના ઉકેલ માટે ખાતાની ગ્રાન્ટના નિયમો સુધારવાની જરૂરત હતી. તે માટે સંસ્થાઓ પોતપોતાની રીતે સરકારમાં રજૂઆત કરતી હતી. પરંતુ તેનું કોઈ પરિણામ આવતું ન હતું.

છેવટે અમે સંસ્થાઓનું સંગઠ્ઠન બનાવવાનો વિચાર કર્યો. અંધજન મંડળ, અમદાવાદના જગદીશભાઈ પટેલ, ગાંધી ઘર, કછોલીના કિકુભાઈ નાયક, અને હું, તેમજ મારા સાથી અંતુભાઈ રાવળે લડત માટે આગેવાની લીધી. ૧૯૭૦ માં અમે,'ગુજરાત અપંગ સંસ્થા સંચાલક સંઘ'ની સ્થાપના કરી. સંઘનું પહેલું અધિવેશન ૧૯૭૩માં ભાવનગરની બહેરાંમૂંગાં શાળામાં રાખવામાં આવ્યું. સમગ્ર ગુજરાતની સંસ્થાઓના સંચાલકોએ હાજરી આપી. જગદીશભાઈ પટેલ સંઘના પ્રમુખ અને હું મંત્રી નિમાયો. એક વર્કિંગ કમિટી બની. આ અધિવેશનમાં ૧૦૦% પગાર ગ્રાન્ટ, જે તે વર્ષમાં ગ્રાન્ટની ચૂકવણી, ફૂડ બિલમાં વધારો અને સ્ટાફ સેટ અપ તથા પગાર ધોરણ, પેન્શન, ગ્રૅચ્યુઈટી અને ભરતીના નિયમો માટે ગ્રાન્ટ ઇન એઇડ કોડમાં સુધારો કરવા માટે કમિટીની નિમણૂક કરવાની સરકાર પાસે માગણી કરવાના ઠરાવો કરીને, રજૂઆત કરવા માટે મેમૉરેન્ડમ બનાવવામાં આવ્યું. આ લડાઈ સંસ્થાઓના અસ્તિત્વ માટેની હતી. કોકિલાબહેન વ્યાસ, ગોરધનદાસ ચોખાવાલા, કરશનદાસ સોનેરી, અને ફકીરભાઈ વાઘેલા, વગેરે સમાજ કલ્યાણ મંત્રીઓ પાસે રજૂઆતો કરી કરીને થાકયા. બધા સમસ્યામાં સહાનુભૂતિ બતાવતા, પરંતુ પ્રશ્નનો ઉકેલ આવતો ન હતો. સંસ્થા સંચાલક સંઘના વાર્ષિક અધિવેશનમાં અમે ખાતાના મંત્રીઓને બોલાવતા. ભાવનગરમાં યોજાયેલા આવા એક અધિવેશનમાં ખાતાના મંત્રીશ્રી ચોખાવાલા પધાર્યા હતા. મારી રજૂઆત સાંભળીને તેમણે સહાનુભૂતિ બતાવી અને ખાતામાં પત્ર લખી રજૂઆત કરવા કહ્યું, 'તમારા ખાતામાં એટલા પત્ર લખ્યા છે કે તેનું તોરણ કરું તો અહીંથી ગાંધીનગર પહોંચે'. મારો આવો જવાબ સાંભળીનો પહેલાં તો ચોખાવાલાસાહેબ બહુ નારાજ થઈ ગયા. પછી કહે, 'હું પણ સુરતમાં વૃદ્ધાશ્રમ ચલાવું છું અને તમારી જેમ આ પીડા ભોગવું છું.' સાહેબે ગાંધીનગર જઈને કાર્યવાહી કરવા વચન આપ્યું એ આપ્યું. આજની ઘડી ને કાલનો દિવસ!

## મોઢાં સુધી આવેલો કોળિયો

આમ, લડતા લડતા વીસ વરસ થઈ ગયા. તો પણ લડત ચાલુ હતી. છતાં અમે થાકયા ન હતા. હવે ગુજરાતમાં જનતા





ભૂજ અધિવેશન - મારી બાજુમાં જગદીશભાઈ પટેલ, ગોરધનદાસ ચોખાવાલા બહેરાંમૂંગાં શાળામાં

દળની સરકાર બની હતી. સંજોગો સાનુકૂળ હતા. અમે તા. ૨૫, ૨૬ ઑગસ્ટ ૯૦માં, ભાવનગરમાં સંચાલક સંઘનું ૧૯મું વાર્ષિક અધિવેશન રાખ્યું. અમારા ટ્રસ્ટી મણિભાઈ ગાંધી, માજી વિધાન સભ્ય હતા અને સરકારમાં સારું વર્ચસ્વ ધરાવતા હતા. તે સમયે અમારા સાથી છબીલદાસ મહેતા પણ નાણામંત્રી હતા. નક્કી થયા મુજબ મણિભાઈ અમારા અધિવેશનમાં છબીલદાસને લઈ આવ્યા. છબીલદાસે ઉદ્‌બોધનમાં સંસ્થા સંચાલકોની મુશ્કેલીઓ હળવી કરવા સરકાર ઉત્સુક છે અને પોતે ગાંધીનગર પહોંચીને તરત જ ગ્રાન્ટ કમિટીની નિમણુક કરશે, એવી ખાતરી આપીને બધાને રાજી કરી દીધા.




**સંચાલક સંઘના અધિવેશનમાં છબીલદાસ મહેતા**

**છબીલભાઈ, લાઠી-લીલીયાની ધારાસભાની ચૂંટણીના એ દિવસો જરા યાદ કરો. તમારી જાહેર સભાઓની જાજમ અને માઈકના ભૂંગળા લઈને હું ગામડે ગામડે રખડ્યો છું, એવી આશાથી કે તમે સરકારમાં જઈને આમજનતાનું પ્રતિનિધિત્વ કરશો. તેને બદલે તમે તો આજે સત્તાના દલાલો સાથે તડજોડ કરવામાંથી નવરા પડતા નથી. આ જોઈને શરમથી માથું ઝૂકી જાય છે**

## મારા મનમાં ભારોભાર રોષ હતો

છબીલદાસે ખાતરી આપ્યાને ઠીકઠીક સમય થઈ ગયો. હું તેને વારંવાર યાદી આપું એટલે, 'ખ્યાલમાં છે' એમ કહી વાત ઠેકાવી દેતા. એવામાં એક દિવસ અંધશાળાના પ્રાર્થનાખંડમાં કાર્યક્રમ હતો. ત્યારે બરાબર છબીલદાસ ભાવનગરમાં હતા. એ મિનિસ્ટર તો હવે થયા હતા. મારે તેની સાથે જૂનો નાતો હતો. મણિભાઈ ગાંધીએ તેને અમારા આ કાર્યક્રમમાં લઈ આવવાનું કામ કર્યું. એટલે મેં માઈક હાથમાં લીધું.'કેટલાક સમય પહેલાં આવીને તમે મોટીમોટી વાતો કરી, ઠાલા વચનો અમારા અધિવેશનમાં આપી ગયેલા, એ વાતની તમને યાદી આપવા હું ઊભો થયો છું.' એમ ટોણો મારીને મેં મારું વકતવ્ય શરૂ કર્યું. મારા મનમાં ભારોભાર રોષ હતો. આજે સંકોચ રાખ્યા વગર તેને મોઢામોઢ જ સંભળાવી દેવું હતું. મેં કહ્યું, 'છબીલભાઈ, લાઠી-લીલિયાની ધારાસભાની ચૂંટણીના એ દિવસો જરા યાદ કરો. તમારી જાહેરસભાઓની જાજમ અને માઇકના ભૂંગળાં લઈને હું ગામડે ગામડે રખડયો છું, એવી આશાથી કે તમે સરકારમાં જઈને આમજનતાનું પ્રતિનિધિત્વ કરશો. તેને બદલે તો તમે આજે સત્તાના દલાલો સાથે તડજોડ કરવામાંથી નવરા પડતા નથી. આ જોઈને શરમથી મારું માથું ઝૂકી જાય છે. વીસ-વીસ વરસથી આ વિકલાંગોની સંસ્થાઓને ન્યાય મળે એ માટે અમે ઝઝૂમીએ છીએ. કેટકેટલી સરકારો આવી ને ગઈ, કોઈએ કાંઈ ન કર્યું. એ તો ઠીક પણ તમેય, 'ખ્યાલમાં છે ખ્યાલમાં છે એમ કહીને ઠેકાવ્યા કરો છો. અમારે કોની આશા રાખવી?'

## નવા નિયમો તૈયાર

મારી આ કડવી વાણી, છબીલદાસ મહેતાના હૃદયમાં સોંસરવી ઊતરી ગઈ. ગાંધીનગર જઈને તેણે મુખ્યમંત્રી ચિમનભાઈ પટેલ સાથે મસલત કરી. સરકારે નવો ગ્રાન્ટ ઈન એઇડ કોડ બનાવવા માટે જાન્યુ. ૯૧માં કમિટી બનાવી. સચિવ શ્રી આર. કે. શાહને કમિટીના ચેરમેન બનાવ્યા. સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓમાં મારી સાથે જગદીશભાઈ પટેલ, કીકુભાઈ નાયક, ઉપરાંત સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, કચ્છ વગેરેના પ્રતિનિધિઓને લેવામાં આવ્યા. ચેરમેન આર. કે. શાહ બહુ કો-ઓપરેટિવ રહ્યા. કમિટીએ ગુજરાતના

જુદા જુદા શહેરોમાં મીટિંગો કરી, સંચાલકોના પ્રશ્નો સાંભળ્યા અને એક વરસમાં નવો ગ્રાન્ટ ઇન એઇડ કોડ તૈયાર કરી મુખ્યમંત્રીની સહી માટે મૂક્યો.

## અધિવેશનમાં મુખ્યમંત્રી ચિમનભાઈ પટેલ

**૨૧ વરસમાં સંઘના અધિવેશનમાં રાજયના મુખ્યમંત્રી હાજરી આપે એવો આ પહેલો પ્રસંગ હતો. તેનો ખરો યશ મણિભાઈ ગાંધીને આપવો પડે.**

દરમ્યાન અમે ફરી પાછું ૨૧મું વાર્ષિક અધિવેશન ૧૧ એપ્રિલ ૯૨ ના રોજ ભાવનગરમાં યોજયું. તેમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી ચિમનભાઈ પટેલ, નાણામંત્રી છબીલદાસ મહેતા, સાથે નરહરિ અમીન અને દલસુખભાઈ ગોધાણી ઉપસ્થિત રહ્યા. ૨૧ વરસમાં સંઘના અધિવેશનમાં રાજયના મુખ્યમંત્રી હાજરી આપે એવો આ પહેલો પ્રસંગ હતો. તેનો ખરો યશ મણિભાઈ ગાંધીને આપવો પડે. 'ગ્રાન્ટના નવા નિયમો સહી માટે મારા ટેબલ ઉપર આવી ગયા છે.' એમ કહીને, મુખ્યમંત્રીએ ટૂંક સમયમાં સરકાર ગ્રાન્ટના નવા નિયમોની જાહેરાત કરશે, એવી હૈયા ધારણ આપી સૌને ખુશ કર્યા.

બરાબર ત્યારે જ ચિમનભાઈ પટેલની સરકાર સામે કટોકટી સર્જાણી. સરકાર આજ જાય કે કાલ જાય. પરંતુ સચિવ આર.કે. શાહે કુનેહ વાપરી, અમને કમિટીના સભ્યોને તાકીદે ગાંધીનગર બોલાવ્યા અને છેલ્લી ક્ષણે ચિમનભાઈ પટેલની સહી કરાવી લીધી. એક વધુ નિષ્ફળતામાંથી અમે બચી ગયા. તા. ૧૨-૦૮-૧૯૯૨ના આદેશથી, નવો ગ્રાન્ટ ઇન એઇડ કોડ અમલમાં આવ્યો. ૧૦૦% ગ્રાન્ટ અને બીજા ઘણાં લાભ મળતા, સ્વૈચ્છિક સંસ્થાઓને જીવતદાન મળી ગયું. પરિણામે આજે ગુજરાતની સંસ્થાઓના સારા દિવસો છે.



**ભાવનગરમાં બહેરાંમૂંગાં શાળામાં મળેલા સંઘનાં અધિવેશનમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલને હું સભાસ્થળે દોરી ગયો સાથે નાણામંત્રી છબીલદાસ મહેતા, નરહરિ અમીન, દલસુખભાઈ ગોધાણી વગેરે.**




વીરચંદ મીઠાલાલ મહેતા

નવલબહેન વીરચંદ મહેતા

# શિરમોર સમું મહાવીર ઓડિટોરિયમ બનતા બની ગયું

## અમે થાકી ગયા, કહો કે હાંફી ગયા

ઓડિટોરિયમ જેની મેં કલ્પના કરી રાખી હતી, જે મારું સ્વપ્ન હતું. જેમાં શ્રવણમંદ બાળકો ગીતસંગીતના તાલે, નૃત્ય અને અભિનયની મજા માણી શકે. એવા આ પ્રોજેકટ ઉપર એક સમયે પ્રશ્નાર્થ મુકાઈ ગયો હતો. ૧૯૭૦માં અમે શાળાનું બાંધકામ શરૂ કર્યું. ત્યારે ફંડ ન હતું. દર વર્ષે થોડા થોડા દાનના રૂપિયા આવતા જાય, તેમ થોડું થોડું બાંધકામ અમે કરતા જતા હતા. આવું લગભગ વીસેક વરસ ચાલ્યું. ત્યારે બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફલોર માંડ પૂરા થયા. ત્યાં તો અમે થાકી ગયા. કહો કે હાંફી ગયા. એટલે હવે ઓડિટોરિયમ બાંધવાની હિંમત ચાલતી ન હતી.

## ખુદ દાતાને પૈસાની જરૂર પડી, પૈસા પાછા માગ્યા

આ ઓડિટોરિયમ ઉપર નામ મૂકવા માટે અમે, એક વખત તો રૂપિયા એક લાખનું દાન કરસુખરાય ભટ્ટ પાસેથી સ્વીકારી પણ લીધું હતું. તેને ઠીક ઠીક સમય થઈ ગયો હતો. છતાં ઓડિટોરિયમનું બાંધકામ શરૂ કરી શકાતું ન હતું. દરમ્યાન દાતા કરસુખરાયને કૅન્સર થયું તેમણે સંસ્થાને પત્ર લખીને, કૅન્સરની ટ્રીટમેન્ટ માટે પૈસાની જરૂર છે માટે પરત આપવા વિનંતી કરી. કોઈએ દાનની રકમ પાછી માગી હોય એવો, આ પહેલો કિસ્સો હતો. તેના ઉપર મીટિંગમાં ઘણી ચર્ચા થઈ. કોઈ કહે કાયદેસર અપાય નહીં. છેવટે અમે આ સંવેદનશીલ પ્રશ્નમાં કાયદાનો વિચાર નહીં કરવાનું નક્કી કર્યું અને કેન્સર જેવી ગંભીર બીમારી સામે દાતા ઝઝૂમે છે ત્યારે, તેની આર્થિક સંકડામણનો વિચાર કરી, તેની પડખે ઊભા રહેવા દાનની રકમ

પાછી આપવી તેમ ઠરાવ્યું. સંસ્થાનો આ ઐતિહાસિક નિર્ણય હતો. સંસ્થા અને દાતા વચ્ચેના સંબંધો માત્ર સ્વાર્થના ન હોવા જોઈએ. પરંતુ એક પરિવારની જેમ સંવેદનાની ગાંઠે બંધાયેલાં હોવા જોઈએ.

## વૃજલાલ મહેતાનું દાન મળ્યું



આ સંજોગોમાં ઓડિટોરિયમનું બાંધકામ શરૂ કરી શકાતું ન હતું અને સમય પસાર થતો જતો હતો તેમ બાંધકામની કિંમત વધતી જતી હતી. લાખ પ્રયત્ન છતાં ઓડિટોરિયમ માટે કોઈ પ્રમુખ દાતા મળતા ન હતા અને પૈસા વગર કામ કરી શકાય તેમ ન હતું. પથ્થરને બદલે ઈંટ વાપરીને તથા એર કંડિશનિંગ, સાઉન્ડ પ્રૂફિંગ, ફોલ સિલિંગ વગેરે કેન્સલ કરી, સસ્તામાં બાંધકામ કરાવી પ્રોજેક્ટ પૂરો કરવા કેટલાકે સલાહ આપી. પરંતુ ઓડટોરિયમ માટે મારા દિમાગમાં જે ચિત્ર મેં દોર્યું હતું તેને આમ રોળી નાંખવા મન માનતું ન હતું. આમ ને આમ પંદર વરસ પસાર થઈ ગયાં. અંતે માન્ચેસ્ટરવાળા વૃજલાલભાઈ વીરચંદ મહેતાનું તા. ૨૩.૧૧.૨૦૦૩ ના દિવસે સંસ્થામાં આગમન થયું. મેં તેમને ઓડિટોરિયમની જરૂરિયાત સમજાવી. અને તેઓ રૂપિયા અગિયાર લાખનું દાન આપવા સહમત થયા. અને સ્વપ્ન સાકાર થયું.

હવે અમે ઓડિટોરિયમનું બાંધકામ ઝડપથી ઉપાડયું. મુશ્કેલ હતું અંદરનું ઈન્ટિરિયર. ભાવનગરમાં એ દુર્લભ હતું. સદ્‌ભાગ્યે તે સમયે ટોપ-થ્રી સિનેમાનું ઈન્ટિરિયર ડિઝાઇનિંગનું કામ ચાલતું હતું. આ કામ અમદાવાદના રિતેશ ઠક્કર કરી રહ્યા હતા. સંસ્થાના ઍન્જિનિયર કિરણ રાવળ પણ તેની સાથે કામ કરતા હતા. કિરણ રાવળે રિતેશ ઠક્કર સાથે મીટિંગ કરાવી આપી. મેં તેને બાળ માનસને અનુરૂપ ઈન્ટિરિયર કરવા કહ્યું. તેણે એકએકથી ચડિયાતી વુડન વોલ પેનલિંગની ડિઝાઇનો, એલિવેશન, ઈલેક્ટ્રિક લે આઉટ, કેટ વોક, મનમોહક ફોલ્સ સિલિંગ, સાઉન્ડ સિસ્ટમ, એરકંડિશનિંગ, કારપેટ અને સ્ટેજ વગેરેના સ્કેચ કરી મને બતાવ્યા. તે મારી કલ્પના મૂજબના હતા. અમે તેને કામ આપ્યું. ઍજિનિયરની ફરજ કિરણ રાવળે બજાવી. ૨૦૦૪ના ડિસેમ્બરમાં શાળાની ઈમારતના શિરમોર સમું ઓડિટોરિયમ તૈયાર થઈ ગયું. વૃજલાલભાઈની ઈચ્છા મુજબ, માતુશ્રી નવલબહેન વીરચંદ મહેતા અને પિતાશ્રી વીરચંદ મીઠાલાલ મહેતાની સ્મૃતિમાં, સભાગૃહનું નામ‘મહાવીર ઓડિટોરિયમ’ રાખવામાં આવ્યું. પરંતુ અફસોસ. તા. ૨૬ ડિસેમ્બર ૨૦૦૪ના ઓડિટોરિયમનું લોકાર્પણ થયું. વજુભાઈ મહેતા ઉપસ્થિત રહી શકયા નહીં. તા. ૨૬ જાન્યુ. ૨૦૦૫ ના દિવસે તેમનો દેહવિલય થયો. સંસ્થાને આવા દરિયાદિલ દાતાની ખોટ પડી.

બહેરાંમૂંગાં શાળાના અદ્‌ભુત આર્કિટેકચરની જેટલી વાતો કરીએ, તેટલી ઓછી છે. આ નાનકડા ૨૧૩૨ ચો.વા. ના પ્લોટમાં, આર્કિટેકટ ધનસુખ ભટ્ટે કેટકેટલી જરૂરિયાતોને ખૂબીપૂર્વક સમાવી દીધી છે. આ ઈમારતના શિરમોર સમું, મહાવીર ઓડિટોરિયમ બનાવીને તો કમાલ કરી નાંખી છે. જગ્યાને અભાવે પ્લાનિંગ સમયે, અઢીસો-ત્રણસો બાળકોનો સમાવેશ થાય તેવું ઓડિટોરિયમ બની શકે તેવી શકયતા જણાતી ન હતી. અને સભાખંડ કે નાટ્યગૃહ વગરની શાળાની હું કલ્પના કરી શકતો ન હતો. બહુ આગ્રહ પછી ધનસુખભાઈએ પ્લાનમાં ફેરફાર કરીને ફર્સ્ટ ફલોર ઉપર ૬૫ X ૩૦ ફૂટના ઓડિટોરિયમનો સમાવેશ કર્યો. બાળકોની સંખ્યા જોતાં લંબાઈ ઓછી મળતી હતી એટલે આટલી ઓછી જગ્યામાં સ્ટેપ મૂકીને વધુ ઓડિયન્સનો સમાવેશ થાય, છતાં કોઈનું માથું ન નડે તેવો પ્રયત્ન અહીં કર્યો છે, આમ બાળકો માટે એક અદ્‌ભુત ઓડિટોરિયમ બનતાં બની ગયું.

**અંતે માન્ચેસ્ટરવાળા વૃજલાલભાઈ વીરચંદ મહેતાનું આગમન થયું. તેઓ દાન આપવા સહમત થયા. અને સ્વપ્ન સાકાર થયું.**


# ઉચ્ચ શિક્ષણના બંધ દ્વાર શ્રીમતી મહાલક્ષ્મીબહેન અને જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક શાળા થકી ખૂલ્યા

## સંવેદના જાગી

શ્રવણમંદ બાળકોની શાળાઓમાં સરકારના સમાજ સુરક્ષા ખાતા તરફથી ધો. ૧ થી ૭ ની મંજૂરી અપાતી. અમારી શાળામાં પણ ઘણાં વર્ષો સુધી આમ જ ચાલ્યું. સમયના પ્રવાહ સાથે મૂલ્યાંકનો બદલાયાં. સરકારી નોકરીમાં કે ટેકનિકલ કોર્સમાં આગળ વધવા માટે ઓછામાં ઓછું ૮ ધોરણ પાસ જોઈએ એ સ્થિતિનું સર્જન થઈ ચૂકયું હતું. શ્રવણમંદ







વિદ્યાર્થીઓમાં પણ શિક્ષણ માટેની ભૂખ જાગી હતી ત્યારે સમાજ સુરક્ષા ખાતું તેના ૧ થી ૭ ના નિયમને પકડીને બેઠું હતું. શ્રવણમંદોની શાળાએ ૮ થી ૧૦ ધોરણ કરવું હોય તો રાજયના શિક્ષણ ખાતામાંથી મંજૂરી લેવી પડે, એવી એક વ્યવસ્થા હતી. પરંતુ મંજૂરી મેળવવાનું કામ અભિમન્યુના કોઠામાંથી બહાર નીકળવા જેવું દુષ્કર હતું. એવામાં સંસ્થાના મહાવીર ઓડિટોરિયમમાં શિક્ષણ ખાતા તરફથી શિક્ષકોનું સંમેલન યોજાયું. તેમાં શિક્ષણ મંત્રીશ્રી આનંદીબહેન પટેલ પધાર્યા હતાં. સંમેલનમાં પ્રવચન પૂરું કરીને બહેન બહાર નીકળ્યા ત્યારે, નિમંત્રણ મુજબ ઑફિસમાં ચાપાણી માટે આવ્યાં. આ બહુ સારી તક હતી. વાતવાતમાં મેં તેમને આઠમાં ધોરણની મંજૂરીના અભાવે વિદ્યાર્થીઓનું ભવિષ્ય બગડી રહ્યું છે, એ વાત કરી. શિક્ષણ મંત્રીશ્રી આનંદીબહેન પટેલની સંવેદના જાગી. શિક્ષણાધિકારી બાજુમાં જ ઊભા હતા. આદેશ કર્યો, 'મંજૂરીની ફાઈલ મને ગાંધીનગર મોકલો.' અને કામ થઈ ગયું.

**શિક્ષણમંત્રી આનંદીબહેન પટેલની સંવેદના જાગી. શિક્ષણાધિકારી બાજુમાં જ ઊભા હતા. આદેશ કર્યો, 'મંજૂરીની ફાઈલ મને ગાંધીનગર મોકલો.'**

## મોટી રકમના દાતા મળવા મુશ્કેલ

શાળામાં ધો. ૮ થી ૧૦ અને પછી ૧૦ થી ૧૨ શરૂ થયાં. ગુજરાતની બહુ ઓછી સ્પેશિયલ સ્કૂલમાં આ વ્યવસ્થા હોવાથી શાળામાં ટપોટપ વર્ગો ભરાઈ ગયા. કલાસ રૂમ ઓછા પડવા લાગ્યા. વિદ્યાર્થીઓનો ધસારો વધતો જતો હતો. પરંતુ બેસાડવા કયાં? એ સમસ્યા હતી. શાળાના બિલ્ડિંગ ઉપર માળ બાંધી શકાય તેવું પ્લાનમાં પ્રોવિઝન હતું. પરંતુ તે માટે બેથી અઢી કરોડ રૂપિયા જોઈએ. સંસ્થાનું કોર્પસ ઓછું હતું. કોઈ દાતા મળે તો આ કામ થઈ શકે. પરંતુ આટલી મોટી રકમના દાતા મળવા મુશ્કેલ હતા.

## જીતુભાઈ મહેતા મળ્યા, જાણે ભગવાન મળ્યા



આ સમય દરમ્યાન, સિહોરમાં પી.એન.આર. સોસાયટીના પુનઃસ્થાપન કેન્દ્ર માટે અમે જમીનનો પ્લોટ શોધતા હતા. કયાંય મેળ પડતો ન હતો. એવામાં નટવરભાઈ દેસાઈને મુંબઈમાં જીતુભાઈ મહેતાનો સંપર્ક થયો. જાણે અમને ભગવાન મળી ગયા. એમનું ખરું નામ જીતેન્દ્ર જગન્નાથ મહેતા, મોટા બિઝનેસમેન અને મૂળ સિહોરના. જીતુભાઈએ અમારો પ્રૉબ્લેમ મિનિટોમાં ઉકેલી આપ્યો. અમારે જોઈતો હતો તે પ્લોટ લઈ આપ્યો અને પોતે જ દાતા બન્યા. આ પ્લોટ ઉપર અમે એક વરસમાં એક અદ્યતન સેન્ટરના મકાનનું બાંધકામ કર્યું. તેના ઉદ્‌ઘાટનમાં જીતુભાઈ પરિવાર સાથે આવ્યા ત્યારે, સેન્ટર જોઈને ખુશ થઈ ગયા. જતા જતા કહેતા ગયા, 'કોઈ મોટો પ્રોજેકટ હોય તો મને કહેજો. આપણને ઈન્ટરેસ્ટ છે.' આમ સિહોરનું સેન્ટર, જીતુભાઈ સાથે સેતુ બાંધવામાં નિમિત્ત બન્યું.

## અમે હાશકારો અનુભવ્યો

જીતુભાઈ સાથે એકાદ વરસ જુદા જુદા પ્રોજેકટ બાબત વાતચીત ચાલી. છેવટે બહેરાંમૂંગાં શાળાના મકાન ઉપર માધ્યમિક શાળાનો એક માળ લેવાના પ્લાન લઈને હું અને નટવરભાઈ, જીતુભાઈની મુંબઈ ઑફિસમાં મળવા પહોંચ્યા. શાળાનું મકાન સિહોરના પથ્થરને ઘડીને બાંધવામાં આવ્યું હતું. તેનું સૌંદર્ય જળવાઈ રહે તે માટે અમે શાળાના ફર્સ્ટ ફલોરનું બાંધકામ પણ, સિહોરના પથ્થરનું કરવાનું નકકી કર્યું હતું. જીતુભાઈને અને તેના પુત્ર દેવેનભાઈને માધ્યમિક શાળાનો આ પ્રોજેકટ પસંદ આવ્યો. પ્રમુખ દાતા બનીને તેઓ રૂપિયા એક કરોડ અગિયાર લાખ આપવા સહમત થઈ ગયા અને અમે હાશકારો અનુભવ્યો. બાકીના મેચિંગ ફંડ માટે

નટરવભાઈએ મુંબઈમાં ઝુંબેશ ઉપાડી. ભાવનગરથી પણ ઠીક ઠીક ફંડ થયું. શાળાના મકાન ઉપર એક માળ બાંધવાનું નક્કી થતાં ગિરીશભાઈની દરમ્યાનગીરીથી સિહોરની પથ્થરની ખાણની પરમિટ કલેકટરશ્રીએ કાઢી આપી. એ જ જીકા ખાણિયાને શોધીને ખાણમાંથી પથ્થર કઢાવી, ઘડાવ્યા. માળ ઉપર માળ બાંધવાનું ઘણું અટપટુ અને મુશ્કેલ હતું. જીતુભાઈએ એક વરસનો સમય આપ્યો હતો. તે એક ચેલેંજ હતી. ઉદ્‌ઘાટનમાં તેના ભાઈ, ભાભી વગેરેની અમેરિકાથી આવવાની ટિકીટ બુક થઈ ગઈ હતી. પ્રોજેક્ટને સમયસર પૂરો કરવામાં આર્કિટેકટ રજનીકાંતભાઈ મચ્છરે માનદસેવા આપી. ગિરીશભાઈ, પંડયાભાઈ, મહાસુખભાઈ અને તેની સાથે ઍન્જિનિયર અમિતભાઈ શાહે દિવસરાત યુદ્ધના ધોરણે કામ કરીને સમયસર બાંધકામ પૂરું કરાવ્યું.

**શાળાના ફર્સ્ટ ફ્લોરનું બાંધકામ પણ, સિહોરના પથ્થરનું કરવાનું નક્કી કર્યું હતું. જીતુભાઈને અને તેના પુત્ર દેવેનભાઈને માધ્યમિક શાળાનો આ પ્રોજેક્ટ પસંદ આવ્યો. પ્રમુખ દાતા બનીને તેઓ રૂપિયા એક કરોડ અગિયાર લાખ આપવા સહમત થઈ ગયા.**

## ઉદ્‌ઘાટન સમારંભ

જીતુભાઈના આ યોગદાનથી બંધાયેલ વિભાગને તેના માતુશ્રી અને પિતાશ્રીની સ્મૃતિમાં શ્રીમતી મહાલક્ષ્મીબહેન અને જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક શાળા નામ આપવામાં આવ્યું. ૧૦ માર્ચ ૨૦૧૨ ના જીતેન્દ્રભાઈ જે. મહેતા, જયોતિબહેન મહેતા, દેવેનભાઈ, ભૂપેન્દ્રભાઈ વગેરે પરિવારજનોની ઉપસ્થિતિમાં, મુ.મોહનભાઈ પટેલના વરદ્‌હસ્તે દીપપ્રાગટય કરીને તેનું ઉદ્‌ઘાટન સંપન્ન થયું. આ હાઈસ્કૂલમાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે, જેના કારણે શ્રવણમંદો માટે ઉચ્ચ શિક્ષણના બંધ દ્વાર ખૂલ્યાં તે આ પ્રોજેકટની સફળતા છે.




તકતી અનાવરણ - મોહનભાઈ પટેલના વરદ્ હસ્તે



દીપ પ્રાગટ્ય - જ્યોતિબહેન મહેતાનાં વરદ્ હસ્તે

# શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય યુવા છાત્રોની સમસ્યાનો ઉકેલ

## શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય



શ્રવણમંદ બાળકોનાં શિક્ષણ માટે સમાજમાં જાગૃતિ આવી હતી. પહેલાં આ બાળકો માંડ સાત ધોરણ સુધી ભણતાં હતાં. હવે બારમા ધોરણ સુધી ભણવા આવવા લાગ્યાં છે ને આગળ અભ્યાસ કરવા તેમજ નોકરી મેળવવા માટે તે જરૂરી પણ છે.



## યુવક યુવતિઓ માટે એક જ સંકુલ હતું

ગુજરાતમાં ત્રીસથી વધુ શ્રવણમંદ બાળકોની શાળાઓ છે. પરંતુ ઘણી શાળાઓમાં ૧૨મા ધોરણ સુધીના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ છે. જયારે અમારી શાળામાં આ બધી સુવિધા હોવાથી છેલ્લાં કેટલાક વરસથી ઉચ્ચ માધ્યમિક શિક્ષણ માટે ધસારો રહેવા માંડયો હતો. અમે વર્ગો વધાર્યા, સાથે છાત્રાલયમાં પણ સુવિધા વધારી અને સમસ્યાને હલ કરી. ત્યાં એક નવી સમસ્યા ધ્યાન ઉપર આવી. છાત્રાલયના એક જ મકાનમાં છોકરા છોકરીઓને રહેવા માટે બે ભાગ કરેલા હતા. પરંતુ ડાઈનિંગ હૉલ અને સંકુલનું ગ્રાઉન્ડ વગેરે કોમન હતા. છાત્રાલયમાં સાત ધોરણ સુધીના નાના બાળકો હતાં, ત્યાં સુધી ચિંતા જેવું ન હતું. પરંતુ હવે ઉચ્ચ માધ્યમિક થતાં યુવાન છોકરા-છોકરીઓ છાત્રાલયમાં આવવા લાગ્યા. તેને એક જ સંકુલમાં રાખવાનું ઉચિત જણાતું ન હતું.

# મોહનભાઈ પટેલ ગુજરાતીઓનું ગૌરવ



**ઉદ્યોગપતિમાં મુ. મોહનભાઈએ શિક્ષણ, સાહિત્ય, સાંસ્કૃતિક અને વિજ્ઞાનના ક્ષેત્રે સમાજને અપ્રતિમ યોગદાન આપ્યું છે. એટલું જ નહીં, પરંતુ મુંબઈના શેરીફ જેવા ઉચ્ચ હોદ્દા ઉપર રહીને ગુજરાતીઓનું ગૌરવ વધાર્યું છે.**

ડિસેમ્બર ૨૦૧૪ માં પી.એન.આર. અને સંલગ્નિત સંસ્થાઓનો વાર્ષિક સમારંભ યોજાયો. વર્ષોવર્ષ યોજાતા આ કાર્યક્રમમાં નટવરભાઈ આગ્રહ કરીને મુંબઈથી ઘણાં બધા દાતાઓ અને સંસ્થાના શુભચિંતકોને ભાવનગર લઈ આવે છે. નટવરભાઈના આવા એક ખાસ સ્નેહીમાં મુ.મોહનભાઈ પટેલ પણ છે. નેવું વર્ષની નજદીક પહોંચેલા ઉદ્યોગપતિમાં મુ.મોહનભાઈએ શિક્ષણ, સાહિત્ય, સાંસ્કૃતિક અને વિજ્ઞાનના ક્ષેત્રે સમાજને અપ્રતિમ યોગદાન આપ્યું છે.એટલુંજ નહીં, પરંતુ મુંબઈના શેરીફ જેવા ઉચ્ચ હોદ્દા ઉપર રહીને ગુજરાતીઓનું ગૌરવ વધાર્યું છે.

## છાત્રાલય માટે એક કરોડનું દાન

આવા મેધાવી માનવી મુ.મોહનભાઈ પટેલના પ્રમુખસ્થાને, સંસ્થાનો વાર્ષિક સમારંભ યોજાયો હતો. ચર્ચા થતાં, શ્રવણમંદ યુવક-યુવતિઓના છાત્રાલયના એક જ સંકુલ અંગે મારી ચિંતામાં તેમણે સૂર પૂરાવ્યો અને કોઈ યોજના હોય તો ઉપયોગી થવા તત્પરતા બતાવી. શાળાથી એકાદ કિલોમીટર દૂર, શ્રીમતી કમળાબહેન રતિલાલ દોશીએ સંસ્થાને આપેલ પ્લોટ પૈકી, એક હજાર ચોરસ વારનો પ્લોટ નં.૧૯૨૧-B ખાલી હતો. આ પ્લોટમાં ગ્રાઉન્ડ પ્લસ ફોરનું બાંધકામ કરતાં ડાઈનિંગ હૉલ, સુપ્રિન્ટેન્ડન્ટ ક્વાર્ટર ઉપરાંત ચોવીસ સેલ્ફ કન્ટેન રૂમમાં ૭૨ પથારીની વ્યવસ્થા થઈ શકે તેમ હતી. આ ૧૭૦૦૦ સ્કે. ફીટના બાંધકામ ફર્નિચર ફિક્સચરના ખર્ચનો અંદાજ રૂપિયા બે કરોડ પચાસ લાખ થવા જતો હતો. તે મુ.મોહનભાઈને આપવા માટે આ સરસ પ્રોજેક્ટ છે એમ મને લાગ્યું. નટવરભાઈની સલાહ મુજબ પત્ર સાથે પ્રપોઝલ તૈયાર કરી મોકલી ને તરત જ મોહનભાઈ, રૂપિયા એક કરોડનું દાન આપવા સહમત થયા. બાકી ઘટતા એક કરોડ પચાસ લાખ માટે નટવરભાઈએ મુંઈબમાં ફંડ ડ્રાઈવ ચલાવ્યો. સાથોસાથ ભાવનગરમાંથી પણ થોડું ફંડ મેળવવામાં આવ્યું.

છાત્રાલયના બાંધકામમાટે, સંસ્થાના પ્રમુખ ગિરીશભાઈ શાહની આગેવાની નીચે એક કમિટી બનાવવામાં આવી. કમિટીમાં શશીભાઈ વાધર, હું, અશ્વિનભાઈ પંડયા, મહાસુખભાઈ જકડિયા વગેરે સાથે રહ્યા. રજનીકાંતભાઈ મચ્છરે પ્લાન બનાવ્યા. તડામાર કામગીરી શરૂ કરવામાં આવી. એક વરસમાં કામપૂરું કરીને ૮ જાન્યુ. ૨૦૧૭ ના દિવસે યોજાયેલા સમારંભમાં મોહનભાઈ પટેલના વરદ્હસ્તે છાત્રાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું અને સમસ્યાનો ઉકેલ આવી ગયો.



# શ્રવણમંદોના લગ્નની વિકટ સમસ્યા

## વાલીઓની ચિંતા

માતા પિતાના હેત અને વાત્સલ્યમાં ખોળો ખૂંદતું બાળક કયારે મોટું થઈ જાય છે, તેની ખબર પણ પડતી નથી. યુવાનીની ઉંમરે થનગનતા વ્હાલસોયા બાળકો માટે યોગ્ય જીવનસાથી મેળવવાની દરેક વાલીને ચિંતા સતાવે છે. તેમાં પણ શ્રવણમંદ યુવક-યુવતિના વાલીઓની સમસ્યા બહુ જટિલ હોય છે. એક તો શ્રવણમંદોની સંખ્યા ઓછી, વળી દરેકને પોતાની જ્ઞાતિનું પાત્ર જોઈએ, ત્યારે પસંદગીનું વર્તુળ મર્યાદિત થઈ જાય છે. દીવો લઈને શોધવા જવા છતાં પણ, જીવનસાથી ઝટ દઈને મળતાં નથી.

**શ્રવણમંદતા વારસાગત ખામી છે. તેને રોકવા માટે હજુ કોઈ અસરકારક ઉપાય કે વેક્સિન શોધાણી નથી. નજીકના ગોત્રમાં લગ્ન થતાં હોય તેમાં, શ્રવણમંદ બાળક જન્મવાની શક્યતા ઘણી વધારે છે.**

## સંસ્થામાં મૅરેજ-બ્યૂરોની શરૂઆત




પ્રમુખદાતા જયંતભાઇ વનાણી (બુધાભાઇ) મહેમાનો સાથે

બહેરાંમૂંગાં શાળા શરૂ કરી પછી, શાળામાં ભણીગણીને તૈયાર થયેલા યુવક યુવતિના વાલીઓ તેના ફરજંદ માટે, યોગ્ય જીવનસાથી શોધી આપવા, સંસ્થામાં આંટા ફેરા મારતાં, પરંતુ કેમેય કરીને મેળ પડતો નહીં, ત્યારે વાલીઓની ઊંઘ હરામ થઈ જતી. આ સમસ્યાને હલ કરવા ૧૯૭૭થી સંસ્થામાં એક મૅરેજ બ્યુરો શરૂ કર્યો. તેનો પોર્ટફોલિયો ઘણાં વરસ સુધી મદદનીશ શિક્ષિકા રશીદાબહેન મરચન્ટે અને ત્યાર પછી દક્ષાબહેન સવજિયાણી વગેરેએ ઉત્તરોત્તર સંભાળ્યો. આ મૅરેજ બ્યુરોને સારો પ્રતિસાદ મળ્યો.

## જીવનસાથી પસંદગી મેળો

શ્રવણમંદતા વારસાગત ખામી છે. તેને રોકવા માટે હજુ કોઈ અસરકારક ઉપાય કે વેક્સિન શોધાણી નથી. નજીકના ગોત્રમાં લગ્ન થતાં હોય તેમાં, શ્રવણમંદ બાળક જન્મવાની શકયતા ઘણી વધારે છે, જેમ કે મુસ્લિમ કૉમ્યુનિટી. શાળા ૧૯૬૦માં શરૂ થઈ, તેમાં ભણી ગયેલા ઘણાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની બીજી જનરેશન અત્યારે શાળામાં આવવા લાગી છે ! વારસાગત ખામી સિવાય પણ, અધૂરા મહિને જન્મેલાં, બાળક માતાના ઉદરમાં હોય ત્યારે માતાને રૂબેલાના ચેપ કે જન્મ પહેલાં કે જન્મ પછી નવજાત શિશુના મગજ ઉપર ઈજા કે કેટલીક દવાઓના વધુ પડતા ઉપયોગને કારણે પણ શ્રવણમંદતા આવે છે. મૅરેજ બ્યુરોમાં લગ્ન ઈચ્છુક યુવક યુવતિની ફકત માહિતી મળતી હોય બે પરિવારને મળીને વાતચીત કરવામાં ઘણો સમય વ્યતિત થતો. આટલાં વરસના અનુભવે એ પણ સમજાયું કે યુવક યુવતિ બંને શ્રવણમંદ હોય એ લગ્નો જ વધુ સફળ થાય છે

ને લગ્ન ઈચ્છુકો પણ એવી જ ઈચ્છા ધરાવે છે. આથી 'જીવનસાથી પસંદગી મેળો' યોજવાનું અને તેના દ્વારા બધાંને એક મંચ પર ભેગા કરી અને નજદીક લાવવાનો પ્રયાસ કર્યો. દર બે વર્ષે યોજાતા મેળામાં ગુજરાત અને બહારથી મોટી સંખ્યામાં લગ્ન ઈચ્છુક યુવક યુવતિઓ આવે છે. અત્યાર સુધીમાં આવા ૧૫ જીવનસાથી પસંદગી મેળા યોજાઈ ગયા અને લગભગ ૧૨૫ યુગલોએ એકબીજાને પસંદ કરી પ્રભુતામાં પગલાં માંડયાં. છેલ્લાં કેટલાક વરસથી આ મેળા માટે જયંતભાઈ વનાણી (બુધા પટેલ) નું આર્થિક યોગદાન મળે છે. એટલું જ નહીં પણ તેમણે કન્યાઓને કરિયાવરની ભેટ વગેરે આપીને ઉત્સાહ વધાર્યો છે. આ મેળામાંથી જે યુગલોએ જીવનસાથીની પસંદગી કરી પ્રભુતામાં પગલાં માંડયા હોય એવા કેટલાકના સુખી દાંપત્ય જીવનની સાફલ્ય ગાથા પણ જાણવા જેવી છે.

## હંસા અને અમિત



સરતાનપર જેવા નાના ગામડામાંથી આવેલી હંસાનાં લગ્ન, અમદાવાદના અમિત સાથે થયાં ને સુખી ઘર સંસાર ચલાવે છે.

## વર્ષા-સાગર



વર્ષા શાળામાં ધો. ૧૨ સુધી ભણેલી. જયારે ૧૪માં ''જીવનસાથી પસંદગી મેળા'' માં વર્ષા અને સાગર સ્ટેજ ઉપર આવ્યાં, બંને એકબીજાને ખૂબ જ ગમી ગયાં હતાં. પરંતુ વર્ષાના વાલીનું કૌટુંબિક કારણસર મન માનતું ન હતું. અંતે થાકીને એકાદ વર્ષ પછી વર્ષાના પપ્પા સાગરના ઘરે સામે ચાલીને ગયા. ઘડિયા લગ્ન લેવાયાં. બંનેનું દાંપત્ય જીવન સુખમય ચાલી રહ્યું છે.

## મિરલ - દીપક



મિરલ શાળાની ખૂબ જ હોશિયાર છોકરીએ અભ્યાસ પછી ૧ વર્ષ દુબઈ સ્ટોરમાં



કામ કર્યું. પછી કચ્છની બે. મૂં. શાળામાં કૉમ્પ્યૂટર શિક્ષકની નોકરીમાં જોડાણી. દરમિયાન તેને દીપકનું અંજળ ભાવનગર ખેંચી લાવ્યું. લગ્નગ્રંથી જોડાયાં. તેમને એક નોર્મલ બેબી છે.

## અદિતિ - દર્શીત

અદિતિ સંસ્થામાં શિક્ષણ, રમતગમત, સાંસ્કૃતિક તથા કમ્પ્યૂટર ક્ષેત્રનું જ્ઞાન લઈને દર્શિત પટેલ સાથે અમેરિકાના ન્યુ જર્સીમાં સ્થાયી થઈ છે. યુગલ ખુશ થઈને કહે છે કે, 'પુત્ર હરિ, અમારી વાચા બની ઊભો રહે છે.આ સુખી દાંપત્યજીવન માટે સંસ્થાનો અમૂલ્ય ફાળો છે.''

## મહેન્દ્ર - નીતા

મહેન્દ્ર ગરીબ ઘરનો, ગામડામાં ઉછરેલો ને અશિક્ષિત માતાપિતાનો પુત્ર. શાળા શિક્ષણમાં સામાન્ય હતો. પરંતુ શાંત સ્વભાવનો અને મહેનતુ હોવાથી, શાળામાં જ તેને પટ્ટાવાળાની નોકરી મળી. માતાપિતાનો આગ્રહ હતો કે સાંભળતી યુવતિ સાથે જ તેનાં લગ્ન કરવાં. તેથી સંસ્થા શિક્ષકોના અથાગ પ્રયત્નોથી જીવનસાથી મેળામાં મહેન્દ્રએ ફોર્મ ભર્યું. જ્ઞાતિબાધનો આગ્રહ છોડયો અને નીતા મારુની પસંદગી કરી અને શુભ દાંપત્ય જીવનની શરૂઆત કરી. તેમને એક પુત્ર સાંભળતો હોવાથી પપ્પામમ્મી અને સમાજ સાથે ઇન્ટરપ્રિટરનું કાર્ય કરે છે.

## અમિત - તેજલ



અમિતનો મળતાવડો સ્વભાવ, કાર્યની ધગશ અને આવડતને કારણે તેણે એક સારા વિદ્યાર્થીની છાપ ઉપસાવી. તેણે શાળામાં SSC અને કમ્પ્યૂટરનો કોર્સ કરી, સુરેન્દ્રનગર ખાતે શેરબજારનું કાર્ય શરૂ કર્યું.ઘરનું વાતાવરણ રૂઢિચુસ્ત, છતાં અમિતની પર્સનાલિટી અને આવડતના કારણે, મુંબઈની તેજલ સાથે લગ્ન થયાં. બંને જોઈન્ટ ફેમિલીમાં હસીખુશી દાંપત્ય જીવન માણી રહ્યાં છે.

## જીગર - અમિતા



જિગરે અભ્યાસ કરીને AT & Tમાં DTP કમ્પ્યૂટર કોર્સ કર્યો. તેણે સ્ટેટ લેવલે ''ગોલ્ડ મેડલ'' મેળવ્યો. સંસ્થામાં કમ્પ્યૂટર ઈન્સ્ટ્રક્ટરની નોકરી મેળવી. મેળા દ્વારા રાજકોટ નિવાસી મિતા સાથે લગ્ન કર્યા. જિગર ભાવનગરમાં, આંખના મોતિયાના લેન્સ બનાવતી સ્પેક્ટ્રા વિઝન કંપનીમાં મહત્ત્વની કામગીરી કરે છે અને મિતા જીવનસાથી પસંદગી મેળામાં કાઉન્સેલિંગ કરવામાં માહેર બની ગઈ છે.તેમને એક બધિર પુત્ર છે. જે સંસ્થામાં અભ્યાસ કરી રહ્યો છે.

આમ ''વેવિશાળ મેળા'' થી અનેક લોકોના સુખી દાંપત્ય જીવનના સપનાં સાકાર થયાં. તેને સફળ બનાવવામાં સંસ્થાના કર્મચારીઓ, કાર્યકર્તાઓ, બધિર મંડળ અને દાતાઓનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

# સંસ્થાના વિકાસમાં 'કોશિશ' માસિકનું મહત્ત્વ

## કૉમ્યુનિકેશન સ્કિલ સફળતાનો આધાર

'બોલે તેના બોર વેચાય'. જૂનાં જમાનાની આ કહેવત અત્યારના પ્રિન્ટ મીડિયાના જમાનામાં પણ ૧૦૦% સાચી જણાય છે. કોઈ ગમે તેટલું સારું સમાજ ઉપયોગી કામ કરે, પરંતુ જનસમુદાયના દિલોદિમાગ સુધી પહોંચવા તેને કોમ્યુનિકેશન મીડિયાની જરૂર પડે છે. મીડિયા પછી તે ઈલેક્ટ્રોનિક હોય, પ્રેસ હોય કે માસ મીડિયા હોય. સમય સમય પ્રમાણે તેનું સ્વરૂપ બદલાય છે, પરંતુ મહત્ત્વ ઓછું થતું નથી. કોમ્યુનિકેશનની સ્કિલ મુજબ સફળતાનો આધાર રહે છે. વર્ષો પહેલાં ગાંધીજીએ પોસ્ટ કાર્ડ લખીલખીને દેશમાં ચેતના જગાવી હતી અને 'હરિજન બંધુ' માસિકથી સામાજિક સુધારણાની શરૂઆત કરી, અંગ્રેજ સલ્તનતના પાયા હચમચાવી નાખ્યા હતા.

## 'ધૂપસળી' માસિક પત્રિકા

૬૦ વરસ પહેલાં નવજવાન સંઘની સ્થાપના કરી. એ સમયે ભાવનગરમાંથી કોઈ સમાચાર પત્ર નીકળતું ન હતું. ત્યારે અમે સંસ્થાની પ્રવૃત્તિઓ અને શહેરના સમાચાર, બ્લેક બોર્ડ ઉપર લખીને ગલીના નાકે મૂકતાં. વાંચવા માટે લોકો ટોળે વળતા. તો કયારેક માહિતીના પ્રસાર માટે પત્રિકાઓ છપાવી, વહેંચતા તેની સફળતા પછી અમે 'ધૂપસળી' માસિક પત્રિકા શરૂ કરી. તેને ઘણો સારો પ્રતિભાવ મળ્યો. ઘણાં વર્ષ સુધી હું તેનો તંત્રી રહ્યો હતો.




**કોમ્યુનિકેશનની સ્કિલ મુજબ સફળતાનો આધાર રહે છે. વર્ષો પહેલા ગાંધીજીએ પોસ્ટકાર્ડ લખીલખીને દેશમાં ચેતના જગાવી હતી અને અંગ્રેજ સલ્તનતના પાયા હચમચાવી નાખ્યાં હતાં.**

# વિકાસમાં 'કોશિશ'નું મહત્ત્વ



ભાસ્કરભાઈ ભાવસાર



કિરીટભાઈ રાઠોડ

૧૯૬૦ માં બહેરાંમૂંગા શાળા શરૂ કરી. પ્રવૃત્તિનો વ્યાપ વધ્યો. ૧૯૭૦માં બહેરાંમૂંગાં શાળામાંથી 'કોશિશ' સામયિક શરૂ કર્યું. પચાસ વરસથી નિયમિત છપાતું 'કોશિશ', સંસ્થાના શુભચિંતકો, દાતાઓ, વાલીઓ વગેરે વચ્ચે એક સેતુ બની ગયું છે. ભાવનગરની બહાર દેશવિદેશમાં આજે 'કોશિશ' નો એક મોટો વાચક વર્ગ છે. કેટલાક લોકોને 'કોશિશ' નું બંધાણ થઈ ગયું છે. દેશ અને દુનિયામાં વસી રહેલાં સંસ્થાના દાતાઓ, શુભચિંતકો અને કાર્યકરોને દર મહિને 'કોશિશ' માંથી સંસ્થાના અવનવા સમાચાર મળતા રહે છે. અમને વાચકોના સૂચનો અને પ્રોત્સાહન તો મળે જ છે સાથોસાથ દાનનો નિરંતર પ્રવાહ વહેવડાવવામાં પણ આ માસિકનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે.

**'કોશિશ', સંસ્થાના શુભચિંતકો, દાતાઓ વચ્ચે એક સેતુ બની ગયું છે. દેશવિદેશમાં 'કોશિશ'નો એક મોટો વાચક વર્ગ છે. કેટલાક લોકોને 'કોશિશ'નું બંધાણ થઈ ગયું છે.**

પચાસ વરસથી પ્રસિદ્ધ થતા આ 'કોશિશ' માસિકમાં, મારી સાથે સ્વ. હીરાભાઈ શાહે ઘણો સમય કામ કર્યું. ત્યાર પછી ભાસ્કરભાઈ ભાવસારે સુકાન સંભાળ્યું. ભાસ્કરભાઈ કોશિશ માસિકની સાથોસાથ સંસ્થાનાં મીડિયા વિભાગને એક નવી ઊંચાઈ પર લઈ ગયા. સંસ્થાને ઘણી પ્રસિદ્ધિ મળી. તેમને નીતિનભાઈ અને ભરતભાઈ કનાડાનો સહયોગ સાંપડયો. સમયની માગ મુજબ કોશિશનાં અમે તેના રંગરૂપ બદલાતા રહ્યાં છે. છેલ્લાં કેટલાક વરસથી કિરીટભાઈ રાઠોડે સંપાદન સંભાળી, મને હળવો કર્યો છે. સંસ્થાના કાર્યકર્તાઓ અને શિક્ષકગણ, લખવાની કળા હસ્તગત કરે તે હેતુથી સૌને 'કોશિશ' માં લખવાની જવાબદારી સોંપવાનો પ્રયોગ પણ સફળતાને વર્યો છે. આમ 'કોશિશ' મુખપત્રનું સંસ્થાના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન છે.



# જાદુ મંતર કે રૂહાની તાકાતથી મૂંગાંને બોલતા કરવાની પોકળ વાતો

## હલિમા બેગમ દુઆ લેવા પહોંચી

૪ એપ્રિલ ૧૯. સવારમાં ચા પીતા પીતા દિવ્ય ભાસ્કરનું સૌરાષ્ટ્ર સમાચાર વાંચતો હતો, ત્યાં 'રૂહાની તાકાતોવાળા મૌલવી' ના હેડિંગ સાથે એક મૂંગી છોકરીના માથે હાથ મૂકીને તેને બોલતી કરવાનો ઈલમ કરતો ફોટો જોવા મળ્યો. ધુધરી(આસામ) ના સમાચારનું લખાણ હતું, '૧૪ વર્ષની હલિમા બેગમ અમ્મી આલિયા સાથે આવી છે. હાથમાં મધની બોટલ છે. માતાને ભરોસો છે કે મૌલાના સાંસદ બદરૂદ્દીન અજમલ મધમાં ફૂંક મારી દૂઆ આપશે તો હલિમા બોલવા લાગશે. લોકો માને છે કે તેને રૂહાની તાકાત હાંસલ છે !' પછી હલિમા બોલતી થઈ કે નહીં એ સમાચાર નથી. પરંતુ મૌલવીને તો વગર પૈસાની પ્રસિદ્ધિ મળી ગઈ. એટલે વધુ ને વધુ લોકો ચમત્કારનો લાભ લેવા મધની બોટલ લઈને દોડયા હશે. કાનમાં કોકલિયરની ખામીને કારણે બાળક જન્મથી સાંભળે નહીં, એટલે બોલે નહીં. એમ માથે હાથ મૂકયે હલિમા બેગમ બોલતી ન થાય. પરંતુ તેને આ માનવ શરીર રચનાની સમજ કયાંથી હોય?

**માતાને ભરોસો છે કે મૌલાના સાંસદ બદરૂદ્દીન અજમલ મધમાં ફૂંક મારી દુઆ આપશે તો હલિમા બોલવા લાગશે.**

## ચમત્કારની આશા

વૈજ્ઞાનિક અભિગમ તરફ સમાજની ઘોર ઉપેક્ષા, અજ્ઞાનતા અને અંધશ્રદ્ધાને કારણે ભૂવા, ભરાડી, બાબાઓ અને મૌલાનાઓની જાળમાં ભોળાં લોકો ફસાતા જ રહે છે. તેમાં ભણેલા કે અભણ બધા સરખા. બીજાની કયાં વાત કરું ? અમે ફંડ કરવા કલકત્તા ગયા હતા ત્યારની જ વાત છે. અમારી સાથે શાળાની પ્રથમ વિદ્યાર્થિની જયોતિબાળાના પપ્પા ચિમનભાઈ હતા. કલકત્તાથી દોઢસો એક કિલોમીટર દૂર બેલૂર મઠમાં કોઈ જૈન મુનિ મૂંગાને બોલતા કરી દે છે એવી વાત લઈને ચિમનભાઈ મારી પાસે આવ્યા અને કહે આપણે ટેકસી કરીને જઈએ. ઠેઠ અહીં આવ્યા છીએ તો બેલૂર મઠ કયાં દૂર છે ? તેના સાળા હિંમતભાઈએ વાતમાં સૂર પૂરાવ્યા. વાત સાંભળીને હું તો હેરાન રહી ગયો. આવું કદી બને નહીં અને આવા જંતરમંતરની વાત આપણે તો હરગીઝ કરાય નહી તેમ સમજાવવા છતાં બંને સાળો બનેવી બેલૂર મઠ જઈને ધોયેલા મૂળાની જેમ પાછા આવ્યા. મૂંગો છોકરો મળ્યો પણ કાંઈ બોલતો ન હતો. ઘણાં વરસ પહેલાં ભાવનગરમાં પણ એક અઘોરી બાબા આવ્યા હતા. મૂંગાને બોલતા કર્યાની તસવીર સાથે તેની



જનજાગૃતિ માટે શેરી નાટક

**વૈજ્ઞાનિક અભિગમ તરફ સમાજની ઘોર ઉપેક્ષા, અજ્ઞાનતા અને અંધશ્રદ્ધાને કારણે ભૂવા, ભરાડી, બાવાઓ મૌલાનાઓની જાળમાં ભોળાં લોકો ફસાતા જ રહે છે. તેમાં ભણેલા કે અભણ બધા સરખા.**

જાહેરખબર છાપામાં આવી. ઈચ્છુકોને બાળક સાથે હૉટલ એપોલોમાં એપોઇન્ટમેન્ટ લઈને મળવું એવી વાત હતી. અમે આવા ધૂતારાથી છેતરાવું નહીં એવુ બ્લેક બોર્ડ હૉટલ બહાર મૂક્યું. વિરોધ જોઈને સાંજે જ બાબાએ ઉચાળા ભર્યા.

ડૂબતો માણસ તરણું પકડે તેમ બહેરાં બાળકોના વાલીઓ કાંઈક ચમત્કાર થશે એવી આશામાં ને આશામાં એક બાબાથી બીજા બાબાના ચક્કરમાં ફસાઈને પૈસેટકે ખુવાર થતા રહે છે અને સાથે શ્રવણમંદ બાળકની જિંદગીના વર્ષ વેડફે છે. કોઈક બાળકની જીભ ટૂંકી છે તે મોટી કરવા ચેકો મુકાવે છે, કોઈ સંત મહાત્મા પાસે મંત્રેલા દોરાધાગા બંધાવે છે તો કોઈ જાદુઈ લાકડી માથા ઉપર ફેરવાવે છે, તો કોઈ ભસ્મના પડીકાં પીવડાવ્યે રાખે છે. અંતે આ ધુતારાઓથી હારે, થાકે ત્યારે અમારી પાસે આવે છે તે વખતે ઘણું મોડું થઈ ગયું હોય છે.

# સી.એમ. અને પી.એમ. નરેન્દ્રભાઈ મોદી સંસ્થાના બાળકો વચ્ચે

## જાતભાઈ આવ્યો છે

૧લી મે ૨૦૦૫. ગુજરાત ગૌરવ દિન મહોત્સવ ભાવનગરમાં ઉજવવાનું નક્કી થયું હતું. તેની પૂર્વ તૈયારી માટે સૌરભભાઈ પટેલ સાથે સંસ્થાઓની મિટીંગ ગોઠવાઈ હતી. તે એક પછી એક સંસ્થાના પ્રતિનિધિને સાંભળતા હતા. પી.એન.આર. અને સંલગ્નિત સંસ્થાઓમાં દિવ્યાંગ બાળકો અને સ્ટાફ મળીને ૧૨૦૦ની સ્ટ્રેંન્થ છે એમ મેં કહ્યું ત્યારે, સાંભળીને તેમની આંખો પહોળી થઈ ગઈ. ઘડીભર તેમને સાચું લાગ્યું નહીં. પછી



**બહેરામૂંગાં શાળામાં ગુજરાતના સ્થાપના દિન ૧ મે ૨૦૦૫ની ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ સાથે જમણી બાજુ હું, પાછળ શશીભાઈ વાઘર, કનુભાઈ કળસરિયા વગેરે.**

**હાજરજવાબી નરેન્દ્રભાઈએ માઈક હાથમાં લીધું. કહે, 'એ લોકોને ખબર પડી કે એનો જાતભાઈ આવ્યો છે પછી ઝાલ્યા શેના રહે' ચારે તરફ હસાહસનું વાતાવરણ છવાઈ ગયું.**

મુલાકાત કરી, સંસ્થા અને સુવિધા જોઈને રાજી થયા. નક્કી થયા પ્રમાણે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દીપ પ્રગટાવી ગુજરાત ગૌરવ દિનનું ઉદ્‌ઘાટન કર્યું. શ્રવણમંદ, પ્રજ્ઞાચક્ષુ, મંદબુદ્ધિ અને સેરીબ્રલ પાલ્સી બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો. તેમાં મંદબુદ્ધિ બાળકોની 'વાંદરાભાઈ હૂપ-હૂપ-હૂપ' કૃતિ રજૂ થઈ તે મુખ્યમંત્રીશ્રીને બહુ ગમી. ત્યારે ઉદ્‌ઘોષક પ્રજ્ઞાબેને કહ્યું કે, 'આજે આ બધા વાંદરાભાઈ રિસાઈ ગયા હતા. સ્ટેજ પર આવવાનો તેને મૂડ ન હતો. પરંતુ અમે કહ્યું નરેન્દ્રભાઈ મોદી આવવાના છે તો બધા તૈયાર થઈ ગયા.' હાજર જવાબી નરેન્દ્રભાઈએ માઈક હાથમાં લીધું કહે, 'એ લોકોને ખબર પડી કે એનો જાતભાઈ આવ્યો છે, પછી ઝાલ્યા શેના રહે' ચારે તરફ હસાહસનું વાતાવરણ છવાઈ ગયું.



૧ મે ૨૦૦૫ શાળામાં બાળકો સાથે



ફેરી સર્વિસમાં બાળકો સાથે

# રો-રો ફેરીમાં દિવ્યાંગ બાળકો સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી

ગુજરાતના મુખ્ય મંત્રીમાંથી વડાપ્રધાન બન્યા પછી પણ નરેન્દ્રભાઈ દિવ્યાંગોને ભૂલ્યા ન હતા. ૨૨ ઑક્ટો. ૨૦૧૭ ના દિવસે ઘોઘા દહેજ ફેરી સર્વિસના ઉદ્‌ઘાટનના પહેલા રાઉન્ડમાં તેમણે સાથે માત્ર ને માત્ર શ્રવણમંદ, મંદબુદ્ધિ અને બહુવિધ વિકલાંગ બાળકોને સાથે લીધા હતા અને બહેન કવિતાને મીડિયેટર રાખીને મન ભરીને બાળકો સાથે સંવાદ કર્યો હતો. આ યાદગાર ટ્રીપમાં સંસ્થાના પ્રમુખ ગિરીશભાઈ શાહ, મંત્રી અશ્વિનભાઈ પંડયા વગેરે સાથે રહ્યા હતા.

**ઘોઘા-દહેજ રો રો ફેરી સર્વિસમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ સાથે ગિરીશભાઈ, અશ્વિનભાઈ પંડ્યા, કવિતા શાહ વગેરે**



# બહેરાંમૂંગાં સંસ્થામાં નેતૃત્વ પરિવર્તન અને પડકાર

## તમારા પછી કોણ ? બાબાભાઈ !

સમાજમાં અપ્રાપ્ય સુવિધા ઊભી કરવાનાં ધ્યેય સાથે અમે પંચાવન સાઠ વરસમાં વિકલાંગો માટે એક એકથી ચડિયાતી શાળાઓનું નિર્માણ કરી શકયા. આ માત્ર શાળાઓ ન હતી પરંતુ તેનાથી વિશેષ એક છત્ર નીચે અપાતી મેડિકલ અને પેરા મેડિકલ સેવાઓ હતી. સામાન્ય રીતે પીડિતો માટે કોઈ ન કરે એવા કામને અમે જીવનમંત્ર બનાવ્યો હતો. તેમાં સંવેદનશીલ દાતાઓ અને દેશવિદેશની સંસ્થાઓનો સહયોગ સાંપડયો. એક તરફ લાભાર્થીઓનો પ્રવાહ અટકવાનું નામ લેતો ન હતો. બીજી તરફ હું તેની પૂર્તિ કરવા નવાનવા પ્રોજેકટ બનાવ્યે જતો હતો. તેથી સંસ્થાનું કદ વધતું જતુ હતું. ભવિષ્યમાં આ સંસ્થાઓનું શું થશે? કોણ સંભાળશે? એ ચિંતામાં સાથી મફતભાઈ હવે નવા પ્રોજેકટ ન કરવા માટે મને ટકોર કરતા રહેતા હતા. જયારે અંતુભાઈ રાવળ, કાંતિકાકા અને નટવરભાઈને ચિંતા તો હતી પરંતુ મને અટકાવીને નિરુત્સાહ કરવાનું ઉચિત સમજતા ન હતા. સંસ્થામાં તમારી પછી કોણ, બાબાભાઈઃ એવો સવાલ શુભચિંતકો અને દાતાઓમાંથી મને હંમેશા થતો રહ્યો છે. ચિંતા સાચી છે. પરંતુ મને સાથી કાર્યકર્તાઓની નિષ્ઠા અને કાર્યકુશળતામાં શ્રદ્ધા છે. વળી મારા પછી કોણ? એ સવાલ કાંઈ આજનો નથી. યુગોથી થતો આવ્યો છે. છતાં દુનિયા ચાલે છે અને ચાલતી રહેશે. જો તેની ચિંતા જ કર્યા કરીશું તો કાંઈ સર્જન થઈ શકશે નહી. સંસારમાં કોઈ સ્થિતિ કાયમી નથી. સમય સમયનું કામ કરે જ જાય છે. આપણે ઇચ્છીએ કે નહી પરંતુ નેતૃત્વમાં પરિવર્તન અનિવાર્ય છે.

આનો અર્થ એવો પણ નથી કે આપણે બધું ભગવાનને ભરોસે છોડી દેવું!

**મને સાથી કાર્યકર્તાઓની નિષ્ઠા અને કાર્યકુશળતામાં શ્રદ્ધા છે. મારા પછી કોણ ? એ સવાલ કાંઈ આજનો નથી. યુગોથી થતો આવ્યો છે. છતાં દુનિયા ચાલે છે અને ચાલતી રહેશે.**

સંસ્થાઓમાં અમે નીચેથી ઉપર સુધી અદ્યતન મૅનેજમેન્ટનું નેટવર્ક તો ગોઠવ્યું છે. સાથોસાથ વર્ષ ૨૦૦૦ પછી નેતૃત્વની બીજી હરોળ તૈયાર કરવા અમે અનિલ દુવા, મુનિ દવે વગેરે મૅનેજમેન્ટ ગુરુનાં લેકચર તથા વર્કશૉપનું આયોજન પણ કરતા રહ્યા છીએ. પરિણામે સંસ્થાઓમાં તાલીમબદ્ધ કર્મચારીઓ અને સમર્પિત કાર્યકર્તાઓની દ્વિતિય હરોળ ઊભી થઈ શકી છે. તેમ છતાં પ્રવૃત્તિનાં પ્રમાણમાં હંમેશા કાર્યકર્તાઓની ઘટ સાલતી રહે છે.



વહીવટમાં પારદર્શિતા

## પરિવર્તન દાપું માગે છે

વર્ષ ૨૦૦૫ પછી અમે અનંત ત્રિપુટી અને કાંતિકાકા વગેરેએ સંસ્થાઓના જવાબદારીભર્યા હોદ્દા ઉપરથી ધીમે રહીને ખસી જવાનુંઅને સાથી કાર્યકરોને જવાબદારી સોંપવાનું નક્કી કર્યું. સામાન્ય રીતે લોકો સત્તાનાં ઉપભોગવટામાં સાથીદાર સાંખી શકતા નથી. આ લોકો જયારે હયાત નહીં હોય ત્યારે સંસ્થાનું શું થશે તેની પરવા કરતા નથી. આવાં લોકોની હયાતી પછી સંસ્થામાં શૂન્યાવકાશ સર્જાય છે અને સંસ્થા સુકાન વગરનાં વહાણની જેમ ડચકા ખાવા લાગે છે. આવી કેટલીએ સંસ્થાઓ બંધ થઈ ગયાનું આપણે જાણીએ છીએ. અમારે તો અમે હોયએ કે ન હોયએ પરંતુ સાચુકલા સપનાની સંસ્થાઓ વર્ષોના વર્ષ જરૂરતમંદ વિકલાંગો માટે નિરંતર સેવા કરતી રહે તે જોવું છે.

સંસ્થાઓમાં નેતૃત્વ પરિવર્તનના વિચાર સામે કોઈએ અમને ભયસ્થાન બતાવ્યા. કોઈએ કબજો જાળવી રાખવા સલાહ આપી. તો કોઈએ નવા ઉત્તરાધિકારીઓ તમારા જેવું કામ નહીં કરી શકે તેમ કહ્યું. એ વાત ખરી છે કે દરેકની પર્સનાલિટી, આવડત, જ્ઞાન અને અનુભવ સરખા હોતા નથી. માણસ અનુભવથી ઘડાય છે. એ માટે તેને સમય આપવો જોઈએ અને બધી જ ખાતરી છતાં નેતૃત્વ પરિવર્તનમાં ૧૦૦% સફળતા મળે જ એવી કોઈ ખાતરી નથી હોતી. પરિવર્તન દાપુ માગે છે અને પીડા પણ આપે છે તે ભોગવવાની તૈયારી જોઈએ.

**સામાન્ય રીતે લોકો સત્તાના ઉપભોગવટામાં સાથીદાર સાંખી શકતા નથી. આ લોકો જ્યારે હયાત નહીં હોય ત્યારે સંસ્થાનું શું થશે તેની પરવા કરતા નથી.**

## પરિવર્તન અને પડકાર

આ બધું સમજયા વિચાર્યા પછી બહેરાંમૂંગાં શાળાનાં ટ્રસ્ટમાં મહત્ત્વનાં ફેરફાર કરીને નેતૃત્વમાં પરિવર્તનની શરૂઆત કરી. વર્ષ ૨૦૧૨ માં ટર્મ પૂરી થતાં અંતુભાઈ રાવળ પ્રમુખનાં હોદ્દા ઉપરથી ખસી ગયા અને ઉપપ્રમુખ શશીભાઈએ પ્રમુખપદની જગ્યા માટે દાવો જતો કર્યો અને સર્વ સંમતિથી ગિરીશભાઈ શાહને સંસ્થાના પ્રમુખ નિયુકત કર્યા. પછી મંત્રી, સહમંત્રી અને ટ્રેઝરરની જગ્યાઓ ઉપર અમિતભાઈ શાહ, મૃદુલાબહેન દેસાઈ, ધીરુભાઈ ધંધુકિયા, રાજેશભાઈ હકાણી, જીતુભાઈ શાહ અને અશ્વિનભાઈ પંડયા વગેરેની ઉત્તરોત્તર નિમણૂક થતી રહી. દરમ્યાન અંતુભાઈ રાવળનું નિધન થયું ને અમારી ત્રિપુટી તૂટી. હું અને મફતભાઈ સ્વમાનપૂર્વક ટ્રસ્ટમાં માર્ગદર્શકની ભૂમિકામાં અને શશીભાઈ વાધર ઉપપ્રમુખ રહ્યા.

બીજી સંસ્થાઓ કરતા બહેરાં મૂંગા શાળાનું ફલક ઘણું મોટું છે અને પડકારો ઘણા છે. એક સમયે ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠ કહેવાતી સંસ્થામાં કુસુમબહેને પ્રસ્થાપિત કરેલ આભાને ટકાવી રાખવાનું મુશ્કેલ થતું જાય છે. બીજી તરફ વર્ષોથી ખાલી પડેલી પ્રિન્સીપાલની જગ્યા પૂરવાની મંજૂરી સરકાર કયારે આપશે? તે દ્વિધા છે તો નવા વિકલાંગ એકટ પછી ઇન્કલ્યુઝિવનો જોરદાર પવન ફુંકાવા લાગ્યો છે તેમાં બહેરાંમૂંગાં શાળા જેવી સ્પેશિયલ સ્કૂલોએ ટકી રહેવા માટે પોતાની વિશિષ્ટ ક્ષમતા દર્શાવવી પડશે. દ્વિતીય હરોળની સંસ્થાની ટીમ તેમાં પાછી નહીં પડે તેવી મને શ્રદ્ધા છે.

**માણસ અનુભવથી ઘડાય છે એ માટે તેને સમય આપવો જોઈએ અને બધી જ ખાતરી છતાં નેતૃત્વ પરિવર્તનમાં ૧૦૦% ટકા સફળતા મળે જ એવી કોઈ ખાતરી નથી હોતી. પરિવર્તન દાપુ માગે છે અને પીડા પણ આપે છે તે ભોગવવાની તૈયારી જોઈએ.**




ગિરીશભાઈ શાહ



અમિત શાહ




મૃદુલાબહેન દેસાઈ




ધીરુભાઈ ધંધુકિયા



રાજેશ હકાણી



જીતુભાઈ શાહ



અશ્વિન પંડ્યા

**શ્રી ખી. લ. બહેરાંમૂંગાં શાળા ટ્રસ્ટ**
**૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૨**
**ફોન નં. :** (0278) 2420836, 2429326
**ઇ મેઇલ :** klinstitute.deaf@gmail.com